દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 79 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 April 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૪ એપ્રિલ ૨૦૨૬, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | વીક એન્ડ પૂર્તિ ૧૧ ૧૨ ૧૩ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# તૂટી પડેલા અમેરિકી વિમાનનો પાઈલટ ઈરાનમાં

## પાઈલટને શોધી આપનારને ઈરાન આપશે ઈનામઃ ઈરાને તેલ અને પાણીના પ્લાન્ટ પર હુમલા કર્યાઃ આઠ પુલ તહેરાનના 'હિટ લિસ્ટ' પર

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 13,599/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

દુબઈઃ અમેરિકાએ ઇરાનમાં ઘૂસેલા પોતાના યુદ્ધ વિમાનને તોડી પડાયું હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું.

અગાઉ, ઇરાન સરકારના ટેલિવિઝન સાથે સંકળાયેલી એક ચૅનલે શુક્રવારે દાવો કર્યો હતો કે નૈર્ઋત્ય ઇરાન પર દુશ્મનોના એક લડાયક વિમાનને તોડી પડાયું હતું, પરંતુ તેનો (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકી લશ્કરી વડાને પાણીચું

વૉશિંગ્ટનઃ અમેરિકાના સંરક્ષણ પ્રધાન પીટ હેગસેથે અમેરિકાના લશ્કરના ત્રણ ઉચ્ચ અધિકારીને બરતરફ કર્યા હતા. પેન્ટાગોને આ સંબંધમાં કોઇ કારણ જાહેર નહોતું કર્યું. અમેરિકાનું ઇરાન સાથે યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે લશ્કરના ઉચ્ચ અધિકારીઓને પાણીચું આપવાની જાહેરાતથી બધાને (જુઓ પાનું ૨) ▸▸

# પેટન્ટ દવા પર ટ્રમ્પે ૧૦૦ ટકા ટૅરિફ ઝીંકી

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પેટન્ટ કરાયેલી દવાની આયાત પર નવી ૧૦૦ ટકા ટૅરિફ નાખવાની જાહેરાત કરી હતી.

ટ્રમ્પના વહીવટીતંત્રના આ પગલાંનો હેતુ દવાની વિદેશી કંપનીઓ પર અમેરિકામાં જ ઔષધ બનાવવા દબાણ કરવાનો છે.

આમ છતાં, જિનેરિક દવાને હાલમાં આ નવા ટૅરિફ દરમાંથી બાકાત રખાઇ છે, પરંતુ ભવિષ્યમાં જિનેરિક ઔષધ બનાવતી કંપનીઓ પોતાનું ઉત્પાદન અમેરિકામાં શરૂ ન કરે, તો તેઓની સામે પણ આવી જ કાર્યવાહી થઇ શકે છે.

ભારત દ્વારા વિશ્વભરમાં જિનેરિક દવાની મોટા પાયે નિકાસ કરાય છે અને તેથી આવી ઔષધો બનાવતી ભારતીય કંપનીઓને નવી ટૅરિફની હાલમાં માઠી અસર નહિ થાય, પરંતુ ભવિષ્યમાં (જુઓ પાનું ૨) ▸▸

સ્પીતી વેલી
ફ્લાઇટ સાથે રૂ. 80,400/- pp, 11 દિ.
લેહ લદાખ
ફ્લાઇટ સાથે રૂ. 68,700/- pp, 7 દિ.
એપ્રિલ - સપ્ટેમ્બર ડેઇલી ડિપાર્ચર
• રાજસ્થાની મહારાજ કિચન સાથે
• બધાજ ભોજન • લક્સરીયસ ટુર
Pankaj Chheda 98695 59938
hazeltreksntours
www.hazeltnt.in
HAZEL Treks N Tours SINCE 2003
Khar West

SUMMER 2026 GUARANTEED GROUP DEPARTURES
પેકેજમાં સમાવિષ્ટ
એરફેર-સ્ટે-સાઇટ સીઈંગ-ટ્રાન્સફર -વિઝા
પ્યોર વેજ અને આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન
8N 9D GREECE ₹ 2,85,000* PP SOLD OUT
LIMITED SEAT 8N 9D SOUTH KOREA ₹ 2,80,000* PP
10N 11D SOUTH AFRICA ₹ 2,60,000* PP LIMITED SEAT
LIMITED SEAT 10N 11D BAKU & GEORGIA ₹ 1,95,000* PP
6N 7D VIETNAM ₹ 1,75,000* PP SOLD OUT
LIMITED SEAT 8N 9D BAKU ₹ 1,20,000* PP
CLASSIC HOLIDAYS
CLASSIC TRAVEL SHOPPE PVT. LTD.
022 40 888 888
+91 99309 44453
H.O.: Lower Parel (Branches-Borivali, Surat, Ahmedabad)

સોઢા પરિવાર દ્વારા સંચાલિત
અંજળ અને અવસર ®
નિઃશુલ્ક લગ્ન વિષયક માહિતી કેન્દ્ર
સમગ્ર ભારતના ૧૯૮૫ Onwards હાઈલી પ્રોફેશનલી ક્વોલિફાઈડ ગુજરાતી કુંવારા યુવક-યુવતીઓ માટે
અખિલ ભારત લગ્નોત્સુક યુવા પરિચય મિલન
તા. ૧૯-૪-૨૦૨૬ રવિવારના રોજ
સમય સવારે ૮.૩૦થી સાંજે ૬.૦૦
સ્થળઃ જલારામ હોલ, જુહુ સ્કીમ, વિલે પાર્લે વેસ્ટ, મુંબઈ
નોંધણીની અંતિમ તારીખઃ૧૩-૪-૨૦૨૬
આપ સૌના માનીતા અને જાણીતા લોકપ્રિય ડૉ. નિમિત ઓઝા, યુરોલોજીસ્ટ, લેખક અને પ્રખર વક્તા લગ્નોત્સુક યુવક યુવતીઓને માર્ગદર્શન આપશે.
સંસ્થાને આર્થિક યોગદાન માટે આભાર
• શ્રી યોગેશભાઈ ચંદારાણા (Utsav caterares)
• શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા (Choice Group-vashi)
• શ્રી જયેશભાઈ પારેખ (Vamas Fashion)
• શ્રી મનોજભાઈ લાખાણી (Alka Publiations)
સંસ્થાને સાથ માટે આભારઃ
• શ્રી સતીશભાઈ વીઠલાણીઃ માનનીય પ્રમુખ શ્રી લોહાણા મહાપરીષદ લગ્ન વિષયક બાબતોને અગ્રતાક્રમ આપવા બદ્દલ
• શ્રી સુરેશભાઈ મુછાળા (Mob : 93242 50850) સમદર્શન સેવા પરિવાર સાંતાક્રુઝ, પરિચય મિલનોમાં સાથ આપવા બદ્દલ
સંસ્થા સંપર્કઃ ઓફીસ : ૧૦૭-પ્રભાત રેસીડેન્સી, સાઉથ બ્લોક ૧૧મો રોડ, સાંતાક્રુઝ (ઈ), મુંબઈ ૪૦૦૦૫૫.
સંપર્ક સમયઃ સોમ થી શુક્ર, સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાક દરમિયાન જ (ટેલિફોનીક)
સંપર્ક : રજીસ્ટ્રેશન સમય સવારે ૧૦ થી ૫
• શ્રી જયેન્દ્ર સોઢા 91373 95298
• શ્રી અશોકભાઈ ઠક્કર 98690 33993 (અશોક બુક સેન્ટર)
• શ્રીમતી આશાબેન પંચમતીયા 99207 03327
સંચાલિકાઃ શ્રીમતી ગ્રીષ્મા રેલિયા ઠક્કર
યુવા પરિચય મિલન આયોજન
સંસ્થાના પ્રણેતા
પિતાશ્રી સ્વ. રતિલાલ સોઢા
માતુશ્રી સ્વ. કાંતાબેન સોઢા
સંસ્થા સંચાલક
C.A. શ્રી અંબરીશ રતિલાલ સોઢા
શ્રી જયેન્દ્ર રતિલાલ સોઢા
સંસ્થા પ્રેરણા સ્ત્રોત :
સ્વ. શ્રી વિનોદભાઈ ભીમજીયાણીના અંતરિક્ષ આષીશ સાથે
યુવા પરિચય મિલનની વિશેષ જરૂરી વિગતો
• આ "પરિચય મિલન" અમારા "અંજળ અને અવસર" સંસ્થામાં નોંધાયેલા કુંવારા સભ્યો તથા અન્ય લગ્નોત્સુક કુંવારા યુવક-યુવતીઓ પણ ભાગ લઈ શકે છે પરંતુ તેમણે પહેલાં સંસ્થામાં નિઃશુલ્ક સભ્યપદ અમારી વેબસાઈટ ઉપર www.anjalavsar.com નોંધાવવું ફરજિયાત છે. મીઠી જીભ તૂટેલ તેમજ સગાઈ મૂકેલ યુવક-યુવતીઓ પણ ભાગ લઈ શકે છે
• નોંધણી "વહેલો-તે-પહેલો" (૧૦૦ યુવકો અને ૧૦૦ યુવતીઓ)ના ધોરણે ઓનલાઈન જ કરવામાં આવશે. જેનો આખરી નિર્ણય "અંજળ અને અવસર" સંસ્થાનો રહેશે જે સૌને માટે બંધનકર્તા રહેશે.
• "પરિચય મિલન"માં ભાગ લેવા નોંધાયેલ ઉમેદવારોની પ્રત્યક્ષ ઉપસ્થિતિ અનિવાર્ય છે. તેમના માતા-પિતા કે વડીલોને બપોરના ૪.૩૦ વાગ્યા પછી જ પ્રવેશની પરવાનગી છે.
• દરેક ઉમેદવારે નોંધણી માટે રૂા. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પૂરા-નોન રિફંડેબલ) ઓનલાઈન બૅંક દ્વારા ભરવાના રહેશે.
• Saraswat Co.op. Bank Saving A/c. No. 410203100003202 IFSC Code: SRCB0000410 Beneficiary: Jayendra Sodha
• નોંધણી કરેલ ઉમેદવારોએ 9137395298 પર નામ અને profile id no સાથે payment સ્ક્રિનશોટ મોકલવાનો રહેશે, તથા વેબસાઈટમા Event માટે રજીસ્ટ્રેશન કરાવવુ જરૂરી છે.
• પરિચય મિલનમાં ઉમેદવારો માટે નાસ્તા-જમવાનું તથા હાઈ-ટી તથા માતા-પિતા અને વડીલો માટે હાઈ-ટીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
• વેલેટ પાર્કિંગની સગવડતા ઉપલબધ છે.



ROOPAM
SALE
The prices didn't just drop. They shattered.
LAST 2 DAYS PRICES FURTHER REDUCED
UPTO 50% OFF*
* Conditions apply
Readymades | Wedding Attire | Toys | Newborn Items | Woollens | Art & Craft | Crockery
Pet Products | Imitation Jewellery | Perfumes | Ladies Handbags | Ladies & Kids Footwear
Near Crawford Market, Opp. Police Commissioner's Office, Mumbai.
Tel: 22061794 • Cell: 9819 911 333 • www.roopam.com • roopamroopmilan




LAST DAY PRICES FURTHER REDUCED
UPTO 50% OFF*
Roop milan®
Experience our full range of Wedding Sarees, Bridal Ghagra Cholis, Suit Pieces, Readymade Churidars, Imitation Jewelleries, Accessory & Purses
MARINE LINES: Tel: 022-22005951 / 8104035525
DADAR WEST: Tel: 022-24370078 / 9820033363
www.roopmilan.com • roopamroopmilan
OPEN ALL DAYS
MENS WEAR ONLY AT MARINE LINES
SCAN QR CODE FOR DADAR | SCAN QR CODE FOR MARINE LINES
* Conditions apply

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કેજરીવાલની ચાપલૂસી કરી ત્યાં લગી ચઢ્ઢા ચાલ્યા

**અરવિંદ** કેજરીવાલની આમ આદમી પાર્ટી એએપીમાં પાછી યાદવાસ્થળી જામી છે અને કારણ રાઘવ ચઢ્ઢાની રાજ્યસભામાં ઉપનેતા પદેથી હકાલપટ્ટી છે. ૨૦૨૨માં પંજાબમાંથી રાજ્યસભામાં ચૂંટાયેલા ચઢ્ઢા ૨૦૨૩થી રાજ્યસભામાં આપના ડેપ્યુટી લીડર હતા પણ ગુરુવારે અચાનક જ આમ આદમી પાર્ટી દ્વારા તેમની હકાલપટ્ટી કરીને ચઢ્ઢાના સ્થાને પંજાબના જ સાંસદ અશોક મિત્તલને ડેપ્યુટી લીડર બનાવી દેવાયા હતા. આપ દ્વારા સત્તાવાર રીતે ચઢ્ઢાને હટાવવાનું કારણ અપાયું નથી પણ આપના રાષ્ટ્રીય પ્રવક્તા અનુરાગ ઢાંડાના કહેવા પ્રમાણે, રાઘવ ચઢ્ઢા રાજ્યસભામાં સામાન્ય લોકોના મુદ્દા ઉઠાવતા નહોતા ને નરેન્દ્ર મોદીથી ડરી ગયા હતા તેથી તેમને દૂર કરાયા છે. આમ આદમી પાર્ટીએ રાજ્યસભા સચિવાલયને પત્ર લખીને ચઢ્ઢાને રાજ્યસભામાં આમ આદમી પાર્ટી તરફથી બોલવાનો સમય ન આપવામાં આવે એવી જાણ પણ કરી છે.

ઢાંડાએ કટાક્ષ કર્યો છે કે, ચઢ્ઢા આમ આદમી પાર્ટીના મુદ્દા ઉઠાવવાને બદલે એરપોર્ટની કેન્ટિનમાં સમોસા સસ્તા કરાવવાની વાતો કરતા હતા અને રાજ્યસભામાં આમ આદમી પાર્ટી દ્વારા લાવવામાં આવેલા પ્રસ્તાવ પર સહી કરવાની પણ ના પાડી દીધી હતી. આપ હમણાં ગુજરાતની ભાજપ સરકાર દ્વારા આપના કાર્યકરોની ધરપકડ કરીને પજવણી કરવામાં આવતી હોવાના મુદ્દે દેકારો કરી રહ્યો છે. આપના કર્તાહર્તા અરવિંદ કેજરીવાલે ગુજરાતના મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલને આ અંગે પત્ર લખીને મળવાનો સમય માગ્યો છે. આપ રાષ્ટ્રીય સ્તરે પણ આ મુદ્દાને ચગાવીને ભાજપ આપખુદશાહી કરી રહ્યો હોવાના આક્ષેપો કરી રહ્યો છે. આ અંગે જ રાજ્યસભામાં ઠરાવ લવાયો હતો પણ ચઢ્ઢાએ તેના પર સહી ના કરી તેમાં તેમનું પત્તું કાપી નાંખાયું એવો ઢાંડાનો દાવો છે.

આપની કાર્યવાહી સામે રાઘવ ચઢ્ઢાએ પણ હુંકાર કર્યો છે કે, મને ચૂપ કરાવવામાં આવ્યો છે પણ હું હાર્યો નથી. આમ આદમીને મારો સ્પષ્ટ સંદેશ છે કે, મારો અવાજ ચૂપ કરાવનારાં સામે હું સુનામી બનીને પાછો આવીશ. રાઘવે પોતાનો અવાજ કોણે બંધ કરાવ્યો તેનો ફોડ પાડીને આપના કોઈ નેતાનું નામ નથી લીધું પણ તેનું ટાર્ગેટ અરવિંદ કેજરીવાલ છે એ કહેવાની જરૂર નથી. કેજરીવાલ આપના મુખિયા છે ને બધા નિર્ણયો કેજરીવાલ જ લે છે તેથી ચઢ્ઢાને હટાવવાનો નિર્ણય પણ કેજરીવાલે જ લીધો હોય એ સ્પષ્ટ છે.

ચઢ્ઢાએ સોશિયલ મીડિયા પર મૂકેલા વીડિયોમાં આડકતરી રીતે પોતે કેજરીવાલની મનમાનીનો ભોગ બની ગયો હોવાનો આક્ષેપ કરીને એવો દાવો પણ કર્યો છે કે, મેં પ્રજાના મુદ્દા ઉઠાવ્યા, તેનાથી તેના કારણે આમ આદમી પાર્ટી શું નુકસાન થયું? સામાન્ય રીતે નથી ઉઠાવાતા એવા મુદ્દા મેં રાજ્યસભામાં ઉઠાવ્યા પણ પ્રજાની સમસ્યાની વાત કરવી એ અપરાધ છે ? મેં કોઈ ભૂલ, અપરાધ કે કશું ખોટું કર્યું છે? ચઢ્ઢાના મતે પોતે એરપોર્ટ પર મળતા મોંઘા ભોજન, ઝોમેટો-બ્લિન્કિટના ડિલિવરી બોયની તકલીફો, ખાવાની ચીજોમાં મિલાવટ, ટોલ પ્લાઝા પર થતી લૂંટથી માંડીને બેંક ચાર્જના નામે લોકોને ખંખેરવાના ગોરખધંધા, મિડલ ક્લાસ પરના ઈન્કમટેક્સના બોજ, કન્ટેન્ટ ક્રીયેટર્સ સામે થતા કેસો, ટેલિકોમ કંપનીઓ દ્વારા કરાતી છેતરપિંડી સહિતના પ્રજાને સ્પર્શતા મુદ્દા ઉઠાવ્યા તેના કારણે દેશના આમ આદમીને તો ફાયદો થયો જ છે પણ આમ આદમી પાર્ટીને શું નુકસાન થયું એ મને ખબર નથી પડતી. અત્યારે મને ચૂપ કરાવવા, મને લોકોના મુદ્દા ઉઠાવતાં કેમ રોકવા માગે છે એ મને ખબર પડતી નથી. ચઢ્ઢા ભલે જાહેરમાં કાલા થતા હોય પણ તેમને કોણ રોકવા માગે છે ને કેમ રોકવા માગે છે તેની તેમને પણ ખબર છે ને લોકોને પણ ખબર છે. આમ આદમી પાર્ટી સામાન્ય લોકોની પાર્ટી હોવાનો દાવો કરે છે પણ આ પાર્ટી અરવિંદ કેજરીવાલની છે ને કેજરીવાલની બાપીકી પેઢી જેમ જ તેનો વહીવટ ચાલે છે. કેજરીવાલને જેની સાથે ફાવે ને કેજરીવાલની ચાપલૂસી કરે એ પાર્ટીમાં મોટા ભા બની જાય ને ના ફાવે તેમને બહારનો રસ્તો બતાવી દેખાય. ચઢ્ઢા ચાપૂલસી કરતા હતા ત્યાં લગી ચાલ્યા પણ જેવા કેજરીવાલથી આગળ નિકળવા માંડ્યા કે તરત તેમને કદ પ્રમાણે વેતરી દેવાયા છે.

રાઘવ ચઢ્ઢા પણ આમ આદમી પાર્ટીમાં કેજરીવાલની ચાપલૂસી કરીને જ આગળ આવેલા છે. અણ્ણા હઝારેએ જનલોકપાલ બિલ માટે આંદોલન કર્યું તેનો કેજરીવાલે ભરપૂર લાભ લીધેલો. હઝારેની નજીક પહોંચીને કેજરીવાલ રાષ્ટ્રીય સ્તરે જાણીતા બન્યા અને રાજકારણમાં એન્ટ્રીનો તખ્તો તૈયાર કરી દીધો. એ વખતે કેજરીવાલથી અત્યંત પ્રભાવિત યુવાઓમાં એક ચઢ્ઢા પણ હતા. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એવા ચઢ્ઢા સ્માર્ટ હતા, ફાંકડું અંગ્રેજી બોલતા ને ટીવી ચેનલો પરની ડીબેટમાં ચાલે તેમ હતા તેથી કેજરીવાલે તેમને પોતાની ટીમમાં લઈ લીધેલા. કેજરીવાલે આમ આદમી પાર્ટી સ્થાપી ત્યારે તેના પાયાના પથ્થરોમાં ચઢ્ઢા પણ હતા. કેજરીવાલે ૨૦૧૩માં દિલ્હી વિધાનસભાની ચૂંટણી વખતે દિલ્હીમાં લોકપાલની રચના કરવાનું વચન આપેલું. આ લોકપાલ બિલનો ડ્રાફ્ટ ચઢ્ઢાએ જ બનાવેલો. કેજરીવાલ ૨૦૨૫માં જંગી બહુમતીથી ચૂંટાઈને બીજી વાર દિલ્હીના મુખ્યમંત્રી બન્યા એ સાથે જ ચઢ્ઢાની તેજીના દિવસો શરૂ થયા. કેજરીવાલ ચઢ્ઢાને પાર્ટીમાં મહત્વનાં કામો સોંપતા ગયા ને ચીંધેલાં કામ પતાવીને ચઢ્ઢા કેજરીવાલના વિશ્વાસુ બની ગયા પછી ૨૦૨૨માં પંજાબમાંથી રાજ્યસભામાં મોકલ્યા હતા. વરસમાં તો કેજરીવાલે ચઢ્ઢાને રાજ્યસભામાં આપના ઉપનેતા બનાવી દીધેલા.

રાજ્યસભાના ઉપનેતા બનાવ્યા ત્યાં લગી ચઢ્ઢાનો કેજરીવાલ સાથે જોરદાર મનમેળ હતો પણ કેજરીવાલે કહેવાતા લિકર કૌભાંડમાં જેલવાસ પછી મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપીને આતિશીને મુખ્યમંત્રી બનાવ્યાં પછી સંબંધોમાં ખટાશ આવી ગઈ. કેજરીવાલ અને મનિષ સિસોદિયા પછી પોતે સૌથી મોટા નેતા હોવાનું ચઢ્ઢા માનતા હતા પણ કેજરીવાલે તેમને ગણકાર્યા નહીં. એ વખતે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે આપના એક પછી એક ઘણા ધુરંધરોને જેલમાં ધકેલી દીધેલા પણ ચઢ્ઢાને હાથ નહોતો લગાડ્યો. તેના કારણે કેજરીવાલને ચઢ્ઢાએ અંદરખાને ભાજપ સાથે સાંઠગાંઠ કરી લીધી હોવાની શંકા થઈ ગયેલી. અરવિંદ કેજરીવાલ જેલમાં ગયા ત્યારે ચઢ્ઢા યુકે જતા રહેલા તેના કારણે કેજરીવાલને શંકા થઈ હોવાનું કહેવાય છે. કારણ ગમે તે હોય પણ આ કડવાશ વધી ને ચઢ્ઢા આપથી અને ખાસ તો કેજરીવાલથી અંતર રાખીને ચાલવા માંડેલા. હમણાં લિકર કૌભાંડ કેસમાં કેજરીવાલ અને મનિષ સિસોદિયા નિર્દોષ છૂટ્યા ત્યારે પણ ચઢ્ઢા સાવ ચૂપ રહેલા અને એક શબ્દ પણ કહ્યો ન હતો તેના કારણે કેજરીવાલ વધારે દુભાઈ ગયા.ચઢ્ઢાએ પોતે આપ છોડશે એવું કહ્યું નથી પણ એ ભાજપમાં જોડાઈ જશે એવી વાતો લાંબા સમયથી ચાલે છે. ચઢ્ઢા બહુ મોટા નેતા નથી કે તેમનો એવો જોરદાર જનાધાર નથી. ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન એ હિસાબે નવીસવી બનેલી આપમાં એ છવાઈ ગયેલા પણ ભાજપ પાસે ચઢ્ઢા જેવા નેતાઓની ફોજ છે તેથી ભાજપને ચઢ્ઢાનો કોઈ ખપ નથી પણ પારકે ભાણે લાડુ મોટો દેખાય એ હિસાબે ભાજપને બીજી પાર્ટીને નેતા મોટા લાગે છે તેથી ચઢ્ઢાને લાલ જાજમ પાછરીને લઈ લે એ શક્ય છે.■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, શનિવાર, તા. ૪-૪-૨૦૨૬, ઈસ્ટર સેટરડે, ભદ્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૪, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર વદ -૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર સ્વાતિ રાત્રે ક. ૨૧-૩૫ સુધી, પછી વિશાખા
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૧, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૩-૩૦, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૧૯ (તા. ૫)
- ઓટઃ સવારે ક. ૦૭-૦૧, રાત્રે ક. ૧૯-૨૫.
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - દ્વિતીયા. ઈસ્ટર સેટરડે, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૩-૦૦
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, વાયુદેવતાનું પૂજન, રાહુ દેવતાનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, સર્વશાંતિ પૂજા, મહેંદી લગાવવી, માલ લેવો, રત્નધારણ, બી વાવવું, પશુ લે-વેંચ, વૃક્ષ રોપવા, ઉપવાટિકા બનાવવી, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ પ્રવાસનો શોખ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ સહોદરોના શોખ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ (તા. ૫)
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-મીન, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## પશ્ચિમ એશિયાની કટોકટીઃ ઈન્ડક્શન હીટરનું ઉત્પાદન વધારવા વિચારણા

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયાની કટોકટીને પગલે એલપીજીની ઉપલબ્ધતા અંગે ચિંતા વધી હોવા વચ્ચે ઈન્ડક્શન હીટર અને તેને સુસંગત અન્ય ઉપકરણોની વધેલી માગને ધ્યાનમાં રાખીને આ સાધનોનું ઉત્પાદન વધારવા કંપનીઓને પ્રોત્સાહન આપવા સંબંધિત પગલાઓ અંગે ચર્ચા કરવા સરકારે શુક્રવારે બેઠક યોજી હતી. પશ્ચિમ એશિયાની કટોકટીએ હોર્મુઝ સામુદ્રધુનીમાંથી તેલ અને ગૅસ લઈને આવતા જહાજોની અવરજવર આડે અવરોધ ઊભો કર્યો છે અને તેને કારણે રાંધણ ગૅસના પુરવઠાની ચિંતાએ લોકોને ઈન્ડક્શન હીટર અને અન્ય ઉપકરણોની ખરીદી તરફ વાળ્યા છે. વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલના વડપણ હેઠળ મળેલી આ બેઠકમાં ઊર્જા સચિવ પંકજ અગ્રવાલ, ડિરેક્ટર જનરલ ઑફ ફૉરેન ટ્રેડ (ડીજીએફટી) લવ અગ્રવાલ અને ડિપાર્ટમેન્ટ ફૉર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રીઝ ઍન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી)ના સેક્રેટરી અમરદીપ સિંહ ભાટીયાએ હાજરી આપી હતી. ઈન્ડક્શન હી+ટર અને તેને સુસંગત અન્ય ઉપકરણોનું ઉત્પાદન કઈ રીતે વધારી શકાય એ અંગે બેઠકમાં અમે ચર્ચા કરી હતી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## મૂળ પાટણના અમેરિકી જજ અમિત મહેતાના ટ્રમ્પ, ગૂગલ સામેના ચુકાદા ચર્ચાસ્પદ બન્યા

વૉશિંગ્ટનઃ ગુજરાતના પાટણમાં જન્મેલા અમેરિકાના ન્યાયાધીશ અમિત મહેતાએ અમેરિકાના હાલના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને પ્રમુખ તરીકેની ઇમ્યૂનિટી (કાયદેસર કાર્યવાહી કે સજામાંથી માફી) નહિ આપતા અને ગૂગલે ઍન્ટિ-ટ્રસ્ટ લૉઝનો ભંગ કર્યો હોવાનું કહેતા આપેલા ચુકાદા ચર્ચાસ્પદ બન્યા છે.

જજ અમિત મહેતાએ ટ્રમ્પ-વિરોધી ચુકાદામાં જણાવ્યું હતું કે ટ્રમ્પના ૨૦૨૧માંના પ્રવચન બાદ અમેરિકાના કૅપિટલ (સંસદ - કૉંગ્રેસ) ખાતે ૨૦૨૧ની છ જાન્યુઆરીએ હિંસા ભડકી હતી અને તે કિસ્સામાં ટ્રમ્પને દેશના પ્રમુખ તરીકે કાયદેસર કાર્યવાહી કે સજામાંથી માફી (ઇમ્યૂનિટી) મળી ન શકે. જજ મહેતાએ ગૂગલ-વિરોધી આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે ગૂગલે ઑનલાઇન સર્ચમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે ઍન્ટિ-ટ્રસ્ટ લૉઝનો ભંગ કર્યો હતો.

ગુજરાતના પાટણ ખાતે ૧૯૭૧માં જન્મેલા અમિત મહેતાની ૨૦૧૪માં તે વખતના પ્રમુખ બરાક ઓબામાએ કૉલમ્બિયા ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજ તરીકે નિમણૂક કરી હતી.

અમિત મહેતા એક વર્ષના હતા ત્યારે અમેરિકા આવ્યા હતા અને ૧૯૯૩માં જ્યોર્જટાઉન યુનિવર્સિટી ખાતેથી પૉલિટિકલ સાયન્સ અને ઇકૉનૉમિક્સ (અર્થશાસ્ત્ર)માં બીએ કર્યું હતું તેમ જ ૧૯૯૭માં વર્જિનિયા યુનિવર્સિટીની લૉ સ્કૂલ ખાતેથી જૂરિસ ડૉક્ટર થયા હતા. બાદમાં સેન ફ્રાન્સિસ્કોમાંની લૉ ફર્મમાં કામ કર્યું હતું. તે પછી નાઇન્થ સર્કિટ માટેની યુનાઇટેડ સ્ટેટ્સ કોર્ટ ઑફ અપીલ્સ અને વૉશિંગ્ટન, ડીસીની લૉ ફર્મમાં પણ કામ કર્યું હતું.

અમિત મહેતાએ કૉલમ્બિયા ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજ તરીકે ૨૦૨૨માં ટ્રમ્પ સામેના ત્રણ કેસમાં તેમની વિરુદ્ધ ચુકાદા આપ્યા હતા. (એજન્સી)

## 'સમોસા-રાજકારણ' બંધ કરી નક્કર મુદ્દો સંસદમાં ઉઠાવોઃ રાઘવ ચઢ્ઢાને આપની ફટકાર

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટી (આપ) એ રાઘવ ચઢ્ઢાને બદલે અશોક મિત્તલને રાજ્યસભા મોકલવાનો નિર્ણય જાહેર કર્યો હતો, જેને કારણે પાર્ટીમાં આંતરિક વિખવાદની અટકળો શરૂ થઈ ગઈ છે. રાઘવ ચઢ્ઢાને સોશ્યલ મીડિયા પર એક વિડીયો શેર કરીને પાર્ટીના નિર્ણય સામે સખત નારાજગી વ્યક્ત કરી છે, જેના જવાબમાં અઅડના અગ્રણી નેતા સૌરભ ભારદ્વાજે રાઘવ ચઢ્ઢા પર સંસદમાં સોફ્ટ પીઆર કરતા હોવાનો આરોપ લગાવ્યો છે.

સોશ્યલ મીડિયા પર એક વિડીયો શેર કરીને સૌરભ ભારદ્વાજે રાઘવ ચઢ્ઢાને સલાહ આપી કે તેમણે સંસદમાં મળતા મર્યાદિત સમયનો ઉપયોગ સોફ્ટ પીઆર કરવા અને સમોસા વિશે વાત કરવા ન કરવો જોઈએ, તેના બદલે અન્ય મોટી સમસ્યાઓ બાબતે ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારને ઘેરવી જોઈએ.

સૌરભ ભારદ્વાજે રાઘવ ચઢ્ઢાને પૂછ્યું કે તેઓ રાજ્યના મુદ્દાઓ ઉઠાવવાથી કેમ ડરી રહ્યા છે? તેના બદલે રાજ્યસભામાં સમોસા વિશે વાત કરી રહ્યા છે.

સૌરભ ભારદ્વાજે કહ્યું, રાઘવ ભાઈ, મેં હમણાં જ તમારો વીડિયો જોયો. આપણે બધા અરવિંદ કેજરીવાલજીના સૈનિકો છીએ. આપણે એક જ વાત શીખ્યા છીએ, જે ડરી જાય છે તે મારી જાય છે. આપણું કામ લોકોના મુદ્દાઓ ઉઠાવવાનું અને સરકારની આંખોમાં આંખ નાખીને સવાલ ઉઠાવવાનું છે.

સૌરભ ભારદ્વાજે કહ્યું કે છેલ્લા કેટલાક દિવસોમાં, એવું જોવા મળ્યું છે કે જે કોઈ પણ સરકાર સામે ગંભીર મુદ્દાઓ ઉઠાવે છે, લોકોના મુદ્દાઓ અંગે બોલે છે, તેમની સાથે દુશ્મન જેવો વ્યવહાર કરવામાં આવે છે. જયારે સરકર સોફ્ટ પીઆર મુદ્દાઓ અંગે તસ્દી લેતી નથી. નાના પક્ષોને સંસદમાં બોલવા માટે ખૂબ જ મર્યાદિત સમય મળે છે, આ સમયનો ઉપયોગ નાની બાબતોને બદલે મહત્વપૂર્ણ રાષ્ટ્રીય મુદ્દાઓ ઉઠાવવા માટે થવો જોઈએ. સૌરભ ભારદ્વાજે રાઘવ ચઢ્ઢાને પૂછ્યું, તમે પંજાબનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છો, તમારે પંજાબના મુદ્દાઓ ઉઠાવવા જ જોઈએ. તમે કેમ ડરી રહ્યા છો?

## પીઓકે જલદી જ ભારત સાથે જોડાઈ જશેઃ ઉમર અહમદ ઈલ્યાસી

શ્રીનગરઃ ઑલ ઈન્ડિયા ઈમામ ઑર્ગેનાઈઝેશનના વડા ઉમર અહમદ ઈલ્યાસીએ શુક્રવારે કહ્યું હતું કે પાકિસ્તાનના કબજા હેઠળનું કાશ્મીર (પીઓકે) જલદી જ ભારત સાથે જોડાઈ જશે.

પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે પડોશી દેશને હું કહેવા માગું છું કે પીઓકે જે ભારતનો આંતરિક હિસ્સો છે તે જલદી જ ફરી ભારત સાથે જોડાઈ જશે કેમ કે પીઓકેના લોકો અહીં જનમત ઈચ્છે છે.

તેમણે દાવો કર્યો હતો કે જમ્મુ-કાશ્મીરના વિકાસ અને સમૃદ્ધિને જોઈને પીઓકેના રહેવાસીઓ ભારત સાથે જોડાવા ઉત્સુક બન્યા છે.

ઈશ્વરની ઈચ્છા હશે તો પીઓકેવાસીઓની ઘરવાપસી જલદી જ થશે કેમ કે ત્યાંના રહેવાસીઓ જ એમ ઈચ્છે છે, એમ તેમણે કહ્યું હતું.

કાશ્મીરનો વિકાસ અને તેની પ્રગતિને જોઈ તેઓ ખુશ થઈ રહ્યા છે એટલે જ પીઓકે જલદી જ ભારત સાથે જોડાઈ જશે, એમ તેમણે કહ્યું હતું.

બંધારણની કલમ ૩૭૦ રદ કર્યા બાદ કાશ્મીરમાં જોવા મળી રહેલા વિકાસ અને પ્રગતિથી હું ખુશ છું, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## પુડુચેરીમાં પીએમનો ભવ્ય રોડ શો

પુડુચેરીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે પુડુચેરીમાં ભવ્ય રોડ શો કર્યો હતો અને નવ એપ્રિલે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં એઆઈએનઆરસી-ભાજપના જોડાણને વિજય અપાવવાની અપીલ કરી હતી.

એઆઈએનઆરસીના સ્થાપક અને મુખ્ય પ્રધાન એન રંગાસામી અને ભાજપના નેતા અને ગૃહ પ્રધાન એ નામાસિવાયમ સાથે મોદીએ અજન્ટા સિગ્નલ પૉઈન્ટ અને કામરાજાર સ્ટેચ્યૂ-રાજા થિયેટર સિગ્નલ વચ્ચે રોડ શૉ કર્યો હતો. રોડ શૉ અંદાજે બે કલાક ચાલ્યો હતો.

'ભારત માતા કી જય અને જય શ્રી રામ'ના સૂત્રોચ્ચાર સાથે ભાજપના કાર્યકર્તાઓએ મોદીનું સ્વાગત કર્યું હતું.

રોડ શૉ દરમિયાન મોદીએ લોકોનું અભિવાદન કર્યું હતું અને લોકોએ પણ મોદી પર તેમ જ તેમનાં પ્રચાર વાહન પર પુષ્પો વરસાવ્યાં હતાં.

શહેરના તમામ રસ્તાઓ પર ભાજપ-એઆઈએનઆરના ધ્વજ લહેરાવવામાં આવ્યા હતા.

મોદીની સુરક્ષા માટે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

સાંસ્કૃતિક અને પરંપરાગત નૃત્યના કાર્યક્રમે મોદીના રોડ શૉને ચાર ચાંદ લગાડી દીધા હતા. (એજન્સી)

**એલપીજી-અફવા**

## કેન્દ્રની કડકાઇ, રાજ્યોને નિયમિત માહિતી આપવા આદેશ

નવી દિલ્હીઃ મિડલ-ઈસ્ટમાં સતત ચાલી રહેલા યુદ્ધના લીધે ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં ઊર્જા સંકટ ઊભું થયું છે. ભારતમાં એલપીજી ગેસ સિલિન્ડરના પુરવઠા મુદ્દે અનેક અફવાઓ પણ ફેલાઇ રહી છે. આને લઇને કેન્દ્ર સરકાર ચિંતિત બની છે. તેવા સમયે આ અફવાઓને ખાળવા માટે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય તમામ રાજ્યોને નિયમિત પ્રેસ બ્રીફિંગ કરવા સૂચના આપી છે. જેના લીધે લોકોમાં પુરવઠાને લઇને ચાલતી અફવાઓનું ખંડન કરી શકાય.

આ અંગે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે કહ્યું કે માત્ર ૧૭ રાજ્ય નિયમિત પ્રેસ બ્રીફિંગ કરી રહ્યાં છે. જે દેશમાં ફેલાઈ રહેલી અફવાઓને ખાળવા માટે અપૂરતું છે. તેમ જ રાજ્યોએ એલપીજી પુરવઠા અંગે માહિતી માધ્યમો દ્વારા લોકો સુધી પહોંચાડવી જોઇએ. પેટ્રોલિયમ સેક્રેટરી નીરજ મિત્તલે રાજ્યને લખેલા પત્ર જણાવવામાં આવ્યું છે કે અમુક વિસ્તારોમાં હજુ પણ અફવાઓ અને ખોટી માહિતી ફેલાઈ રહી છે, જેના કારણે લોકોમાં બિનજરૂરી ભય ફેલાયો છે અને ઘણી જ્ગ્યાએ ગભરાટ ફેલાયો છે. મંત્રાલયે રાજ્યોને અપીલ કરી છે કે તેઓ પરિસ્થિતિ સામાન્ય રહે તે સુનિશ્ચિત કરવા માટે તેમના સંચાર વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવે. દેશમાં હાલમાં ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, બિહાર, ગુજરાત, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, કેરળ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, મેઘાલય, નાગાલેન્ડ, ઓડિશા, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ નિયમીત પ્રેસ બ્રીફિંગ કરે છે. કેન્દ્રએ બાકીના રાજ્યોને તાત્કાલિક નિયમિત પ્રેસ બ્રીફિંગ કરવા વિનંતી કરી છે.

## ન્યાયાધીશોના ઘેરાવ માટે અમે નથી દોષીઃ મમતા

હરિરામપુરઃ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ માલદા જિલ્લામાં ન્યાયાધીશોનો ઘેરાવ કરવા માટે શુક્રવારે એઆઇએમઆઇએમ અને આઇએસએફને દોષી ઠેરવ્યા હતા. તેમજ કોંગ્રેસ અને ભાજપ પર તેમને ઉશ્કેરવાનો આરોપ લગાવ્યો હતો.

મમતા બેનરજીના જણાવ્યા અનુસાર બુધવારે માલદા જિલ્લાના મોથાબારીમાં ન્યાયાધીશોને કેટલાક કલાકો સુધી ઘેરી રાખવાનું ષડ્યંત્ર રચનારા મુખ્ય આરોપીની રાજ્યની સીઆઇડીએ ધરપકડ કરી છે. તેમણે દાવો કર્યો કે આ પોલીસ સંગઠન હજુ પણ તેના નિયંત્રણમાં છે, ચૂંટણી પંચના નહીં.

દક્ષિણ દિનાજપુર જિલ્લાના હરિરામપુર ખાતે એક ચૂંટણી રેલીને સંબોધતા તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ તેને(આરોપીને) એઆઇએમઆઇએમ પાસેથી અહીં લઇ આવી હતી. તૃણમૂલ કોંગ્રેસના વડાએ આરોપ લગાવ્યો કે ઇન્ડિયન સેક્યુલર ફ્રન્ટ(આઇએસએફ) તેમની સાથે છે. કોંગ્રેસ અને ભાજપે પણ ઉશ્કેરવાનું કામ કર્યું છે. તેમણે કહ્યું કે સીઆઇડીએ મુખ્ય આરોપી અને એડવોકેટ મોફક્કરુલ ઇસ્લામની બાગડોગરા એરપોર્ટ પરથી ભાગવાનો પ્રયાસ કરતી વખતે ધરપકડ કરી હતી.

બેનરજીએ કહ્યું કે આ લોકોએ માલદાના મોથાબારીમાં હિંસાનું કાવતરું ઘડ્યું હતું. પશ્ચિમ બંગાળમાં ચૂંટણી ટાણે અશાંતિ ફેલાવવા માટે ગુંડાઓને બહારથી લાવવામાં આવ્યા હોવાનો આરોપ લગાવતા બેનરજીએ કહ્યું કે તેઓ ન્યાયાધીશોને પણ છોડતા નથી.

પહેલા પાનાનું ચાલુ

### તૂટી પડેલા

પાઇલટ તેમાંથી નીકળીને કૂદી ગયો હતો.

ઇરાન સાથે ચાલતું યુદ્ધ આ ઘટનાને લીધે લંબાઇ શકે છે.

ઇરાનની ચૅનલના ઍન્કરે વિમાન જ્યાં તોડી પડાયું હતું, ત્યાંના રહેવાસીઓને દુશ્મન પાઇલટને પકડીને પોલીસને સોંપવાની અને આવું કરનારી વ્યક્તિને ઇનામ આપવાની ઑફર કરી હતી.

અમેરિકાનું યુદ્ધ વિમાન જે વિસ્તારમાં તોડી પડાયું હતું, તે ગ્રામીણ અને પર્વત પર આવેલો વિસ્તાર છે.

અગાઉ, એક ટીવી ચૅનલે જનતાને દુશ્મન પાઇલટ દેખાય, તો તેને ગોળી મારવાની અપીલ કરી હતી.

ચૅનલ પર વિમાનનો કાટમાળ પણ દેખાડવામાં આવ્યો હતો. ઇરાને અગાઉ પણ અમેરિકાના અમુક વિમાનો તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો હતો.

ઇરાને અખાતના દેશોમાંની તેલની રિફાઇનરીઓ અને દરિયાનું પાણી પીવાલાયક બનાવવા માટેના પ્લાન્ટ પર હુમલા કર્યા હતા. તહેરાને અખાતના દેશોમાંના આઠ મોટા પુલને ઉડાવી દેવાની ધમકી આપી હતી. બીજી બાજુ, અમેરિકા અને ઇઝરાયલે પણ ઇરાન પર વ્યાપક હુમલા કર્યા હતા.ઇરાને કુવૈતની તેલની મીના અલ-અહમદી રિફાઇનરી પર કરેલા હુમલાને લીધે ત્યાં આગ લાગી હતી.

ઇરાને કુવૈતમાં દરિયાનું પાણી પીવાલાયક બનાવતા પ્લાન્ટ પર પણ મોટો હુમલો કર્યો હતો. આ પ્લાન્ટમાંથી અખાતના અનેક દેશને પીવાનું પાણી પહોંચાડાય છે.

બાહરીનમાં ઇરાને કરેલા હુમલાને લીધે અવારનવાર ચેતવણી આપતી સાઇરન વાગતી હતી.

સઉદી અરેબિયાએ ઇરાનના અનેક ડ્રોન તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો હતો.

સંયુક્ત આરબ અમીરાત (યુએઇ)ના ગૅસ ફિલ્ડ પર એક મિસાઇલનો કાટમાળ પડતા ત્યાં આગ લાગી હતી.

ઇરાનના તહેરાનની આસપાસ અને મધ્યમાં આવેલા શહેર ઇસફાહાન પર હુમલા થયા હતા.

દરમિયાન, ઇરાનના ભૂતપૂર્વ વિદેશ પ્રધાન મોહમ્મદ જાવેદ ઝારીફે યુદ્ધનો અંત લાવવા કેટલીક શરત સાથેની દરખાસ્ત રજૂ કરી હતી, પરંતુ તે અંગે કોઇ પણ દેશ આગળ વધે એવી શક્યતા નથી જણાતી. (એજન્સી)

### અમેરિકી લશ્કરી

આશ્ચર્ય થયું છે.

પેન્ટાગોનના અગ્રણી પ્રવક્તા સેન પાર્નેલે જણાવ્યું હતું કે જનરલ રેન્ડી જ્યોર્જને અમેરિકાના આર્મી સ્ટાફના ૪૧મા વડાપદેથી નિવૃત્ત થવા કહેવાયું છે.

જનરલ રેન્ડી જ્યોર્જ અગાઉના બાઇડનના વહીવટીતંત્ર વખતે ૨૦૨૩ના ઑગસ્ટમાં અમેરિકાના આર્મી સ્ટાફના ૪૧મા વડા બન્યા હતા અને ત્યારથી આ હોદ્દા પર હતા.

પીટ હેગસેથ ગયા વર્ષે અમેરિકાના સંરક્ષણ પ્રધાન બન્યા તે પછી તેમણે અત્યાર સુધીમાં અમેરિકાના લશ્કરના અંદાજે એક ડઝન અગ્રણી જનરલ અને એડમિરલને બરતરફ કર્યા હતા.

અમેરિકા અને ઇઝરાયલે સાથે મળીને ઇરાન પર હુમલા શરૂ કર્યા તેના અંદાજે પાંચ અઠવાડિયાં બાદ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આ યુદ્ધ હજી લાંબું ચાલે એવી શક્યતા વ્યક્ત કરી છે, તેવા સમયે અમેરિકાના આર્મી સ્ટાફના ૪૧મા વડા રેન્ડી જ્યોર્જને કોઇ પણ કારણ આપ્યા વિના બરતરફ કરાયા છે.

અમેરિકાના સંરક્ષણ પ્રધાન પીટ હેગસેથે લશ્કરના જનરલ ડેવિડ હોડને અને મેજર જનરલ વિલિયમ ગ્રીનને પણ કોઇ પણ કારણ વિના બરતરફ કર્યા હતા.

જનરલ ક્રિસ્ટોફર લાનેવે અમેરિકાના લશ્કરના સ્ટાફના કાર્યવાહક વડાનો હોદ્દો સંભાળશે. (એજન્સી)

### પેટન્ટ દવા

તેઓ પર પર તવાઇ આવી શકે છે.

વાઇટ હાઉસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ભારત દ્વારા દવાની અમેરિકા ખાતે કરાતી નિકાસમાં જિનેરિક ઔષધનું પ્રમાણ વધુ છે. જિનેરિક દવાને હાલમાં નવા ટૅરિફ દરમાંથી બાકાત રખાઇ છે, પરંતુ અમેરિકાનું વાણિજ્ય મંત્રાલય ભવિષ્યમાં સમીક્ષા કરીને આવી જિનેરિક દવાનું અમેરિકામાં જ ઉત્પાદન કરવા વિદેશી કંપનીઓને ફરજ પાડી શકે છે.

અગાઉ, અમેરિકાની સર્વોચ્ચ અદાલતે ટ્રમ્પ દ્વારા વિવિધ દેશમાંથી આયાત કરાતા માલસામાન પર લાદેલી ટૅરિફ ગેરકાયદે જાહેર કરી હતી.

ભારત દ્વારા અમેરિકા ખાતે નિકાસ કરાતી દવામાંની અંદાજે ૯૦ ટકા દવા જિનેરિક હોવાથી નવી ટૅરિફની માઠી અસર ભારતની દવાની કંપનીઓને હાલમાં નહિ પડે, પરંતુ તેઓને લાંબા-ગાળે માઠી અસર થઇ શકે છે.ટ્રમ્પના વહીવટીતંત્રે પેટન્ટ કરાયેલી દવા અને ઍક્ટિવ ફાર્માસ્યૂટિકલ ઇન્ગ્રેડિયન્ટ્સ પર લાદેલી નવી ટૅરિફની માઠી અસર વૈશ્વિક સપ્લાઇ ચૅન પર થશે. ભારતીય કંપનીઓ હાલમાં દવાની વૈશ્વિક સપ્લાઇ ચૅનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. (એજન્સી)

**મુંબઈ સમાચાર**

જો 'મુંબઈ સમાચાર' ન મળતું હોય કે 'મુંબઈ સમાચાર'ને સબ્સ્ક્રાઇબ કરવું હોય તો... કૃપા કરીને અમારા સર્ક્યુલેશન વિભાગ સાથે સંપર્ક કરોઃ લૅન્ડલાઈનઃ 022 22045531/33, Ext. 22. મોબાઈલઃ +91 7045430579.

અમે આપના સહકારના આભારી છીએ અને દરરોજ આપની સાથે રહેવા માટે પ્રતિબદ્ધ છીએ

In case of non-delivery of Mumbai Samachar or to subscribe Mumbai Samachar please contact our Circulation Department: Landline: 022 22045531/33, Ext. 22. Mobile: +91 7045430579. We value your readership and are committed to your daily connection.


# મીઠી નદીના સફાઈકામમાં પ્લાનિંગનો અભાવઃ વિરોધપક્ષની ટીકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મીઠી નદીની સફાઈ માટે કૉન્ટ્રેક્ટર નહીં મળવાને કારણે પહેલાથી મોડેથી શરૂ થયેલું કામ આયોજન વગર કરવામાં આવી રહ્યું હોવાની ટીકા પાલિકાના વિરોધપક્ષે કરી છે. મીઠી નદીનો ગાળ કાઢવાનું કામ ચોમાસાના આગમન પહેલા નહીં થયું તો મુંબઈ ફરી જળબંબાકાર થવાની શક્યતાને લઈને વિરોધપક્ષે ભાજપ-શિંદેસેના કારભાર સામે અને પ્રશાસન સામે નારાજગી પણ વ્યક્ત કરી હતી.

મુંબઈમાં સામાન્ય રીતે માર્ચ મહિનામાં નાળાઓની અને મીઠી નદીની સફાઈનું કામ શરૂ થઈ જતું હોય છે પણ આ વખતે કૉન્ટ્રેક્ટર નહીં મળતા માર્ચનું પહેલું પખવાડિયું વીતી ગયા બાદ નાળાઓની સફાઈનું અને મીઠી નદીનો ગાળ કાઢવાનું કામ છેલ્લા માર્ચના છેલ્લા દિવસે શરૂ કરવામાં આવ્યું છે. ગુરુવારે પાલિકાના વિરોધપક્ષ નેતા અને ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકરે મીઠી નદીનો ગાળ કાઢવાનું અને નાળાની સફાઈના કામની મુલાકાત લીધી હતી એ દરમ્યાન તેમણે પ્રશાસનને સવાલ કર્યો હતો કે મીઠીનો ગાળ કાઢવાના કામમાં પહેલાથી વિલંબ થયો હોઈ ડેડલાઈનને પહોંચી વળવા માટે સમય કેવી રીતે કવર કરશો?

મીઠી નદીનો ગાળ કાઢવાનું કામ આ વખતે રખડી પડયું છે. મીઠી નદીનો ગાળ કાઢવા માટે ગયા વર્ષે નીમેલા કૉન્ટ્રેક્ટર પર ગુનો દાખલ થયા બાદ અમુક કૉન્ટ્રેક્ટર જેલમાં ગયા હતા, તેમની તપાસ ચાલી રહી હોવાથી મીઠીની સફાઈ કરનારા કૉન્ટ્રેક્ટરોએ કામ અડધેથી છોડી દીધું હતું.

તેથી પાલિકાએ ૨૮ ફેબ્રુઆરીએ મીઠીનો ગાળ કાઢવા માટ ટેન્ડર કાઢયા હતા. જોકે મીઠી નદીનો ગાળ કાઢવા માટે કોઈ કૉન્ટ્રેક્ટર આગળ આવતો નહોતો. ટેન્ડરને બે વખત મુદત વધારી આપ્યા બાદ કૉન્ટ્રક્ટર મળ્યો હોઈ મીઠી નદીની સફાઈનું કામ સોમવાર ૩૦ માર્ચથી શરૂ થયું છે.

વિરોધીપક્ષ નેતા કિશોરી પેડણેકરે ગુરવારે સવારે મુલાકાત લીધી હતી. એ બાદ તેમણે કહ્યું હતું કે શિવસેના (યુબીટી)સત્તામાં હતી ત્યારે મીઠીનો ગાળ કાઢવાનું કામ જલદી શરૂ થતું હતું. મશીનો પણ પહેલાથી લાવવામાં આવતા હતા પણ આ વખતે ૧૨થી ૧૫ દિવસ કામ મોડું શરૂ થયું છે. તોસમસર કામ કેવી રીતે પૂર્ણ થશે ?

ગાળ કાઢયા બાદ તેને સુકાવવામાં ૪૮ કલાકથી વધુ સમય જતો હોય છે . હાલ કમોસમી વરસાદની શકયતા વચ્ચે જો વરસાદ પડયો તો તેવી પરિસ્થિતિમાં નદીમાંથી બહાર કાઢેલો ગાળ ફરી અંદર વહી જવાની શકયતા પણ તેમણે વ્યક્ત કરી હતી. ■


ધૌતી યોગ®

પાવડર અને ગોળીઓ

પેટ સાફ ન થવું, કબજિયાત, ગેસ, એસિડિટી, મસા (પાઇલ્સ) વગેરે સમસ્યાઓમાં અસરકારક !

આજે જ રાત્રે લો, સવારે OK!

ડૉ. અભિજીત 9422011723


# લાલબાગમાં અતિક્રમણ સામે પાલિકા એક્શન મોડમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પરેલ-લાલબાગમાં રસ્તા પર તથા ગલીઓમાં અતિક્રમણ કરનારા સામે પાલિકાના એફ-દક્ષિણ વોર્ડ દ્વારા સતત બે દિવસ સુધી કાર્યવાહી કરવામાં આવી હતી.

એફ-દક્ષિણ વોર્ડના મેનટેન્સ ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ લાલબાગમાં ચિવડા ગલી અને મિર્ચી ગલીમાં રસ્તા પર અતિક્રમણ કરવામાં આવી રહ્યું હોવાનું ફરિયાદ આવી હતી, જેમાં મુખ્યત્વે મિર્ચી ગલીમાં દુકાનની



બહાર રસ્તાઓ પર મોટા પ્રમાણમાં મરચાઓ સૂકાવવામાં આવી રહ્યા હોવાની ફરિયાદ આવી હતી, તેને કારણે રસ્તા પર લોકોને ચાલવામાં અગવડ પડી રહી હતી.

તેથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગુરુવાદ બાદ શુક્રવાર એમ સતત બે દિવસ ચિવડા તથા મિર્ચી ગલીમાં કાર્યવાહી કરીને અતિક્રમણ હટાવીને રસ્તા ખુલ્લા કરવામાં આવ્યા હતા. જપ્ત કરવામાં આવેલા માલ-સામાનને ગોદામમાં જમા કરવામાં આવ્યો હતો. ■

# મહિલા ડૉક્ટરની આત્મહત્યાઃ સસ્પેન્ડેડ સબ-ઈન્સ્પેક્ટરના જામીન મંજૂર

સાતારાઃ સાતારા જિલ્લાના ફલટણ ખાતે મહિલા ડૉક્ટરે કરેલી આત્મહત્યા પ્રકરણમાં છેલ્લા પાંચ મહિનાથી અદાલતી કસ્ટડીમાં રહેલા સસ્પેન્ડેડ પોલીસ સબ-ઇન્સ્પેક્ટર ગોપાળ બદનેના મુંબઈ હાઈ કોર્ટની કોલ્હાપુર સર્કિટ બૅન્ચે જામીન આપ્યા હતા.

ફલટણની એક હૉટેલમાં ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ મહિલા ડૉક્ટરે ગળાફાંસો ખાધો હતો. આ પ્રકરણે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાના આરોપસર ગોપાળ બદને અને પ્રશાંત બનકરની ધરપકડ કરવામાં આવી હતી. બદલને છેલ્લા પાંચ મહિનાથી અદાલતી કસ્ટડીમાં હતો અને તેણે જામીન માટે કોલ્હાપુર સર્કિટ બૅન્ચ સમક્ષ અરજી કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે બદનેના જામીન મંજૂર કર્યા હતા. મહિલા ડૉક્ટરે આત્મહત્યા પૂર્વે પોતાના હાથમાં સૂસાઇડ નોટ લખી હતી, જેમાં બદને અને બનકરના નામ લખીને તેમણે શારીરિક-માનસિક ત્રાસ આપ્યો હોવાનો આરોપ કર્યો હતો.

આથી ફલટણ પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. સૂસાઇડ નોટમાં ડૉક્ટરે આરોપ કર્યો હતો કે બદનેએ મારા પર ચાર વખત બળાત્કાર ગુજાર્યો હતો, જ્યારે બનકરે મને સતત ત્રાસ આપ્યો હતો. ■

# સોલાપુરમાં ઘરેલું વિવાદમાં ત્રણ સંતાનોને ઝેર આપ્યા બાદ પિતાએ જીવાદોરી ટૂંકાવી

મુંબઈઃ સોલાપુર જિલ્લામાં ઘરેલું વિવાદમાં પોતાના ત્રણ સંતાનોને ઝેર પીવડાવ્યા બાદ ૩૪ વર્ષના સિક્યુરિટી ગાર્ડે પોતે ઝેર પીને જીવાદોરી ટૂંકાવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

જિલ્લાના તિરહે ગામમાં બુધવારે બપોરે આ ઘટના બની હતી. ત્રણેય સંતાનોને સોલાપુરની સરકારી હોસ્પિટલના આઇસીયુમાં દાખલ કરવામાં આવ્યા હોઇ તેની હાલત નાજુક છે.

મૃતકની ઓળખ ભીમા અણ્ણા વાઘમારે તરીકે થઇ હોઇ તે સિમેન્ટની કંપનીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતો હતો.

પત્ની સાથેના ઘરેલું વિવાદને કારણે ભીમા માનસિક તાણ હેઠળ હતો. પત્ની ઘર છોડીને પિયર રહેવા જતી રહી હતી. સગાંવહાલાંઓએ તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેણે ઘરે પાછા ફરવાનો ઇનકાર કરી દીધો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર ભીમા બુધવારે બપોરે તેના ત્રણેય સંતાનને વાલસાંગ નજીકના ખેતરમાં લઇ ગયો હતો, જ્યાં તેણે ત્રણેયને ઝેર પીવડાવ્યું હતું અને બાદમાં પોતે પણ ઝેર ગટગટાવ્યું હતું. બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

ચારેય જણને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ ભીમાને મૃત જાહેર કર્યો હતો. ભીમાના ત્રણેય સંતાનની હાલત નાજુક છે અને તેમની સારવાર ચાલી રહી છે, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# કમોસમી વરસાદના કારણે કેરીના ઉત્પાદકો મૂકાયા મુશ્કેલીમાં

રત્નાગિરીઃ રત્નાગિરી જિલ્લામાં એપ્રિલ મહિનામાં ચોમાસા જેવું વાતાવરણ સર્જાયું છે. સતત બે થી ત્રણ દિવસથી જિલ્લાના ઘણા વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડી રહ્યા છે. આખો દિવસ સૂર્યના દર્શન ન થવાને કારણે વાતાવરણ વાદળછાયું અને ભેજવાળું બની ગયું હતું. આવી પરિસ્થિતિને કારણે કેરી ઉત્પાદકો પર આર્થિક સંકટ આવી પડ્યું છે.

હવામાન વિભાગ દ્વારા કોંકણ કિનારે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ■

# એસઆરપીએફના જવાનની હત્યાઃ દીકરીના બૉયફ્રેન્ડ સહિત પાંચ પકડાયા

નાગપુરઃ પ્રેમપ્રકરણનો વિરોધ કરનારા સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (એસઆરપીએફ)ના જવાનની કથિત હત્યા કરવાની નાગપુરમાં બનેલી ઘટનામાં પોલીસે મૃતકની દીકરીના બૉયફ્રેન્ડ સહિત પાંચની ધરપકડ કરી હતી. એમઆઈડીસી પોલીસની હદમાં માતોશ્રી નગર વિસ્તારમાં આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર પંકજ ઠાકુર (૪૨) પર ટોળાએ તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. આ હુમલામાં ઠાકુરનું મોત નીપજ્યું હતું, જ્યારે તેનો સાળો અર્પિત (૩૦) ગંભીર રીતે ઘવાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ મુખ્ય આરોપી આકાશ હરિદાસ મંડલ (૨૩) અને ઠાકુરની ૧૬ વર્ષની દીકરી વચ્ચે છેલ્લાં બે વર્ષથી પ્રેમસંબંધ હતો. આ સંબંધનો વિરોધ કરનારા ઠાકુરે અનેક વાર તેની દીકરીથી દૂર રહેવાની મંડલને ચેતવણી આપી હતી.

ગુરુવારની રાતે સ્થાનિક મંદિરમાં હનુમાન જન્મોત્સવની ઉજવણી હતી ત્યારે મંડલ ત્યાં આવ્યો હતો. મંડલ ઠાકુરની દીકરી સાથે વાત કરતો હતો ત્યારે ઠાકુરની નજર તેના પર પડી હતી.

ઠાકુરે મંડલને ત્યાંથી જતા રહેવાનું કડક શબ્દોમાં કહેતાં બન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી. ઉગ્ર બોલાચાલી પછી આરોપી તેના ઘરે જતો રહ્યો હતો. થોડી જ મિનિટમાં તે ચાકુ અને સગાંસંબંધી તેમ જ મિત્રો સાથે પાછો ફર્યો હતો.આરોપીના ટોળાએ ઠાકુર પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. મધ્યસ્થી કરી અર્પિતે મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ટોળાએ તેના પર પણ હુમલો કર્યો હતો. ગંભીર અવસ્થામાં બન્નેને શાલિનીતાઈ મેઘે હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તબીબે ઠાકુરને મૃત જાહેર કર્યો હતો. આ પ્રકરણે પોલીસે હત્યાનો ગુનો નોંધી મંડલ, તેના ભાઈ હર્ષદ અને માતા સહિત પાંચ જણની ધરપકડ કરી હતી. (પીટીઆઈ) ■




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભાજપના વિધાનસભ્યના ભાઈની ‘હત્યાનું કાવતરું’: રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન બચ્ચુ કડુ સામે ગુનો દાખલ

*અમરાવતી:* અમરાવતી જિલ્લામાં ભાજપના વિધાનસભ્યના ભાઇની ‘હત્યાનું કાવતરું’ ઘડવાના આરોપસર પોલીસે રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન ઓમપ્રકાશ ઉર્ફે બચ્ચુ કડુ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. અચલપુરના ચાંદુર બજાર પોલીસ સ્ટેશનમાં બચ્ચુ કડુ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. બચ્ચુ કડુ અગાઉ અચલપુર વિધાનસભા મતવિસ્તારના વિધાનસભ્ય હતા, જેનું પ્રતિનિધિત્વ હાલ ભાજપના વિધાનસભ્ય પ્રવીણ તાયડે કરી રહ્યા છે. બચ્ચુ કડુ ૨૦૧૯થી ૨૦૨૨માં ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહાવિકાસ આઘાડી સરકાર દરમિયાન રાજ્યમાં પ્રધાન હતા. વિધાનસભ્ય પ્રવીણ તાયડેના ભાઇ અભિજિતે (૪૦) નોંધાવેલી ફરિયાદ અનુસાર ભૂતપૂર્વ પ્રધાન બચ્ચુ કડુ અને શુભમ ઉર્ફે ગોલુ માહુરેએ માર્ગ અકસ્માતમાં તેની હત્યા કરવાનું કાવતરું ઘડ્યું હતું. તાયડેએ દાવો કર્યો છે કે તેણે પોતાના મોબાઇલ ફોન પર આ કાવતરા સંબંધી વાર્તાલાપ રેકોર્ડ કર્યો છે, એમ પોલીસે જણાવ્યું હતું. ફરિયાદીએ ઑડિયો રેકોર્ડિંગ ધરાવતી પેન ડ્રાઇવ સુપરત કરી છે, જેની ખરાઇ કરવા માટે ફોરેન્સિક લેબોરેટરીમાં તપાસ માટે મોકલી આપવામાં આવી છે. આ આરોપો ગંભીર છે અને અમે તમામ પાસાંની કાળજીપૂર્વક તપાસ કરી રહ્યા છીએ. ફરિયાદને આધારે અમે બચ્ચુ કડુ સહિત બે જણ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૧ (ફોજદારી કાવતરું), ૫૫ (ગુનો કરવા પ્રવૃત્ત કરવું) અને ૫૮ (ગુનો કરવા કાવતરું ઘડવું) હેઠળ ગુનો દાખલ કર્યો છે.

અમે ઑડિયો રેકોર્ડિંગની વિશ્વસનીયતા તપાસ કરી રહ્યા છીએ અને વધુ પુરાવા ભેગા કરી રહ્યા છીએ. આ તબક્કે કોઇ તારણ કાઢી શકાય એમ નથી. ખરાઇ કર્યા બાદ આગળની કાર્યવાહી નક્કી કરવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

# વિધાનભવનમાં નકલી પાસ વેચતા છ કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બજેટ સત્ર દરમિયાન નકલી પાસ વેચવામાં આવ્યા હતા. મહારાષ્ટ્ર ઔદ્યોગિક નિગમના નામે નકલી લેટરહેડનો ઉપયોગ કરીને પ્રવેશપત્રો વહેંચવામાં આવ્યા હતા. આ અંગે વિધાન પરિષદમાં વિપક્ષ દ્વારા સરકારની આકરી ટીકા કરવામાં આવી હતી. આ પછી, તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી અને સાત લોકોની ધરપકડ કરવામાં આવી હતી. તેમાંથી ચાર વિધાનસભા સચિવાલયના અને બે મંત્રાલયના કર્મચારીઓને હવે સરકારી સેવામાંથી સસ્પેન્ડ કરવામાં આવશે. વિપક્ષ દ્વારા વિધાન પરિષદમાં નકલી પ્રવેશપત્રોનો મુદ્દો ઉઠાવ્યા પછી, સરકારે પણ તાત્કાલિક સ્પષ્ટતા કરવી પડી હતી અને તાત્કાલિક કાર્યવાહી કરવી પડી હતી. વિપક્ષની ટીકા પછી, ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે વિધાન પરિષદમાં એવી સનસનાટીભરી કબૂલાત કરી હતી કે સત્ર દરમિયાન મહારાષ્ટ્ર ઔદ્યોગિક નિગમ ના નામે નકલી લેટરહેડનો ઉપયોગ કરીને પ્રવેશપત્રો વહેંચવામાં આવ્યા હતા.

સામંતે કહ્યું કે વિભાગીય અધિકારીઓના નામ અને હોદ્દાનો ઉલ્લેખ કરીને નિગમના નકલી લેટરહેડ પર પ્રવેશપત્રો વહેંચવામાં આવ્યા હતા. સચિવાલયના સુરક્ષા વિભાગ દ્વારા આ બાબતની તપાસ કરવામાં આવી ત્યારે ચોંકાવનારી માહિતી પ્રકાશમાં આવી હતી. વિધાનસભા સચિવાલય અને મંત્રાલયના કર્મચારીઓએ ઔદ્યોગિક ફેડરેશનના નકલી લેટરહેડનો ઉપયોગ કરીને અનધિકૃત પ્રવેશ કાર્ડનું વિતરણ કરવા માટે એકબીજા સાથે મિલીભગત કરી હોવાનું બહાર આવ્યું હતું. આ સંદર્ભમાં મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં ૭ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો હતો. આમાં દત્તાત્રય ગુંજલ નામનો એક બહારનો વ્યક્તિ પણ શામેલ છે. દરમિયાન, સરકારી નિયમો મુજબ, ૪૮ કલાકથી વધુ સમય માટે પોલીસ કસ્ટડીમાં રહેલા વ્યક્તિને સસ્પેન્ડ કરવામાં આવે છે.

# આંબેડકરની જન્મજયંતીને તેમના વિચારોના ઉત્સવ તરીકે ઉજવો: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે ડૉ. બી. આર. આંબેડકરની જન્મજયંતીને ‘તેમના વિચારોના ઉત્સવ’ તરીકે ઉજવવાની અપીલ કરી હતી અને દલિત નેતાના વિચારો અને યોગદાનને સમાજના તમામ વર્ગોમાં ફેલાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ૧૪ એપ્રિલે આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિની તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરતા, ફડણવીસે જણાવ્યું હતું કે મહાન નેતા દ્વારા પ્રદાન કરાયેલા બંધારણ અને દ્રષ્ટિકોણ રાષ્ટ્રની પ્રગતિને માર્ગદર્શન આપે છે. મુખ્યમંત્રી કાર્યાલય તરફથી એક પ્રકાશનમાં ફડણવીસને ટાંકીને કહેવામાં આવ્યું છે કે મહાન નેતાઓની જન્મજયંતીની ઉજવણી ધાર્મિક વિધિઓથી આગળ વધીને ભવિષ્યની પેઢીઓને તેમના વિચારો અને પ્રેરણા આપવાના સાધન તરીકે સેવા આપવી જોઈએ. ‘ડૉ. આંબેડકર દ્વારા આપવામાં આવેલ બંધારણ વિશ્વના શ્રેષ્ઠમાંનું એક છે, અને તેના સમાવેશી સિદ્ધાંતો ભારતને વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધવામાં મદદ કરી રહ્યા છે,’ એમ તેમણે કહ્યું હતું. ફડણવીસે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દર વર્ષે ઉજવણીને વધુ અર્થપૂર્ણ અને ભવ્ય બનાવવા માટે પ્રયાસો કરી રહી છે. ૧૪ એપ્રિલે લાખો અનુયાયી દાદરમાં ચૈત્યભૂમિની મુલાકાત લેવા માટે શ્રદ્ધાંજલિ આપવા આવે તેવી અપેક્ષા હોવાથી, મુખ્ય પ્રધાને અધિકારીઓને ઉનાળાની ૠતુને ધ્યાનમાં રાખીને વ્યવસ્થા કરવા જણાવ્યું હતું, જેમાં મુલાકાતીઓને ગરમીથી બચાવવા માટે આશ્રયસ્થાનો, પીવાના પાણીની પૂરતી સુવિધા અને દાદર અને નજીકના વિસ્તારોમાં યોગ્ય ટ્રાફિક વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે. તેમણે અધિકારીઓને જનતા માટે માહિતી બોર્ડ લગાવવા અને દાદર રેલવે સ્ટેશન અને ચૈત્યભૂમિ વચ્ચે પૂરતી બસ સેવાઓ સુનિશ્ચિત કરવા પણ સૂચના આપી હતી. સામાજિક ન્યાય ખાતાના પ્રધાન સંજય શિરસાટે જણાવ્યું હતું કે નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે જિલ્લા કલેક્ટર કચેરીઓ દ્વારા બંધારણને દરેક ઘર સુધી પહોંચાડવાની પહેલ અમલમાં મૂકવામાં આવી રહી છે.

# ડોમ્બિવલીમાં પાંચ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ: પૂજારીની ધરપકડ

થાણે: ડોમ્બિવલીમાં પાંચ વર્ષની બાળકી સાથે કથિત દુષ્કર્મ કરવા બદલ પોલીસે પૂજારીની ધરપકડ કરી હતી. ટિળકનગર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ હરીશ ભાવે તરીકે થઈ હતી. નજીકના મંદિરમાં પૂજા-આરતી કરનારો આરોપી લોકોના ઘરે પણ પૂજા-અર્ચના માટે જતો હતો. ફરિયાદ અનુસાર આરોપી જે પરિસરનો છે ત્યાં જ રહેતા પરિવારની પાંચ વર્ષની બાળકી સાથે કથિત દુષ્કર્મ કરાયું હતું. બાળકીનાં માતા-પિતા કામ નિમિત્તે બહાર ગયાં હતાં ત્યારે બાળકી ઘરમાં એકલી હતી. એક જ પરિસરના રહેવાસી હોવાથી બાળકી આરોપીને ઓળખતી હતી. આરોપી બાળકીના ઘરમાં ગયો હતો અને તેની સાથે કુકર્મ આચર્યું હતું. સાંજે માતા-પિતા ઘરે પાછાં ફર્યાં ત્યારે બાળકીએ તેની સાથે બનેલી ઘટનાની જાણ કરી હતી.

## છેલ્લા પાનાનું ચાલુ

### પશ્ચિમ એશિયા

આવશે. પશ્ચિમ એશિયા સંઘર્ષ દરમિયાન ઓમાનના દરિયાકાંઠે વિસ્ફોટકોથી ભરેલી એક ડ્રોન બોટ દ્વારા ઓઇલ ટેન્કર એમટી એમકેડી વ્યોમ ને ટક્કર મારવામાં આવતા ચાર માર્ચે દીક્ષિત સોલંકી (૨૫) નું મૃત્યુ થયું હતું, જે પ્રથમ ભારતીય જાનહાનિ બન્યો હતો.

તેમની અરજીમાં સોલંકી પરિવારે તમામ તપાસ અને ફોરેન્સિક રેકોર્ડ તેમની સાથે શેર કરવાની પણ માગ કરી છે. આ અરજી વિદેશ મંત્રાલય, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય, શિપિંગ મહાનિર્દેશાલય અને વી શિપ્સ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ સામે દાખલ કરવામાં આવી છે, જે એમટી એમકેડી વ્યોમ જહાજનું સંચાલન કરે છે. ઘટનાને લગભગ એક મહિનો થઈ ગયો છે અને સોલંકીના પરિવારના સભ્યોને હજુ સુધી તેમના અવશેષો મળ્યા નથી.

અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઘટના પછી પરિવારે જહાજની માલિકીની કંપનીને અનેક ઇમેઇલ્સ લખવા છતાં સ્પષ્ટ જવાબ મળ્યો નથી.

પરિવારને કંપની તરફથી ફક્ત એવા જવાબો મળ્યા હતા જેમાં કહેવામાં આવ્યું હતું કે મૃતદેહ મેળવવા અને સ્વદેશ પરત મોકલવાના પ્રયાસો ચાલી રહ્યા છે. (પીટીઆઈ)

### વસઈ-વિરારમાં

સંગ્રહ કરીને રાખીને તથા સંભાળીને ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે.

વસઈ-વિરાર શહેરની પ્રતિદિન ૪૦૦ મિલ્યન લિટર પાણીની આવશ્યકતા છે. હાલના તબક્કામાં સૂર્યા ફેઝ-વન અને ફેઝ-૩ તેમ જ એમએમઆરડીએની યોજનામાંથી શહેરને કુલ ૩૫૦ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે. એમએમઆરડીએ દ્વારા ૪થી ૧૦ એપ્રિલ દરમ્યાન સુર્યા પાણીપુરવઠા યોજનાના ટેક્નિકલ કામ પૂર્ણ કરવા માટે શટડાઉન લેવામાં આવવાનો છે. આ કામને કારણે ૧૫૦ મિલ્યન લિટર પાણીપુરવઠો સંપૂર્ણ રીતે બંધ રહેશે. તેથી શહેરના દૈનિક પાણી વિતરણમાં પાણીની અછત નિર્માણ થવાની છે. આ કામ દરમ્યાન પાલિકા દ્વારા ‘ઝોનિંગ’ પદ્ધતિ લાગુ કરીને પાણીકાપ મૂકવામાં આવ્યો છે.

ટેક્નિકલ સમારકામ દરમ્યાન પાણીપુરવઠો ઓછા દબાણ સાથે અપૂરતું મળવાની શક્યતા હોવાથી નાગરિકોએ પાણીનો સંગ્રહ કરીને તેમ જ સંભાળીને વાપરવાનું રહેશે. ૧૧ એપ્રિલથી પાણીપુરવઠો પૂર્વવત્ રહેશે.

### પાણીનું ગળતર

વિસ્તારમાં થઈ રહેલા દૂષિત પાણી તથા ઓછા દબાણ સાથે અપૂરતા પાણી પુરવઠા બાબતે ચર્ચા કરી હતી. બેઠક દરમ્યાન તેમણે અધિકારીઓને વિનાવિલંબે સ્થળનું ઈન્સ્પેકશન કરવાનો નિર્દેશ આપ્યો હતો.

અભિજિત બાંગરે જણાવ્યું હતું કે જે વિસ્તારમાં ઓછા દબાણ સાથે અપૂરતું પાણી મળી રહ્યું હોય તો અધિકારીઓએ તાત્કાલિક સાઈટ પર જઈને ઈન્સ્પેકશન કરવાનું રહેશે ઉપાયયોજનાને પણ તાત્કાલિક અમલમાં મૂકવાની રહેશે. આવશ્યકતા જણાય ત્યાં પાણીપુરવઠામાં હાલની વિતરણ વ્યવસ્થામાં અમુક ફેરફાર કરવાથી સમસ્યાનો નિકાલ લાવવાનો પ્રયાસ કરવાનો રહેશે. ગરજ મુજબ પાણીપુરવઠામાં ઝોનિંગ પદ્ધતિએ યોગ્ય ત્યાં સુધારો કરવો, પાઈપલાઈનમાં રહેલા ગળતરનું તાત્કાલિક સમારકામ કરવું તો અમુક જગ્યાએ સ્ટ્રક્ચરલ ફેરફાર કરવો અને જરૂરિયાત હોય તો વધારાનું બુસ્ટિંગ કરવાની ઉપાયયોજનાને અમલમાં મૂકવાની રહેશે. અપૂરતા પાણીની સમસ્યા બાબતે સ્થાનિક લોકપ્રતિનિધિ સાથે પણ સાઈટ પર અધિકારીઓએ ઈન્સ્પેકશન કરવાનું રહેશે, જેથી તેમની પાસેથી માહિતી ઉપલબ્ધ થઈ શકે છે.

**દૂષિત પાણી માટે સ્પેશિયલ ટીમ**

દૂષિત પાણી પુરવઠા બાબતે અભિજિત બાંગરે કહ્યું હતું કે દૂષિત પાણીની સમસ્યા પર અધિકારીઓએ ગંભીરતાપૂર્વક અને તાત્કાલિક ધ્યાન આપીને સમસ્યાનો ઉકેલ લાવવાનો રહેશે. ઉપાય યોજનામાં વિલંબ આવ્યો તો તેનું પરિણામ અત્યંત ગંભીર બની શકે છે. દૂષિત પાણીનું ઉદ્‌ગમ સ્થાન શોધી કાઢવાનું કામ વિના વિલંબે અઠવાડિયાના સાતેય દિવસ ૨૪ કલાક પદ્ધતિએ કરવાનું રહેશે. દૂષિત પાણીની ફરિયાદનો નિકાલ લાવવા માટે સ્પેશ્યિલ ટીમની સ્થાપના કરવી. આ ટીમ ઝોન મુજબ ઉપલબ્ધ કરી આપવાની રહેશે, જેથી ફરિયાદ પ્રાપ્ત થયા બાદ વિનાવિલંબે કાર્યવાહી કરી શકાય. તે માટે આવશ્યક હોય ત્યાં વધારાના મનુષ્યબળને મદદ લેવાની રહેશે.

### મહારાષ્ટ્રની તિજોરી

સત્તામંડળ ગયા વર્ષે ૩૯૦૦૦ હજાર કરોડ બાકી છે આ વર્ષે પણ ૩૫૦૦૦ હજાર કરોડ બાકી છે.

ગ્રામીણ વિકાસ અને જળ સંરક્ષણ વિભાગ ગયા વર્ષે રૂ. ૮૫૦૦ કરોડ લેણાં હતા, હવે તે રૂ. ૬૫૦૦ કરોડ છે.

પ્રવાસન વિકાસ નિગમ ગયા વર્ષે રૂ. ૪૩૦૦ કરોડ બાકી હતા, આ વર્ષે રૂ. ૩૮૦૦ કરોડ બાકી છે.

નગર વિકાસ વિભાગ ખાસ ભંડોળ બાંધકામ ગયા વર્ષે રૂ. ૨૭૦૦ કરોડ બાકી હતું, હવે તે રૂ. ૨૧૦૦ કરોડ બાકી છે.

જળ સંસાધન વિભાગનું ગયા વર્ષે તે રૂ. ૧૧૦૦૦ હજાર કરોડ લેણું હતું, હવે તે રૂ. ૯૦૦૦ હજાર કરોડ બાકી છે.

જિલ્લા આયોજન સમિતિ અને અન્ય વિભાગના કામોના રૂ. ૧૪૦૦૦ હજાર કરોડ બાકી હતા, ગયા વર્ષે તે રૂ. ૧૧૦૦૦ હજાર કરોડ બાકી છે.

છતાં, ભંડોળના અભાવે, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અને નગરપાલિકાઓએ કોઈ નવા કામો હાથ ધર્યા નથી, ત્યાં પણ કામના ચૂકવણી બાકી છે, તે સંખ્યા પણ મોટી છે. આ માટે, ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ અને ૩ માર્ચ ૨૦૨૬ ના રોજ મુખ્ય પ્રધાન અને બંને નાયબ મુખ્ય પ્રધાનો અને સંબંધિત પ્રધાનોને લેખિત નિવેદન આપવામાં આવ્યું હતું, અને ૯ માર્ચ ૨૦૨૬ના રોજ કર્જતમાં રાજ્ય સ્તરીય કોન્ટ્રાક્ટર મીટિંગમાં વિગતવાર નિવેદન અને કામ બંધ કરવાની ચેતવણી આપવામાં આવી હતી. ડેવલપર્સ અને કોન્ટ્રાક્ટરો એવી આશામાં રાહ જોઈ રહ્યા છે કે સરકાર માર્ચમાં થોડું ભંડોળ પૂરું પાડશે, પરંતુ સરકારે પોતે, ડેવલપર્સ અને કોન્ટ્રાક્ટરો અને રાજ્યના વિકાસ સહિત દરેકને નાણાકીય કટોકટીમાં ધકેલી દીધા છે.

ગયા વર્ષે, ૧,૧૬,૫૦૦ કરોડ બાકી હતા અને આ વર્ષે આ બાકી રકમ હવે ૯૬,૪૦૦ કરોડ છે. આનો અર્થ એ થયો કે સરકારે ૧૭ મહિનામાં રાજ્યના ૩ લાખ કોન્ટ્રાક્ટરો અને ડેવલપર્સને માત્ર ૨૦,૦૦૦ હજાર કરોડ રૂપિયા આપ્યા છે, અને તેના પર નિર્ભર ચાર કરોડ લોકોના વ્યવસાયોને દેશની બહાર ફેંકી દેવાની યોજના બનાવી છે.

મુખ્ય પ્રધાન અને બંને નાયબ મુખ્ય પ્રધાનોએ આ ગંભીર મુદ્દા પર ચર્ચા કરવા માટે દસ વખત સમય માંગ્યો હોવા છતાં, તેમને ફક્ત ખોટા આશ્વાસનો જ મળે છે. તેથી, હવે કોન્ટ્રાક્ટરો ૭ એપ્રિલથી રાજ્યના તમામ વિભાગોમાં વિકાસ કાર્યો બંધ કરશે. મહારાષ્ટ્ર સ્ટેટ કોન્ટ્રાક્ટર્સ ફેડરેશન, સ્ટેટ એન્જિનિયર્સ એસોસિએશન અને મહારાષ્ટ્ર સ્ટેટ વોટર સપ્લાય કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનના તમામ જિલ્લા પ્રમુખો અને પદાધિકારીઓ, એન્જિનિયર મિલિંદ ભોસલે, જનરલ સેક્રેટરી સુનિલ નાગરાલે, રાજેશ દેશમુખ, સંજય મૈંડ, મંગેશ અવલે, સુરેશ કડુ પાટિલ, નિવાસ લાડ, પ્રકાશ પાંડવ, સુબોધ સરોદે, અનિલ પાટિલ, નીતિન લાવલે, દિપેશ કોલુરવાર, અશ્વિન પવાર, સિકંદર ડાંગે, કાંતિલાલ દુબલ, કૈલાસ લાંડે, અનવર અલી, કૌશિક દેશમુખે આ બાબતે સરકારને ચેતવણી આપી છે.

### મુંબઈમાં અતિવૃષ્ટિ

પાલિકા પ્રશાસને કર્યો છે.

મુંબઈમાં પશ્ચિમમાં અરબી સમુદ્ર છે અને મુંબઈમાં ખાડી પરિસર પણ છે. મુંબઈમાં આર્ચ-ટાઈપ (વળાંકવાળી ગટર લાઈન)અને બંધ ડ્રેનેજ નેટવર્ક દ્વારા વરસાદી પાણીનો નિકાલ ભરતી અને ઓટ પર પણ આધાર રાખે છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ તાજેતરના વર્ષોમાં હવામાન પરિવર્તનને કારણે મુંબઈમાં ચોમાસા દરમ્યાન થોડા દિવસોમાં જ લગભગ ૧,૦૦૦ મિલીમીટર વરસાદ પડ્યો છે. આવા ભારે વરસાદને કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે. આ પૃષ્ઠભૂમિ સામે વરસાદી પાણીનો નિકાલ કરવાની વ્યવસ્થાની ક્ષમતા બમણી કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. હાલ શહેર વિભાગમાં ૪૯૫ કિલોમીટર લંબાઈની ડ્રેઈન લાઈન અને પૂર્વ તથા પશ્ચિમ ઉપનગરમાં અનુક્રમે ૬૩ અને ૬૨૧ કિલોમીટર લંબાઈની આર્ચ ટાઈપની અંડરગ્રાઉન્ડ ડ્રેઈન લાઈન છે.

પાલિકા અધિકારીના જણાવ્યા મુજબ અંડરગ્રાઉન્ડ ગટરોની નિયમિત સફાઈ અને અંદર રહેલા કાદવને બહાર કાઢવાનું કામ ચાલતું હોય છે. આ દરમ્યાન પાલિકાના ઑપરેશન ઍન્ડ મેઈન્ટેનન્સ વિભાગને સીસીટીવી સર્વેક્ષણ દરમ્યાન જૂના ભાગોમાં માળખાકીય ખામી જણાઈ આવી હતી, જેમાં બાંધકામમાં તિરાડ અને સાંધાઓમાં તિરાડ સાથે જ તેની છત ગમે ત્યારે ધરાશાયી થઈ જાય એવી હાલતમાં જણાઈ આવ્યું હતું.

લગભગ ૨૩,૫૪૮ મીટર સુધી ફેલાયેલા ૫૬ ડ્રેઈન ખામીયુક્ત હોવાનું ઓળખી કાઢવામાં આવ્યું હતું, જેમાં ૨૭ ડ્રેઈન ૧૪,૨૮૫ મીટર (ફેઝ-૧)ને તાત્કાલિક પુનર્વસનની જરૂર છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને પાલિકાએ રિસ્ટોરેશનનું કામ શરૂ કર્યું છે અને માળખાકીય બાંધકામને મજબૂત બનાવવા અને હાઈડ્રોલિક કામગીરી વધારવા માટે ૧૪ કિલોમીટરના પટ્ટામાં લાઈનિંગ કામગીરી ચાલી રહી છે.

ફેઝ-૧માં સ્ટોર્મ વોટર ડ્રેનેજ વિભાગે ટ્રેન્ચલેસ જિઓપોલિમર લાઈનિંગ ટૅક્નોલોજીનો ઉપયોગ કરીને શહેર વિસ્તારમાં આર્ચ-ટાઈપ ડ્રેઈનનું પુનર્વસન શરૂ કર્યું છે. પાલિકા દ્વારા અમલમાં મૂકવામાં આવેલી આ પદ્ધતિ દેશમાં આ પ્રકારની પહેલી પદ્ધતિ છે. અન્ય દેશોમાં ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સમાં આવા કામ માટે મુખ્યત્વે આવી જ ટૅક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે.

**આઈઆઈટી અને વીજેટીઆઈની સલાહ**

ઓપરેશન ઍન્ડ મેઈન્ટેન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા આર્ચ-ટાઈપ પ્રકારના વરસાદી પાણીના ગટરોનું પુનર્વસન માટે યોગ્ય ટૅક્નોલોજી નક્કી કરી શકાય તે માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલોજી (આઈઆઈટી) મુંબઈ અને વીરમાતા જિજાબાઈ ટૅક્નોલોજી (વીજેટીઆઈ)ની સલાહ લેવામાં આવી હતી. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ તેમની ભલામણને અનુસરીને ટૅક્નિકલ એવડાઈઝરી કમિટીએ નવેમ્બર ૨૦૨૨ની બેઠકમાં ટ્રેન્ચલેસ જિઓપોલિમર લાઈનિંગ ટૅક્નોલોજીનો ઉપયોગને મંજૂરી આપી હતી, જે હાલમાં સૌથી અસરકારક પુનર્વસન પદ્ધતિ તરીકે અમલમાં મુકાઈ રહી છે.

**ડ્રેઈન લાઈનનું આયુષ્ય ૫૦ વર્ષથી વધી જશે**

પાલિકાના સ્ટોર્મ વોટર ડ્રેનેજ ડિપાર્ટમેન્ટના ચીફ એન્જિનયર કલ્પના રાઉલે જણાવ્યું હતું કે હાલમાં ૧૪,૨૮૫ મીટર સુધી ફેલાયેલ ૨૭ અંડરગ્રાઉન્ડ આર્ચ-ટાઈમ સ્ટોર્મવોટર ડ્રેઈનનું કામ હાથ ધરવામા આવ્યું છે, જે લગભગ ૧૦૦ વર્ષ જૂના છે. આ કામ બાદ પાણીના પ્રવાહની કાર્યક્ષમતામાં સુધારો થઈને ડ્રેઈન લાઈનનું આયુષ્ય ઓછામાં ઓછું ૫૦ વર્ષ સુધી લંબાઈ જવાની અપેક્ષા છે. મહત્ત્વની વાત એ છે કે ઉપયોગમાં લેવાતી ટ્રેન્ચલેસ જિઓપોલિમર લાઈનિંગ ટૅક્નોલોજી પર્યાવરણીય રીતે ટકાઉ છે.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી (હાલ મુલુંડ), સ્વ. મહેન્દ્ર જગજીવન શાહના ગં.સ્વ. પત્ની ચારૂલતા મહેન્દ્ર શાહ (ઉં.વ. ૮૪) તા. ૨-૪-૨૬, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે તૃપ્તિ, જસ્મીના, છાયા તથા નપાના માતુશ્રી. નિમિષ, દિપેશ, નિખિલ તથા રાહુલના સાસુ. મયંક, પાર્થ, પાર્શ્વ અને લયના નાની. પિયર પક્ષે વિનયચંદ નરસીદાસ શાહના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે: બી-૨૦, કૃષ્ણ વૃન્દાવન સોસાયટી, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીમડી નિવાસી હાલ મલાડ સ્વ. શાંતિલાલ ગુલાબચંદ શાહના સુપુત્ર મિલન શાંતિલાલ શાહ તથા કલ્પનાબેનના જમાઇ રિષવ રાજેન્દ્ર અગ્રવાલ (ઉં. વ. ૩૭) તે ફોરમબેનના પતિ. કિયાનના પિતા. સાગર અને આયશાના બનેવી. હાથરસ નિવાસી બીનાબેન રાજેન્દ્ર અગ્રવાલના સુપુત્ર. ઇશા અને રાજુલના ભાઇ તા. ૨૬-૩-૨૬ ગુરૂવારે મુંબઇ મુકામે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૫-૪-૨૬ના સાંજે ૪.૩૦થી ૬. ઠે. આજીવાસન હોલ, જુહુ તારા રોડ, એસ. એન. ડી. ટી. કોલેજની બાજુમાં, એમ. આર. સોસાયટી, દોલતનગર, સાંતાક્રુઝ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વાંકિયા નિવાસી હાલ કાંદિવલી મહેશ બાબુલાલ ઘેલાણી (ઉં. વ. ૬૧) તે સ્વ. કાંતાબેન બાબુલાલ ઘેલાણીના સુપુત્ર. સ્મિતાબેનના પતિ. વૈભવ તથા મિતાલીના પિતા. મંજુલાબેન વિજેન્દ્રભાઇ કોઠારીના જમાઇ. સ્વ. શૈલેષભાઇ, મીના સુરેન્દ્ર જૂઠાણી, જયોતિ શ્રેયસ પ્રતાપના ભાઇ. પ્રિયાંશીના સસરા. ખુશ્બુ અને મોનાર્કના કાકા તા. ૨-૪-૨૬ ગુરુવારના અક્ષરનિવાસી થયેલ છે. પ્રાર્થનાસભા: સ્વામિનારાયણ મંદિર, ૧લે માળે, યોગીનગર, બોરીવલી (વેસ્ટ) તા. ૪-૪-૨૬ શનિવારના સાંજે ૪થી ૬.

**દશા શ્રીમાળી સ્થા .જૈન**

લાઠી નિવાસી હાલ અંધેરી, વિજયભાઈ (ઉં. વ. ૭૯) જે સ્વ. શાંતાબેન જયંતીલાલ ત્રિભોવનદાસ વધાણીના પુત્ર. સ્વ. સૌ. હર્ષાબેનના પતિ. જાગેશ,સ્વ. પૂજા (પિંકી) રાકેશ વોરા, સૌ. વૈશાલી નિલેશ અંબાવી, સૌ. જલ્કા ગૌરવ કામદારના પિતાશ્રી. સૌ. નીપાનાં સસરા. સ્વ. સરલાબેન મગનલાલ ટોકરશી દોશીના જમાઈ. સ્વ. સુરેશભાઈ, સ્વ. ચંદ્રકાન્તભાઈ, નિલેશભાઈ, દિપકભાઈ, ગં.સ્વ. હંસાબેન અનીલકુમાર ઉદાણીના ભાઈ. તા. ૧/૪/૨૬ના અરિહંતશરણ થયેલ છે. પ્રાર્થનાસભા શનિવાર ૪ એપ્રિલ ૨૦૨૬ બપોરે ૩થી ૫. ઠે. આઈએમએ હોલ, વિલેપાર્લે, ગુરુ નાનક રોડ, પીવીઆર પછી, સાંઈનાથ નગર, જુહુ,મુંબઈ-૪૦૦૦૪૯.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી હાલ સાયન ઘાટકોપર, સ્વ. લીલાબેન નટવરલાલ ગાંધીના સુપુત્ર, ચિ. જીતેન્દ્રભાઈ (ઉં. વ. ૮૨) તે દર્શનાબેનના પતિ. પ્રતિક, તેજશ્રી અને મેઘનાના પિતાશ્રી. અ.સૌ. વૈશાલી તથા મિતેશભાઈ તેજાણી, જિમિતભાઈ શાહના સસરા. ચિ. વિયાનાના દાદા. સાવરકુંડલા નિવાસી સ્વ. હીરાભાઈ મગીયાના જમાઈ. તા. ૨.૪.૨૬ ગુરુવારના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના મણીબેન મણીલાલ રામજી ગાલા (ઉં. વ. ૭૬) તા. ૦૧-૦૪-૨૬ના અરિહંત શરણ પામેલ છે. વેલબાઇ રામજીના પુત્રવધૂ. મણીલાના ધર્મપત્ની. કેતકી, નિશા, હીના, પિયુષના માતુશ્રી. નેણબાઇ નાગજી દેશુ વિસરીયાના પુત્રી. મોરારજી, ભરત, ધીરજના બેન. પ્રાર્થના: શનિવાર, સાંજે ૪.૦૦ થી ૫.૩૦. શ્રી માટુંગા શ્વે.મુ.જૈન સંઘની નારાણજી શામજી વાડી (૧લે માળે) પ્રેમજી જેઠાભાઇ હોલ, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.)

વડાલાના પ્રવિણ શામજી નિસર (ઉં. વ. ૮૩) તા. ૨-૪ના અવસાન પામેલ છે. સ્વ. જીવીબેન શામજી દેવજીના સુપુત્ર. સ્વ. ઉષાબેનના પતિ. રૂપલ, હેમલના પિતા. સ્વ. લાલજી શામજી, સાડાઉના રંજન પ્રેમજી, વડાલાના સ્વ. શાંતા શાંતીલાલ, કપાયાના કોકીલા ગાંગજીના ભાઇ. ગઢશીશાના સ્વ. કેસરબેન વીરજી ચોથાણીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રવિણ શામજી નિસર, સી-૧૦૫, જીરાવલી રેસીડેન્સી, દેરાસર લેન, ઘાટકોપર (ઇસ્ટ).

સમાઘોઘાના શ્રી નેમજીભાઈ પોપટલાલ સાવલા (ઉં. વ. ૮૬) તા. ૧-૪-૨૬ ના અરિહંતશરણ પામ્યા છે. માતુશ્રી સુંદરબેન પોપટલાલ ડુંગરશી સાવલાના સુપુત્ર. કોડાયના માતુશ્રી ભાનુમતીબેન લાલજી વેલજી શાહના જમાઈ. લીઝાબેનના પતિ. અનીષ, રાજીના પપ્પા. પ્રાર્થના રાખેલ નથી. નિ. શ્રી નેમજી પોપટલાલ સાવલા : ૩, ગુરુકૃપા, નોર્થ સાઉથ રોડ નં.૬, જુહુ સ્કીમ, વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬.

કપાયાના ગં.સ્વ. વેજબાઇ કેશવજી મામણીયા (ઉં. વ. ૮૮) તા. ૧-૪-૨૬ના અવસાન પામ્યા છે. સ્વ. કુંવરબેન દેશર વીરજીના પુત્રવધૂ. સ્વ. કેશવજીના ધર્મપત્ની. હર્ષા, કુસુમ, સ્વ. કમલેશના માતુશ્રી. નવીનાળ સ્વ. જીવીબાઇ મોણશી વોરાના પુત્રી. તલવાણા સ્વ. લખમીબાઇ નાનજી, સાડાઉ સ્વ. હીરબાઇ રવજી, નવીનાળ દેવકાબાઇ ગાંગજી, સ્વ. બાબુ સ્વ. જાદવજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મનીષા મામણીયા, ૩૫૧, નવ નિર્માણ કો., હનુમાન મંદિર રોડ, સેક્ટર નં. ૩, ચારકોપ, કાંદીવલી (વે.), મું. ૬૭.

શેરડીના કાંતિલાલ લીલાધર પાસડ (ઉં. વ. ૫૬) તા. ૧-૪-૨૬ના અવસાન પામેલ છે. ભાગ્યવંતી લીલાધરના પુત્ર. રશ્મી ના પતિ. રિધ્ધી, પ્રિતેશના પિતા. જયેશ, દીપકના ભાઈ. સાકરબેન રામજીના જમાઇ. ચક્ષુદાન કરેલ છે. પ્રા. શુભ મંગલ કાર્યાલય, ડોંબિવલી (ઈ) ૨.૩૦ થી ૪.

## પારસી મરણ

**બિનવારસ**

મરહુમ રૂસી શાવકશા પટેલ (ઉં. વ. ૮૪) રહેવાનું ઠેકાણું ૨૦૬/બી વિંગ, સંગીત કોમ્પ્લેક્સ, બિલ્ડિંગ નં.૧૦, જેસલ પાર્ક, ભાયંદર પૂર્વ, મહારાષ્ટ્ર ૪૦૧૧૦૫. તેમના રવાનને પી.બી.ડી. પીટીટ પારસી જનરલ હોસ્પિટલથી ડુંગરવાડી પર લાવવામાં આવ્યું છે. તેઓ તા. ૨-૪-૨૬ને સાંજે ૪-૨૫ કલાકે ગુજર પામ્યા છે. અને તેમનું કોઇ પણ સગા-સંબંધી નથી. જો કોઇ પણ તેમના સગા-સંબંધી કે મિત્ર તેમના રવાનને ઓળખતા હોય તેઓ મુંબઇ ડુંગરવાડી પર +૯૧ ૮૫૯૧૨ ૪૪૫૨૬ અથવા +૯૧ ૮૩૬૯૪ ૬૦૩૩૬ પર સંપર્ક કરશો.

ફ્રેની ભિખુ બીલ્લીમોરિયા તે ભીખુના ધન્યાની. તે મરહૂમો ગુલબાનું દીનશા ખમબાતાના દીકરી. તે દેલનાઝ ને ઝુબીનના માતાજી. તે ભાવતીકના સાસુજી. તે નાજુના બહેન. તે કૈરવ ને પ્રશગના મમઈજી. (ઉં.વ. ૮૦) રે.ઠે. : ૨૭૫, બી-૨૩, કેપ્ટન બિલ્ડિંગ, ત્રીજે માળે, ચીકલવાડી, ગ્રાન્ડ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા: તા. ૦૫-૦૪-૨૦૨૬ના દિને બપોરે ૩.૪૦ વાગે. મીથાઈવાલા અગિયારીમાં છેજી.

કેરસી સોરાબજી નીરમવાલા તે મરહુમો રોદા સોરાબજી નીરમવાલાના દીકરા. તે મરહુમો અસપી, મરઝબાન, પેતરસપના ભાઇ. તે કૈયો ને શીરાઝના કાકા. તે અરાનના દેર. (ઉં. વ. ૮૫) રે. ઠે. ૩, વાગલે કુપર બિલ્ડિંગ, ખેતવાડી ૧૨મી ગલી, હોટલ બલવાસની સામે, ગીરગામ, મુંબઇ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૪-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે, બનાજી લીમજી અગિયારીમાં.

નરગીશ લીમજી ખોદાઇજી તે મરહુમ લીમજીના ધનીયાની. તે મરહુમો અઇમાય હોરમઝજી કરંજીયાના દીકરી. તે મરહુમો પરવેઝ ને ધનજીના બહેન. તે બોમી રતન કરંજીયાના કઝીન બ્રધર. તે કેતીના કઝીન સિસ્ટર. (ઉં. વ. ૯૪) રે. ઠે. હેનદેર બિલ્ડિંગ નં-૮, ભોંયતળિયે, સ્લેટર રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૪-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે સેથના અગિયારીમાં છેજી.

## હિન્દુ મરણ

**કપોળ**

અમરેલીવાળા હાલ મીરરોડ, સ્વ. લીલાવંતીબેન કાનજીભાઈ રુગનાથ મહેતાના સુપુત્ર પ્રકાશભાઈ (ઉં.વ. ૭૬) ગુરુવાર, તા. ૨-૪-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે ગં.સ્વ. ઉર્વશીબેનના પતિ. તે સ્નેહા, ઝરણા તથા પરાગના પિતા. વિધિ (ભદરીકા) તથા યજ્ઞેશ મહેતાના સસરા. સ્વ. નગિનભાઈ, છબીલભાઈ, જીતુભાઈ, ગુણવંતીબેન તથા પન્નાબેન એસ. વોરાના ભાઈ. ડુંગરવાળા સ્વ. હરીલાલ છગનલાલ વોરાના જમાઈ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૫-૪-૨૬ના ૫થી ૭ વાગે. મુલ્રત બેનક્વિટ હોલ, શોપ નંબર ૩, સેન્ટ વિલફ્રેડ સ્કૂલ, ટીવીએસ શોરૂમની બાજુમાં, સંઘવી નગર, મીરા રોડ (ઈસ્ટ).

**કચ્છી લોહાણા**

ગામ ભુજ હાલ નાશિક નિવાસી ભાનુમતી મનુભાઇ જોબનપુત્રાના પુત્ર કશ્યપ (ઉં.વ. ૬૩) તા. ૨-૪-૨૬ ગુરુવારના રામશરણ પામ્યા છે. તે રંજનબેનના પતિ. હેમલતાબેન ખીમજીભાઇ પાંધી (તેરા)ના જમાઇ. સૌ. ઉર્મી દર્શન પટેલ, સૌ. રિદ્ધિ તેજસ ચંદેના પિતા. શારદાબેન જીતેન્દ્ર ઠક્કર, યોગેશ, પ્રિતી વિપુલ કોઠારી, નયના જિતેન્દ્ર સોતાના ભાઇ. હેમાલી ગૌરવ જોબનપુત્રાના કાકા. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ થાણા સ્વ. કમળાબેન બાલુભાઇ દેસાઇના સુપુત્ર બીપીનચંદ્ર (ઉં. વ. ૮૮) તા. ૨-૪-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે તરૂણાબેનના પતિ. તે નિમેશ, પરાગ, પલ્લવીના પિતાશ્રી. તે અ. સૌ. જયશ્રી, અ. સૌ. રૂપલ તથા પરેશકુમારના સસરા. સ્વ. જેઠાલાલ (બચુભાઇ), સ્વ. ચંપાબેન, સ્વ. ત્રિવેણીબેન, સ્વ. નલિનીબેન, સ્વ. સર્યુબેનના ભાઇ. વાવેરાવાળા મણીલાલ હરગોવિંદદાસના જમાઇ. પ્રાર્થનાસભા ૫થી ૭ શનિવાર, તા. ૪-૪-૨૬ના ઠે. ગોપુરમ હોલ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, વર્ધમાન નગરની પાસે, જગજીવનરામ નગર, મુલુંડ (વેસ્ટ).

**દશા ઝારોળા વૈષ્ણવ વણિક**

કડોદવાળા હાલ સાંતાક્રુઝ, ડૉ. મુકુંદરાઈ દામોદરદાસ ગાંધી (ઉં. વ. ૯૪) તે સ્વ. ડૉ. વિપુલબેનના પતિ. સોમીલભાઈ, શીતલબેન જયકુમાર પારેખના પિતાશ્રી. મીરાના નાના. બુધવાર તા. ૧.૪.૨૬ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર તા. ૫.૪.૨૬ના સાંજે ૫ થી ૭. લક્ષ્મીનગર હોલ, ૧૦મો રોડ ખાર, ઘંટેશ્વર મંદિર નજીક, ખાર વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

હાલ થાણા નિવાસી, ગ.સ્વ. સરલાબેન જયંતભાઈ ગણાત્રા (ઉં. વ. ૮૩) તા. ૨/૪/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ગોરધનદાસ હરજી ગણાત્રાના પુત્રવધૂ, સ્વ. માધવજીભાઈ જીવરાજ રવેશિયાના દિકરી. કૃપેશ, વિરાજના દાદી. કિંજલ, રવિનાના દાદીસાસુ. નિવાહ, રૂઆન- રિધાનના દાદીમા. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે. રહેઠાણ: ફ્લેટ ૧૦૦૧/૧૦૦૨ રત્ન ઉમ્મીદ રેસીડેન્સી સોલંકી ધામની બાજુમાં લુઈસ વાડી થાણે વેસ્ટ.

**મોઢ પોરેચા**

મૂળગામ પોરબંદર હાલ કાંદિવલી, સ્વ. ચંપકલાલ પરીખના દીકરી ગં.સ્વ. તરલાબેન વિનોદભાઈ શાહ (ઉં. વ. ૮૦) તે પ્રણવ તથા સોનલના માતુશ્રી. રૂપલ તથા જયેશના સાસુ. હંસાબેન, હરીશભાઈ, કિશોરીબેન, ભુપેનભાઈ, શોભનાબેનના ભાભી. પિયરપક્ષે રામદાસભાઈ, અશોકભાઈ, ઉર્વશીબેન, ભારતીબેન તથા દિવ્યાબેનના બહેન. ૧/૪/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમની સર્વ પક્ષની પ્રાર્થનાસભા ૪/૪/૨૬ના રોજ ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ, પાંચમે માળે, પારેખ ગલ્લી કોર્નર એસ. વી. રોડ કાંદિવલી વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

# એનસીપીના વડા સુનેત્રા પવાર અને તેમના પુત્ર પાર્થ દિલ્હીમાં પાર્ટી નેતા પ્રફુલ પટેલને મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપીના પ્રમુખ સુનેત્રા પવાર અને તેમના પુત્ર પાર્થે નવી દિલ્હીમાં પાર્ટીના વરિષ્ઠ નેતા પ્રફુલ પટેલની તેમના નિવાસસ્થાને મુલાકાત કરી હોવાની જાણકારી પાર્ટીના પ્રવક્તા દ્વારા આપવામાં આવી હતી.

તેમણે જણાવ્યું હતું કે આ મુલાકાત ગુરુવારે રાત્રે થઈ હતી.

આ બેઠક મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે પાર્થ પવારે ગુરુવારે એનસીપીના કાર્યકારી પ્રમુખ પ્રફુલ પટેલ અને મહારાષ્ટ્ર એકમના વડા સુનીલ તટકરેને લક્ષ્ય બનાવતા અહેવાલોને 'નિરાધાર અને કાલ્પનિક' ગણાવ્યા હતા કે તેમણે ૨૮ જાન્યુઆરીએ વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના તત્કાલીન નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના મૃત્યુ પછી પાર્ટી પર કબજો કરવાનો પ્રયાસ કર્યો હતો.

પાર્થનું આ નિવેદન એવી અટકળો વચ્ચે આવ્યું છે કે સુનેત્રા પવાર પટેલ અને તટકરેથી નારાજ થઈ ગયા છે.

એનસીપી (એસપી)ના નેતા રોહિત પવારે ગયા અઠવાડિયે એવો દાવો કર્યો હતો કે સુનેત્રા પવારે ૧૦ માર્ચે ચૂંટણી પંચને પત્ર લખીને પક્ષના પ્રમુખ તરીકે તેમની નિમણૂક અંગે જાણ કરી હતી અને કહ્યું હતું કે તેમના પતિ અજિત પવારના મૃત્યુ પછી પાર્ટી તરફથી મળેલા કોઈપણ અગાઉના સંદેશાને અવગણવો જોઈએ.

રાજકીય સૂત્રો મુજબ, સુનેત્રા પવાર પટેલ અને તટકરેએ પાર્ટીના વડા તરીકે કાર્યભાર સંભાળતા પહેલા ચૂંટણી પંચને મોકલવામાં આવેલા પત્ર અંગે આપેલી સ્પષ્ટતાથી સહમત ન હતા.

પટેલ અને તટકરેએ ૧૬ ફેબ્રુઆરીએ ચૂંટણીપંચને પત્ર લખીને માહિતી આપી હતી કે પક્ષના બંધારણમાં સુધારો કરવામાં આવ્યો છે અને કાર્યકારી પ્રમુખ પ્રફુલ પટેલને તમામ સત્તાઓ આપવામાં આવી છે, રોહિત પવારે દાવો કર્યો હતો કે તેઓ પક્ષ પર નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. એનસીપીના પ્રવક્તા આનંદ પરાંજપેએ જણાવ્યું હતું કે સુનેત્રા પવાર, પાર્થ અને પટેલ ગુરુવારે રાત્રે રાષ્ટ્રીય રાજધાનીમાં પ્રફુલ પટેલના ઘરે તેમને મળ્યા હતા. પાર્થ તાજેતરમાં રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા છે, ત્યારે એનસીપીએ તેમના નાના ભાઈ જય પવારને પાર્ટીની 'એપેક્સ કમિટી'માં સામેલ કર્યા છે, જે રાજકારણમાં તેમનો ઔપચારિક પ્રવેશ દર્શાવે છે.

૩૧ જાન્યુઆરીએ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લેનારા સુનેત્રા પવારને ૨૬ ફેબ્રુઆરીએ સર્વાનુમતે પાર્ટી પ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા.■

## એનસીપી પર કોનું નિયંત્રણ?

# અજિત પવારના વિશ્વાસુ વિધાનસભ્યે તટકરે-પટેલના નામ કાપ્યાં?

## કારોબારીની બેઠકમાં વિધાનસભ્યો વચ્ચે ભારે બોલાચાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સુનેત્રા પવારના નેતૃત્વ હેઠળની એનસીપીના વરિષ્ઠ નેતાઓ વચ્ચે હાલમાં ચાલી રહેલી હુંસાતુંસીની અસર હવે બંને જૂથોના સમર્થક વિધાનસભ્યો વચ્ચે બોલાચાલીમાં પરિણમી રહી હોવાનું જોવા મળ્યું છે.

એનસીપી કાર્યકારી પ્રમુખ વરિષ્ઠ નેતા પ્રફુલ પટેલ અને સાંસદ સુનિલ તટકરે પાર્ટીમાં અલગ-થલગ થઈ ગયા હોવાનું ચિત્ર નિર્માણ કરવામાં આવી રહ્યું છે. સુનેત્રા પવારે ચૂંટણી પંચને લખેલા પત્ર પરથી એ વાત સામે આવી છે કે પાર્ટીમાં બધું બરાબર નથી. શું તટકરે અને પટેલના પદનો ઉલ્લેખ ચૂંટણી પંચને લખવામાં આ આવેલા પત્રમાં નહોતો એટલે એવી અટકળો વહેતી થઈ હતી કે તેમને પદ પરથી દૂર કરવામાં આવ્યા છે. આને કારણે, એનસીપીમાં સંઘર્ષની ચર્ચા રાજ્યભરમાં થઈ હતી. પાર્ટીના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું હતું કે જ્યારે તેના અસ્તિત્વનો મુદ્દો સામે આવ્યો ત્યારે પ્રદેશ પ્રમુખ સુનિલ તટકરેએ પાર્ટીના ખજાનચી શિવાજીરાવ ગર્જેને ઠમઠોર્યા હતા.

એનસીપીના રાષ્ટ્રીય અધ્યક્ષ સુનેત્રા પવારે ૧૦ માર્ચે ચૂંટણી પંચને પત્ર લખ્યો હતો. આ પત્રમાં તેમણે પોતાના પ્રમુખપદનો ઉલ્લેખ કર્યો હતો. પરંતુ સુનિલ તટકરે અને પ્રફુલ પટેલના હોદ્દાનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. રસપ્રદ વાત એ છે કે આ પત્રમાં શિવાજીરાવ ગર્જેનો ઉલ્લેખ ખજાનચી તરીકે કરવામાં આવ્યો હતો. શિવાજીરાવ ગર્જેને પવાર પરિવારના વિશ્વાસુ માનવામાં આવે છે.

પત્રમાં શિવાજીરાવ ગર્જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, તો પત્રમાં તટકરે-પટેલના હોદ્દાનો ઉલ્લેખ કેમ ન કરવામાં આવ્યો? આવો સવાલ ઘણા લોકો દ્વારા પૂછવામાં આવ્યો હતો. આનાથી એવી પણ ચર્ચા થઈ કે પક્ષમાં તટકરે-પટેલનું સ્થાન જોખમમાં છે. આ અંગે મોટો વિવાદ થયો હતો, પરંતુ એવું કહેવાય છે કે પત્ર ખજાનચી શિવાજીરાવ ગર્જે દ્વારા જ તૈયાર કરવામાં આવ્યો હતો. એવી ચર્ચા છે કે જ્યારે સુનિલ તટકરેને આ વાતની જાણ થઈ ત્યારે તેમણે ગર્જેને આ બાબતે ઠપકો પણ આપ્યો હતો. ■

### શિવાજીરાવ ગર્જે કોણ છે?

વિધાનસભ્ય શિવાજીરાવ ગર્જે મૂળ અહિલ્યાનગર જિલ્લાના પાથર્ડીના છે. શિવાજીરાવ ગર્જે સરકારી સેવામાં હતા, તેમણે થોડા વર્ષો સુધી ડેપ્યુટી કલેક્ટર તરીકે કામ કર્યું. ત્યારબાદ ગર્જેએ રાજકારણમાં પ્રવેશ કર્યો હતો, જેના માટે તેમણે સરકારી નોકરી છોડી દીધી. તેઓ ૨૦૦૨માં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી પસંદ કરીને સત્તાવાર રીતે પાર્ટીમાં જોડાયા. તેઓ છેલ્લા ૨૦ વર્ષથી પાર્ટીની સત્તાવાર જવાબદારીઓ સંભાળી રહ્યા હતા. આ કારણે, તેઓ શરદ પવારના વિશ્વાસુ બન્યા, જે દરમિયાન તેમને ઘણીવાર વિધાનસભ્યપદનો ઇનકાર કરવામાં આવતો હતો. જોકે, દોઢ વર્ષ પહેલા, અજિત પવારે શિવાજીરાવ ગર્જેને આપેલું વચન પાળ્યું હતું અને તેમને વિધાનસભ્ય બનાવ્યા હતા. ■

# હની સિંહનાં ગીતો બીભત્સ અને વાંધાજનકઃ પોલીસને ફરિયાદ



પુણેઃ રૅપર યો યો હની સિંહના ગીતોમાં શરાબ, ડ્રગ્સ અને ગન કલ્ચરને પ્રોત્સાહિત કરવા સાથે અશ્લીલ ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે, જે ચિંતાજનક હોવાની ફરિયાદ પુણેના જિલ્લાના ચાઈલ્ડ પ્રોટેક્શન ઑફિસર મંગેશ જાધવે શહેરના પોલીસ કમિશનર અમિતેષ કુમારને પત્ર લખીને કરી છે.

પત્રમાં જાધવે પોલીસને વિભાગને કહ્યું હતું કે હની સિંહનો કાર્યક્રમ યોગ્ય, સામાજિક રીતે જવાબદાર અને બાળ રક્ષણ તથા કાનૂની સલામતીઓના દાયરામાં રહે તેવી પોલીસે ખાતરી કરવી જોઈએ.

ચંદીદઢના ડૉ. પંડિતરાવ ધારેનવાર દ્વારા મહારાષ્ટ્ર મહિલા અને બાળ વિકાસ વિભાગને ફરિયાદ કરવામાં આવ્યા પછી ગુરુવારે પોલીસ કમિશનરને પત્ર લખવામાં આવ્યો હતો.

વન બૉટલ ડાઉન, ચાર બૉટલ વૉડકા, મનાલી ટ્રાન્સ, ધિસ પાર્ટ ગેટિંગ હૉટ, મખના, ગોલિયાં અને મિલિયોનેર જેવાં હની સિંહનાં ગીતો શરાબ, ડ્રગ્સ અને ગન કલ્ચરને પ્રોત્સાહિત કરે છે. હની સિંહના લાઈવ કોન્સર્ટમાં સગીરો (૧૮ વર્ષથી ઓછી ઉંમરના)ને પણ પ્રવેશ અપાય છે. જો તે આવાં ગીતો ગાશે તો બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર વિપરીત અસર પડશે, એવું જાધવે પત્રમાં લખ્યું હતું.

પત્રમાં વધુમાં જણાવાયું હતું કે હની સિંહે ૨૮ માર્ચે મુંબઈમાં તેના શો દરમિયાન સ્ટેજ પર બીભત્સ ભાષાનો ઉપયોગ કર્યો હતો. તેણે મુંબઈમાં 'માય સ્ટોરી' ટુર ઈવેન્ટમાં મિલિયોનેર, દેશી કલાકાર, માફિયા મુંદીર અને ડોપ શૉપે જેવાં ગીતો ગાયાં હતાં.

યોગાનુયોગ ગુરુવારે દિલ્હી હાઈ કોર્ટે ૨૦૦૬માં યો યો હની સિંહ અને બાદશાહ દ્વારા જારી બીભત્સ અને તિરસ્કારભર્યાં ગીતો સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. માનવી સંસ્કૃતિનાં લઘુતમ ધોરણોનું પણ આ ગીતો અપમાન છે, એવું કહીને કોર્ટે ઑનલાઈન પ્લૅટફૉર્મ્સ પરથી તેને દૂર કરવાના નિર્દેશ આપ્યા હતા. (પીટીઆઈ)■

# ટૅન્કરમાંથી એલપીજી ચોરવાનું રૅકેટ પકડાયુંઃ ૧.૨૬ કરોડની મતા જપ્ત

છત્રપતિ સંભાજીનગરઃ ટૅન્કરમાંથી એલપીજી ચોરીને તેને ગેરકાયદે વેચવાના રૅકેટનો પર્દાફાશ કરી સત્તાવાળાઓએ ૧.૨૬ કરોડ રૂપિયાની મતા જપ્ત કરી હતી. મળેલી માહિતીને આધારે રાજ્ય સ્તરના વિજિલન્સ સેલના અધિકારીઓએ બીજી એપ્રિલની મોડી રાતે ખોજેવાડી શિવાર પરિસરમાંના નિર્જન સ્થળે રેઇડ કરી હતી. વિજિલન્સ સેલના પ્રમુખ ગણેશ બેલ્લાળેની ટીમે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ)ના ટૅન્કર્સનું સીલ તોડીને તેમાંનો ગૅસ કમર્શિયલ અને ઘરેલુ સિલિન્ડરોમાં ભરનારાઓને રંગેહાથ પકડી પાડ્યા હતા. બે શકમંદને તાબામાં લેવાયા હતા. એલપીજી ભરેલાં બે ટૅન્કર અને ૨૬ સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યાં હતાં. આ ગૅસનાં સિલિન્ડર પછી માફિયાઓ પોતાનાં વિસ્તારમાં વેચતાં હતાં, એવું તપાસમાં જણાયું હતું. (પીટીઆઈ)■

# મલાડમાં નાણાકીય વિવાદમાં એસિડ હુમલોઃ ચારથી વધુ ઘાયલ

મુંબઈઃ મલાડ વિસ્તારમાં નાણાકીય વિવાદમાં બે જૂથના લોકોએ એકબીજા પર એસિડ ફેંકતાં ચારથી વધુ લોકો ઘાયલ થયા હતા. આમાંથી બે જણને સારવાર બાદ ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો, જ્યારે બાકીનાની સારવાર ચાલી રહી છે. કુરાર પોલીસે આ પ્રકરણે બે ગુના દાખલ કર્યા હતા અને ત્રણની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર મલાડમાં રહેતો સમરબહાદુર સિંહ દાગીના પોલિશ કરવાનું કારખાનું ધરાવે છે. આ જ વિસ્તારમાં કારખાનું ધરાવતા મયૂર કનોજિયા સાથે સમરબદાહુરનો રૂપિયાને મુદ્દે કેટલાક સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. આ બાબતને લઇ બુધવારે તેમની વચ્ચે ફરી વિવાદ થયો હતો, જેને પગલે બંને બે જૂથ સામસામે આવી ગયા હતા અને બંને જૂથના લોકોએ એકબીજા પર એસિડ ફેંકતાં ચારથી વધુ લોકો ઘાયલ થયા હતા. બનાવની જાણ થતાં પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસ આદરી હતી. બંને જૂથે એકબીજા વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે બે ગુના દાખલ કરવામાં આવ્યા હતા. ■

## વસઈમાં હડકાયા કૂતરાનો આતંક

# ચર્ચમાંથી બહાર નીકળતા શ્રદ્ધાળુઓ સહિત ૮ લોકોને કરડ્યો

વસઇઃ ગુડ ફ્રાયડે નિમિત્તે ચર્ચમાં ગયેલા શ્રદ્ધાળુઓ પર એક હડકાયા કૂતરાએ હુમલો કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. વસઈ પશ્ચિમના રાનશેત ગામમાં આવેલા દયા માતા ચર્ચ વિસ્તારમાં આ ઘટના બની હતી, જેમાં એક બાળકી સહિત ૭ થી ૮ લોકોને કૂતરાએ કરડીને ઈજાગ્રસ્ત કર્યા હતા.

શુક્રવારે સવારે ૯ વાગ્યાની આસપાસ ગુડ ફ્રાયડેના ખ્રિસ્તી ભાઈ-બહેનો રાનશેત સ્થિત દયા માતા ચર્ચમાં પ્રાર્થના માટે ગયા હતા. પ્રાર્થના પૂરી થયા પછી જ્યારે લોકો બહાર નીકળી રહ્યા હતા, ત્યારે એક હડકાયા કૂતરાએ એક નાની બાળકી પર હુમલો કર્યો હતો. તેને બચાવવા માટે બે લોકો આવ્યા, તો કૂતરાએ તેમને પણ કરડી લીધા હતા. આ ઉપરાંત કૂતરાએ અન્ય ૪ થી ૫ લોકોને પણ કરડીને ઈજાગ્રસ્ત કર્યા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. વસઈ-વિરાર મહાનગરપાલિકાની શ્વાન ટુકડીએ ઘટનાસ્થળે પહોંચીને હડકાયા કૂતરાને પકડી પાડ્યો હતો. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક પાલિકાની ડી.એમ. પેટીટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ■

# અદાલતો કંઈ એઆઇ દ્વારા નથી ચાલતીઃ હાઈ કોર્ટ

મુંબઈઃ પાંચ વર્ષથી પેન્ડિંગ પડેલી અપીલ પર તાત્કાલિક સુનાવણી કરવાની માગને હાઈ કોર્ટે તાજેતરમાં ફગાવી દીધી હતી. સાથે જ કોર્ટની કામગીરી 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ' દ્વારા ચલાવવામાં આવતી નથી એવો ટોણો મારીને કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, આ કેસ અત્યારે જે તબક્કે છે ત્યાં તેને તાત્કાલિક ઉકેલવો અશક્ય છે.

અદાલતમાં છેલ્લા ૩૦ વર્ષથી પેન્ડિંગ કેસો છે. તેથી આ અપીલમાં સંબંધિત કેસ પર તાત્કાલિક સુનાવણી કરવા માટેનું કોઈ વિશેષ કારણ જણાતું નથી, આથી આવા અનલિસ્ટેડ કેસો પર વિચાર કરવો શક્ય નથી એવું નિરીક્ષણ જસ્ટિસ જિતેન્દ્ર જૈનની સિંગલ બેન્ચે મોટર વાહન અધિનિયમ, કામદાર વળતર અધિનિયમ વગેરે હેઠળ મેસર્સ શાહ એન્ડ ફુરિયા એસોસિએટ્સ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઇનકાર કરતા નોંધ્યું હતું. આ અપીલની સુનાવણી ઝડપથી કરવા અને તેને માત્ર દાખલ કરવાના તબક્કે જ પતાવી દેવાની માગ કરવામાં આવી હતી.

તે સમયે, કોર્ટે નોંધ્યું હતું કે આ પ્રકારની અનેક અપીલો દાયકાઓથી પેન્ડિંગ છે અને વળતરની રાહ જોઈ રહી છે. અરજદાર લાખો રૂપિયાનું વળતર મેળવવા માટે ૧૫ વર્ષથી વધુ સમયથી રાહ જોઈ રહ્યા છે.












# થાણેમાં ૨૫૦૦ની ક્ષમતા ધરાવતું મહારાષ્ટ્રનું સૌથી મોટું ઓડિટોરિયમ બનશે

થાણેઃ મહારાષ્ટ્રનું સૌથી મોટું ઓડિટોરિયમ થાણેના ઘોડબંદર વાઘબીળ વિસ્તારમાં બનશે, એમ રાજ્યના પરિવહન પ્રધાન અને જિલ્લાના શિવસેનાના વિધાનસભ્ય પ્રતાપ સરનાઈકે શુક્રવારે જણાવ્યું હતું. રાજ્ય સરકારે ૧૩૮ કરોડ રૂપિયા મંજૂર કર્યા બાદ 'તીર્થરૂપ નિરૂપંકર અપ્પાસાહેબ ધર્માધિકારી નાટ્યગૃહ' નામનું આ ઓડિટોરિયમ ત્રણ વર્ષમાં બનશે, એમ તેમણે જણાવ્યું હતું.

આ ઓડિટોરિયમમાં ૨,૫૦૦ દર્શકોની વિશાળ બેઠક ક્ષમતા હશે. આમાં મુખ્ય હોલમાં ૧,૬૦૦ બેઠકો અને બે બાલ્કનીઓમાં દરેકમાં ૪૫૦ બેઠકોની ક્ષમતાનો સમાવેશ થાય છે. ૧૨ બેઠકોનો એક સમર્પિત બ્લોક ખાસ કરીને અપંગ વ્યક્તિઓ માટે અનામત રાખવામાં આવશે. તેમાં અલગ લિફ્ટ અને દિવ્યાંગો માટે ખાસ શૌચાલયની વ્યવસ્થા પણ હશે, એમ તેમણે જણાવ્યું હતું.

૭,૩૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા આ પ્રોજેક્ટમાં શહેરના પ્રતિષ્ઠિત 'ગડકરી રંગાયતન' કરતા ૧૨ મીટર ઊંચો સ્ટેજ હશે, જે ભવ્ય નાટ્ય નિર્માણ અને જટિલ સેટ ડિઝાઇનને માટે સાનુકૂળ હશે, એમ તેમણે જણાવ્યું હતું. સરનાઈકે ઉમેર્યું હતું કે, ૨૦૦૦ ચોરસ મીટરનો વિશાળ પ્લાઝા બનાવવા માટે લગભગ ૬૦ ટકા પરિસર ખુલ્લો રાખવામાં આવશે જેમાં ૨૦૦૦ નાગરિકોને લાઇવ ઇવેન્ટ્સ, શેરી નાટકો અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે સમાવી શકાય. '૬૫૦ ફોર-વ્હીલર અને ૩૦૦ ટૂ-વ્હીલર માટે જગ્યા ધરાવતો ત્રણ માળનો પાર્કિંગ લોટ હશે. ઓડિટોરિયમની આવક વધારવા માટે, ૧,૦૦૦ લોકોની ક્ષમતા ધરાવતા બે મોટા બેન્ક્વેટ હોલ બનાવવામાં આવશે. વાસ્તવિક કાર્ય શરૂ થાય તે પહેલાં થિયેટર નિર્માતાઓ, દિગ્દર્શકો અને કલાકારો સાથે તેમના વ્યાવસાયિક સૂચનો મેળવવા માટે ટૂંક સમયમાં એક બેઠક બોલાવવામાં આવશે,' એમ તેમણે કહ્યું હતું. ■









# જાહેર ઉપયોગ માટેનો પ્લોટ ગેરકાયદે વેચવા બનાવટી દસ્તાવેજો તૈયાર કરનારની ધરપકડ

થાણેઃ જાહેર ઉપયોગ માટે અનામત રખાયેલા પ્લોટના વેચાણને સરળ બનાવવા બોગસ દસ્તાવેજો તૈયાર કરવા બદલ ૫૯ વર્ષના શખસની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ અધિકારીએ કહ્યું હતું કે કોપરખૈરાણે વિસ્તારમાં આવેલો પ્લોટ પ્લાનિંગ એજન્સી સિટી એન્ડ ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (સિડકો) દ્વારા જાહેર સેવાઓ માટે અનામત રાખવામાં આવ્યો હતો. જોકે આ પ્લોટના બનાવટી દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હતા અને તેને ગેરકાયદે વેચવામાં આવ્યો હતો. ઉપરાંત તેના પર બાંધકામ પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી હતી. આ અંગે ફરિયાદ મળ્યા બાદ પોલીસે તપાસ આદરી હતી અને જાણવા મળ્યું હતું કે નવી મુંબઈના નેરુળ ગામમાં રહેનારા પ્રભાકર આત્મારામ મ્હાત્રેએ સિડકોના પ્લોટના વેચાણને સરળ બનાવવા બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યા હતા. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને મ્હાત્રેની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)■

# જિલ્લા પરિષદના કર્મચારીએ કર્યો સગીરાનો વિનયભંગ

પાલઘરઃ સ્કૉલરશિપ પ્રોગ્રામની માહિતી આપવાને બહાને સગીરાનો કથિત વિનયભંગ કરવા બદલ પોલીસે જિલ્લા પરિષદના કર્મચારી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ૧૭ વર્ષની સગીરા તેની બહેન સાથે પહેલી એપ્રિલે જિલ્લા પરિષદની ઑફિસમાં આવેલા શિક્ષણ વિભાગમાં ગઈ હતી. વાતચીત દરમિયાન એક કર્મચારી સ્કૉલરશિપની વિગતો આપવાને બહાને સગીરાને અયોગ્ય સ્પર્શ કરવા લાગ્યો હતો.

આવા શરમજનક કૃત્યનો વિરોધ કરી સગીરાએ કર્મચારીને લાફો ચોડી દીધો હતો. બાદમાં ઘટના અંગે પાલઘર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. ફરિયાદને આધારે ૪૫ વર્ષના આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આ કથિત ઘટનાની તપાસ કરવાની ખાતરી જિલ્લા પરિષદના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર મનોજ રાનડેએ આપી હતી. રાનડેએ કહ્યું હતું કે એ કર્મચારીની છાપ સારી છે અને ઑફિસમાં આવી કોઈ ઘટના બની એ માનવું જરા મુશ્કેલ છે. અમે પોલીસના રિપોર્ટની રાહ જોઈ રહ્યા છીએ. (પીટીઆઈ)■

# શેર ટ્રેડિંગમાં રોકાણ પર ઉચ્ચ વળતરની લાલચે ૧.૬૮ કરોડ રૂપિયાની છેતરપિંડીઃ બેની ધરપકડ

મુંબઈઃ શેર ટ્રેડિંગમાં રોકાણ પર ઉચ્ચ વળતરની લાલચે ફાર્માસ્યુટિકલ કંપનીના અધિકારી સાથે ૧.૬૮ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવાના કેસમાં સાઉથ રિજન સાયબર પોલીસે બે જણની ધરપકડ કરી હતી. આરોપીઓની ઓળખ પરાગ પાઠક અને ચિરાગ દાની તરીકે થઇ હોઇ અદાલતે તેમને ૭ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ફાર્માસ્યુટિકલ કંપનીનો અધિકારી નવેમ્બર, ૨૦૨૫માં સોશિયલ મીડિયા પર શેર ટ્રેડિંગ બાબતે જાહેરાત જોતો હતો ત્યારે તેને એક ડૉક્ટરના નામે મેસેજ આવ્યો હતો, જેમાં ઇન્વેસ્ટમેન્ટ અંગે પૂછવામાં આવ્યું હતું. અધિકારીએ રોકાણ માટે તૈયારી દર્શાવ્યા બાદ તેને લિંક મોકલીને વ્હૉટ્સઍપ ગ્રૂપમાં ઍડ કરવામાં આવ્યો હતો. બાદમાં ગ્રૂપ ઍડમિન વૃતિકા આનંદે તેને અકાઉન્ટ ઍક્ટિવ કરવા ફૉર્મ પણ પાઠવ્યું હતું.


ફરિયાદી અધિકારીએ વૃતિકાના કહેવા પ્રમાણે આપેલા અકાઉન્ટ નંબર પર પ્રથમ પચીસ હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. ત્યાર બાદ નવેમ્બર, ૨૦૨૫થી જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન ફરિયાદી અધિકારીએ તેને અપાયેલા વિવિધ બૅન્ક અકાઉન્ટમાં ૧.૬૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા અને તેને પોર્ટફોલિયોની રકમ બે કરોડથી વધુ દેખાડવામાં આવી હતી. આથી તેણે રૂપિયા કાઢવા માટે રિકવેસ્ટ મોકલતાં તેની પાસે વધુ પૈસાની માગણી કરવામાં આવી હતી.

ફેબ્રુઆરી, ૨૦૨૬ના બીજા સપ્તાહે તેણે વૃતિકાનો સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો હતો, પણ મોબાઇલ નંબર બંધ હોવાનું તેને જાણવા મળ્યું હતું. પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં તેણે સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો. ■

# વાહન પર ડૉમ લાઇટ, સાઇરન લગાડનારાઓ વિરુદ્ધ કાર્યવાહી

મુંબઈઃ ટ્રાફિક પોલીસે બે દિવસમાં ૮૦ વાહનો પરની વિવિધ રંગની ડૉમ લાઇટ્સ અને ત્રણ સાઇરન જપ્ત કર્યાં હતાં. મુંબઈમાં અમુક ચાલકો પોતાનાં વાહનમાં ગેરકાયદે વિવિધ રંગની ડૉમ લાઇટ્સ અને સાઇરન લગાડીને ફરતા હોવાની ફરિયાદ વારંવાર ટ્રાફિક પોલીસને મળી હતી.

આથી આવા વાહનચાલકો સામે કાર્યવાહી કરવા માટે ટ્રાફિક પોલીસે બે દિવસ (બુધવાર-ગુરુવાર) વિશેષ ઝુંબેશ હાથ ધરી હતી, જે અનુસાર મરીન ડ્રાઇવ અને બાંદ્રા ટ્રાફિક વિભાગ દ્વારા અનેક વાહનોની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં નિયમોનું ઉલ્લંઘન કરનારાં ૮૦ વાહનો પરની વિવિધ રંગની ગેરકાયદે ડૉમ લાઇટ્સ તથા ત્રણ સાઇરન જપ્ત કર્યાં હતાં અને સંબંધિત વાહનચાલકો/માલિકો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવીહતી. ■

## ૯. લગ્ન સંબંધી

**બ્રાહ્મણ યુવક**

35-5'.8" CA/ CS જોબ, ગુજરાતી કન્યાના વડીલ સંપર્ક: 9029731936 - 9209822198. (દહેજ નહીં). (જેપી/ ૪૫૫૨-એ)

**ૐ જીવનસાથી**

યોગ્ય જીવનસાથી માટે સંપર્ક: 8591214507/ 9833941789. (દહેજ નહીં). (૯૨૪-એ)

**ગુજરાતી કન્યા મુંબઈ સ્થિત**

33, 5'4", નામમાત્ર ડાયવોર્સી, ગોરી, ગ્રેજ્યુએટ, MSC IT, માટે પ્રથમ વર, વિધુર, ડાયવોર્સી, ઉંમર ૩૮ સુધીના નોકરી/ બિઝનસમેન યુવક આવકાર્ય. જ્ઞાતિનું બંધન નથી. ફોન સાંજના 6થી 8 કરવો. સંપર્ક: 7021413380. (દહેજ નહીં.). (૯૫૮/ એ)

**લાઈફ પાર્ટનર**

મીટ (પરિચય મેળાવડો) કુંવારા લગ્નોત્સુક દિકરાઓ અને દિકરીઓ માટે, 19-04-2026, સંપર્ક:- શ્રી હરિ ફાઉન્ડેશન: 9082825482. (દહેજ નહીં). (૯૬૦/એ)

**પરિચય મિલન મેળાવડો**

**શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ દ્વારા આયોજિત લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે ૧૪મો પરિચય મિલન મેળાવડો શુક્રવાર તારીખ 1-5-2026. સંપર્ક: અનસુયાબેન ચોથાણી - 9221238188. (દહેજ નહીં). (૯૬૫/એ)**

■ બિઝનેસ ધરાવતા યુવક માટે જીવનસાથી બનવા ઈચ્છુક 50 થી 60 વર્ષની મહિલાઓ સંપર્ક કરો. 9819160100. (દહેજ નહીં). (બી-૧૭૩૬૨)

■ પૂનામાં માસ્ટર્સ વૈષ્ણવ કન્યા 1987 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૩૭૨)

■ અમેરિકા ફ્લોરીડા ગ્રીનકાર્ડ પટેલ કન્યા 1984 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૩૭૩)

■ પૂના - ઘાટકોપર જૈન બિઝનેસમેન 1994 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૩૭૪)

■ જૈન વાર્ષિક ત્રીસ લાખ એજ્યુકેટેડ યુવકો 1998, 1990, 1983, 1975, 1968, 1957 લગનથી / ફેમીલી પ્રોબ્લેમથી - 9638171600. (દહેજ નહીં). (બી-૧૭૩૭૮)

■ જૈન એજ્યુકેટેડ કન્યાઓ 1995, 1988, 1980, 1973, 1965, 1956 લગનથી / ફેમીલી પ્રોબ્લેમથી - 9998126219. (દહેજ નહીં). (બી-૧૭૩૭૯)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry). (908/A)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૨૨૫)

**શુદ્ધ ખાઓ**

દેવગઢ હાફૂસ કુદરતી પકવેલી પાયરી, કેસર, ઓર્ગેનિક ફ્રુટ્સ, વેજીટેબલ. રાજેશભાઈ - 9076133255. (જેપી/૪૫૫૫-એ)

**ટિફિન**

મુંબઈમાં દરરોજ ૧૦૦૦ ટિફિન જોઈએ છે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૩૩૩૫૭૭૮૦ ફક્ત વૉટ્સએપ (ફોન નહીં). (એસડીબી-૩૧૯૪)

## ૧૨. યાત્રા સહેલગાહ

**મહાબળેશ્વર બંગલો**

ડેલી ભાડેથી, ફક્ત 12 વ્યક્તિ, સ્વીમીંગ પૂલ. Cham House: 9820065681. (૫૩૧/સી)

**EXCELLENCY HOLIDAY**

દુબઈ, મોરેશિયસ, સિંગાપોર, થાઈલેન્ડ, સાઉથ આફ્રિકા, કાશ્મીર, હિમાચલ, ગોવા. 9820002810. (૯૪૦-જી)

**ચીરાગ / શ્રીનાથજી**

જતીપુરા, ગોકુલ, ચારધામ, ગંગાસાગર, જગન્નાથપુરી, અયોધ્યા, વારાણસી 9833009445. (૮૮૮-સી)


મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૨. યાત્રા સહેલગાહ

**નિઃશુલ્ક જાત્રા**

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧ ફક્ત વૉટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૩૧૯૫)

**લોનાવાલામાં**

**ફેમેલી, સીનીયર સીટીઝનને DAILY, WEEKLY, MONTHLY રૂમ ભાડેથી મળશે. (શુધ્ધ શાકાહારી જમવાનું). પ્રેમ નિવાસ 7977986364, 8169392216. (૯૫૯/એ)**

## ૧૪. નોકરી ખાલી છે

**જુહુસ્કીમમાં/પાર્લામાં/અંધેરીમાં**

લીવલાઈસન્સથી/વેચાતામાં સ્ટુડન્ટો/ફેમિલી માટે, 1થી 4 બેડરૂમના, ફર્નિશ્ડ ફ્લેટો. લેવા રાજેશભાઈ 9820772390. (એસડીબી-૩૧૯૮)

**"કાંદિવલીમાં પાર્ટટાઈમ..."**

સવારે: ૧૦થી ૧માં ફીમેલ કોમ્પ્યુટર આસિસ્ટન્ટ આવકાર્ય... (પગાર - ૪૦૦૦/-) 9819314587. (બી-૧૭૩૬૩)

**REAL ESTATE**

**Sales Wanted 10 Male Candidates to Work at a Reputed Real Estate Company at Juhu Scheme Earn 10 Lacs annually, on Commission Basis. Field Job 10 am to 7 pm Profile- Site Visits, Inspections, Meetings Whatsapp CV 7021919014. (875/C)**

**FEMALE ACCOUNTANT**

**Part / Full Time required for Finance Company, Fresher can apply. Send your resume on Whatsapp or Call 9819801111. (SDBG-3191)**

**REQD. ACCOUNTANT FOR Real Estate Developer Office at Opera House with knowledge in Tally & Account Finaliasation GST & TDS - Excel & Word. Email:- happyhome01@gmail.com (338)**

## ૧૫. નોકરી જોઈએ છે

A WELL EXPERIENCED TYpist, knowing Independent Correspondence, Computer, Export Procedures, Complete Office Routine, seeks Part Time Job. Please Contact 9930461779 Gadadhar Chandra Das. (B-17377)

## ૧૭. જગ્યા આપવી છે

**કલ્પતરુ એલિટસ**

LBS મુલુંડ. 2 BHK 804 Sq.Ft. ૧ પાર્કિંગ, મંદિર વ્યૂ, ગેસ લાઈન, ૪૦+ એમેનિટીઝ. કોલ ગોપન જોશી ૯૧૬૭૧૧૭૭૭૫. (એસડીબીજી-૩૧૬૧)

**જેવીપીડી ગુલમોહર**

**4/5 બેડરૂમ 2000/ 2500/ 2850/ 3200/ 3700 કાર્પેટ તૈયાર કબજો/ અન્ડર કન્સ્ટ્રક્શન હાયર ફલોર બધી સુવિધાઓ પૂલ, બેન્કવેટ, જીમ, મીની થિયેટર, પિકલ બોલ કોર્ટ - ઓપન વ્યૂ - 50000 થી 75000 psf "MIHIR" 7021919015. (૮૭૪/એ)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**

**3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૮૭૪/બી)**

**જુહુ સર્કલ**

**ડીએન નગર @ પ્રોજેક્ટ્સ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્કવેટ, ઈન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/6 બેડ 2200 થી 2500 @ 42000 psf 12-18 મહિનામાં કબજો. "MIHIR" 7021919015. (૮૭૪/સી)**

**સાન્તાક્રુઝ/ ખાર**

**લક્ઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્કવેટ, મીની થિયેટર, ટેરેસ ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, ઍમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૮૭૪/ડી)**

**સીટચ ફ્લેટો**

**એક્સક્લુઝિવ સી ફેસિંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેક્ટ્સ. પ્રાઈમ લોકેશન્સ: જુહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦ થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦+ સુવિધાઓ: બેન્કવેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો MIHIR 7021919015. (૮૭૪/ઈ)**

**Rustomjee Elements**

**જુહુ સર્કલ પાસે સુવિધાઓ સાથે 3 એકર, 5 BHK 3800' @ 42 કરોડ, 4 bhk 2350' @ 21 કરોડ. MIHIR 7021919015. (૮૭૪/એફ)**

**શ્રી નિકેતન | M/S Dipti Enterprises**

**લીંક રોડ કાંદીવલી (વેસ્ટ)**

- રેડી પજેસન નો GST,
- O.C. Received
- 1-2-3 BHK ના ફ્લેટો
- Rate Rs 25000/- psf onwards

**9819603333**
**9920177007**
**9920390666**

(બી-૧૭૨૬૯)

**Kalpataru Solitaire**

**જુહુ સ્કીમ સુવિધાઓ સાથે 1 એકર, 3600' ડુપ્લેક્સ 32 કરોડ, 3 BHK 1900' 13 કરોડ. MIHIR 7021919015. (૮૭૪/ જી)**

**વિલેપાર્લે (વેસ્ટ)**

**તૈયાર કબજો સંપૂર્ણપણે સજ્જ 3 BHK 1300' 6 કરોડ, 3.5 BHK 1400' 6.5 કરોડ, 4 BHK 1700' 8.5 કરોડ, તેમજ 2000'/ 2200'/ 2500'/ 3000' પૂલ, જીમ, ટેરેસ ગાર્ડન, ઈન્ડોર ગેમ્સ સાથેના પ્રોજેક્ટ્સમાં કબજો 1 વર્ષ. MIHIR 7021919015. (૮૭૪/એચ)**

**અંધેરી (વેસ્ટ)**

2 બેડરૂમ, 1050' - 1100' કાર્પેટ, અને ૩ બેડરૂમ 1250' - 1700' કાર્પેટ, ભાડેથી. એજન્ટ: -8850666935. (બી-૧૭૩૩૭)

■ વિરારમાં પ્રોપર્ટી, ખરીદવા, ભાડે, લીઝમાં, લોન માટે. તેજસ એસોસિયેટસ. 8806349777. (બી-૧૭૩૧૫)

**ઘાટકોપર (ઈસ્ટ)**

ગારોડીયા નગર, ૧ બેડરૂમ, 478' કારપેટ, માસ્ટર બેડરૂમ, ૨ બાથરૂમ, મોડયુલર કિચન, ૧ પાર્કિંગ, નવું બિલ્ડીંગ. વેચાણથી/ ભાડેથી. ઓનર: 9769287479. (૯૩૭-એ)

■ **સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૭૦૧-એ)**

**પ્રભાદેવી**

**નવા ટાવરમાં - OC છે, 3 બેડરૂમ - સિદ્ધિવિનાયક નજીક (Brokers Excuse):- 8591254627. (૯૪૦-ઈ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**વેચાણથી 1 BHK, 408 carpet, 2nd floor, વલ્લભબાગ extension, કુકરેજાની બાજુમાં, 1.25 Cr Negotiable. 9820100664. (એસડીબીજી-૩૧૮૦)**

**માટુંગા**

5 ગાર્ડન પાસે પ્રાઈમ એરિયા, ડીસેન્ટ સોસાયટી, ઈલિગેન્ટ ફ્લેટ 3 BHK 1100 કાર્પેટ, પાર્કિંગ સાથે વેચવાનો છે. ઓનર: 9892401880. (૯૩૮-સી)

**કાંદિવલી (વેસ્ટ)**

૨ બેડરૂમનો ફ્લેટ ૬૮૦' કારપેટ + ૭૨૦' ટેરેસ કારપેટ, "વૈશાલી એપાર્ટમેન્ટ", એમ. જી. રોડ, ૨ બેડરૂમનો ફ્લેટ "રોયલ સમર્પણ" સાંઈનગર ઓફ એમ. જી. રોડ, વેચવાના. ઓનર:- 9082319764 / 97735 26697. (બી-૧૭૩૪૯)

**ખાર / શાંતાક્રુઝ / વિલેપાર્લા**

**૨/૩/૪/૫ બેડરૂમના ફ્લેટો - વેચાણથી / લીઝથી. રેડી પઝેશન / બંધાતામાં વ્યાજબી ભાવે મળશે. ફોન:- ૯૮૬૭૧૫૩૩૭૭. (બી-૧૭૩૧૧)**

**"બાંદ્રાથી બોરીવલીમાં..."**

તૈયારમાં - બંધાતામાં : ફ્લેટો - દુકાનો - ઓફિસો - ગોડાઉન પ્રિલીઝડ લેવા / વેચવા / ભાડેથી - 9869463304, 7738151065. (બી-૧૭૩૧૩)

**ભાડેથી 3 બેડરૂમ**

**બોરીવલી જાંબલી ગલ્લી દેરાસર સામે ફુલ્લી ફર્નિશ્ડ ડુપ્લેક્સ પહેલા માળે ટૂંક સમય માટે આપવાનો છે કેતનભાઈ : 91378 69496. (૯૩૨-એ)**

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૮૮૩ - એ)

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' તથા ૬ બેડરૂમની જોડી ૨૩૦૦' કારપેટ એરિયા, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોઇલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ઓનર:- 9820156133. (બી-૧૭૩૨૦)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

ઈસ્ટ એવન્યુ - ૪ બેડરૂમ એરિયા આશરે ૧૮૦૦' કારપેટ, ૪ બાથરૂમ, ૩ લિફ્ટ, ૩ પાર્કિંગ, સ્વતંત્ર સર્વન્ટ ટોઇલેટ, વેસ્ટ ઓપન, રોડ ફેસીંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, ટેરેસ, નવું બિલ્ડિંગ, વેચવાનો ફોન:- 9820156133. (બી-૧૭૩૧૯)

**વિરાર (ઈસ્ટમાં)**

વજ્રેશ્વરી રોડ, નિસર્ગરમ્ય જગ્યામાં, સિનિયર સિટીઝનને રહેવાની /જમવાની વીકલી - મંથલી બેસીસ પર જગ્યા મળશે. સંપર્ક - 9820049194. (૯૪૦-એ)

**કાંદિવલી (વેસ્ટ)**

સુંદરબાગ, 1, 2, 3 BHK ભાડે તેમજ ખરીદવા. 9867932447. (૫૩૧-બી)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

૩ બેડરૂમ- ૯૫૬' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, વેલ ડનઅપ, હાયર ફલોર, ૧ પાર્કિંગ સાથે તુરંત વેચવાનો. "રશ્મિભાઈ" ૯૩૨૩૩૧૯૦૫૬ "દ્રુપદભાઈ" ૯૮૨૦૧૫૦૪૫૩. (બી-૧૭૩૪૫)

**વિલેપાર્લે વેસ્ટ**

**ઓનરશીપથી 2 બેડરૂમનો ફ્લેટ ૭૪૦' ૧૦મો માળ, 4 બેડરૂમ્સનો ફ્લેટ 1305' 12મો માળ બજાજ રોડ, આપવાનો છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ- ૯૮૧૯૮૭૪૫૧૫. (૯૪૯/એ)**

**JUHU - 4 BED**

**નવા બિલ્ડિંગમાં હાયર ફ્લોર, જીમ એમેનીટીઝ (10 Cr) અનિલભાઈ - 9004900290. (૯૪૪-એ)**

**સાન્તાક્રુઝ પૂર્વ**

1 બેડ ફુલ્લી ફર્નિશ્ડ વેચાણથી હાયરફલોર એરપોર્ટ વ્યુ 10 વર્ષ જુની બિલ્ડીંગ કાર પાર્કિંગ રૂા. 1.80 કરોડ અનીલ નાગપાલ મોબાઈલ - 9892718032. (બી-૧૭૩૫૧)

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી. પ્રાઈમ લોકેશન, ૩ બેડરૂમ, હોલ, કિચન, નવું બિલ્ડિંગ, હાયર ફ્લોર, ફક્ત કચ્છી અને ગુજરાતી જૈન માટે, કબજો ટૂંક સમયમાં. બ્રોકર- 8169019857, 9323030141. (૯૫૧/એ)

**REDEVELOPMENT ગયેલા**

**બિલ્ડિંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે). 7666644727. (૯૫૨/ઇ)**

**JUHU - 3 BED**

નવા બિલ્ડિંગમાં જીમ એમેનીટીઝ સાથે (6 Cr) અનિલભાઈ - 9004900290.(૯૫૪/એ)

**GREEN RIDGE**

**કમ્પાઉન્ડમાં દેરાસર જૈન મારવાડી ગુજરાતી લોકાલીટી બોરીવલી (વેસ્ટ) લીંક રોડ 2 બેડરૂમ 900' યુઝેબલ (2.90 Cr.). 7666644727. (૯૫૨/સી)**

**કાંદિવલી ઈસ્ટ**

સ્ટેશન પાસે, 1.5 બેડરૂમ 1.31 કરોડ, (Master Bed) 9869209916-8850411559. (જેપી/૪૫૫૪-બી)




(બી-૧૭૩૬૯)

**મલાડ (વેસ્ટ)**

**માર્વે રોડ આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમનાં ફ્લેટો વેચાણથી - ભાડેથી. લેવા: ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૩૧૭૮)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**તમે જે ચુકવો છો તે ભાવ છે, મૂલ્ય તે છે જે તમને મળે છે. 1 બેડરૂમ, હોલ, કિચન - 500' યુઝેબલ - 90 LAC, 2 બેડરૂમ, હોલ, કિચન - 880' યુઝેબલ - 1.70 CR, 2 બેડરૂમ, હોલ, કિચન - 810' કારપેટ - 2.60 CR, 3 બેડરૂમ, હોલ, કિચન - 1011' કારપેટ - 2.11 CR, 4 બેડરૂમ, હોલ, કિચન - 1250' કારપેટ, 3.70 CR, 5 બેડરૂમ, હોલ, કિચન - 1660' કારપેટ, 5.99 CR. HOME ALONE PROPERTY - જુગ્નું શાહ - 9833352224. (૯૪૬-એ)**




(બી-૧૭૩૦૮)

■ ૨ બેડરૂમ, પેડર રોડ એરિયા ૮૫૦+ ગેરેજ લો- મેઈન્ટેનન્સ બેસ્ટ બિલ્ડીંગ આપવાની છે. જગદીશભાઈ ૯૮૧૯૭૯૧૩૮૮/ ૮૮૫૦૧૯૭૩૦૦. (૩૩૫)

■ ૩ બેડરૂમ કન્વર્ટેડ ૪ બેડરૂમ સર્વન્ટસ રૂમ બાથરૂમ એરિયા ૨૦૦૦ મહાલક્ષ્મી મંદિર પાસે, લો મેઈન્ટેનન્સ ૨ પાર્કીંગ સાથે આપવાની છે. જગદીશભાઈ ૯૮૧૯૭૯૧૩૮૮/ ૮૮૫૦૧૯૭૩૦૦. (૩૩૬)

■ બે-ત્રણ બેડરૂમ લેવા વેચવા માટે સંપર્ક કરે. જગદીશભાઈ ૮૮૫૦૧૯૭૩૦૦/ ૮૮૫૦૧૯૭૩૦૦. (૩૩૭)

**લોનાવાલા-ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૭૩૫૯)

**અંધેરી (વેસ્ટ)**

જે. પી. રોડ, ભરડાવાડી, નવું બિલ્ડીંગ, 2/3 બેડરૂમ, 2.25/ 3.25 કરોડ, કાર પાર્કિંગ સાથે. સંપર્ક: મનીષ- 9324512690. (બી-૧૭૩૪૧)

**બોરીવલી વેસ્ટ**

દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં, SVP રોડ, 2 બેડરૂમ, 630' @ 2.35 CR પઝેશન નવેમ્બર 2026. બિલ્ડર - 8291699699. (૯૧૭-ડી)

MahaRERA Registration No. P51800047071 available on https://maharera.mahaonline.gov.in

**NEELSIDHI BRINDAVAN**
**ON VALLABH BAUG LANE**
**GHATKOPAR EAST 400077**

**3 BHK LUXURY FLATS ₹ 3.51 CR*. ONWARDS**

*T & C Apply

**READY POSSESSION**
**OC RECEIVED**

**98334 69305**

(B-17286)

**બોરીવલી વેસ્ટ**

દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં, SVP રોડ, 2 બેડરૂમ જોડી, 1232' @ 4.60 CR પઝેશન નવેમ્બર 2026. બિલ્ડર - 8291699699. (૯૧૭-એ)

**પ્રભાદેવી**

સિદ્ધિવિનાયક ૧/૨ બેડરૂમ - ૫૫૦'/ ૭૭૦' ઓનરશીપ, લિફ્ટ / પાર્કિંગ. "રજનીકાંત" ૯૮૨૧૨૬૮૬૯૯ (લેવા-વેચવા). (બી-૧૭૩૬૧)

**વિલેપાર્લે (વેસ્ટ)**

**૨ બેડરૂમનો ફર્નિશડ ફ્લેટ, ૨ બાથરૂમ + ૩૦૦ ફૂટ એટેચડ ટેરેસ, દાદાભાઈ રોડ, ચત્રભુજ સ્કૂલ પાસે, ૧ પાર્કિંગ સાથે વેચવાનો છે. સંપર્ક : 9892245522. (એસડીબી-૩૧૯૬)**

**ઘાટકોપર ઈસ્ટ**

**90 ફીટ રોડ ફેસીગ વિક્રાંત સર્કલ પાસે, 2 BHK (635 કાર્પેટ), 1 એટેચ બાથ, સેમી ફર્નિશ, 3rd ફ્લોર, લિફ્ટ, 1 પાર્કિંગ, ભાડે 6-9 મહિના, ઓનર: 9004255599. (એસડીબીજી-૩૧૯૭)**

■ દહિસરમાં માનવ કલ્યાણ પાસે ટાવરમાં 1 બેડરૂમ - 450' કાર્પેટ, હાયર ફ્લોર ભરપૂર હવાઉજાસ, OC, પાર્કિંગ સાથે (1,05,00,000). ઓનર:- 9920759715. (૯૬૧-એ)

**બત્રીસ હજારમાં**

1 બેડરૂમ ભાડેથી, કાંદિવલી વેસ્ટ, લિફ્ટ છે, મુકેશભાઈ 9082825482. (૯૬૦-સી)

**BUY-SALE-RENT**

અશોકનગર કાંદિવલી (ઈસ્ટ) એક/બે/ત્રણ/ ચાર બેડરૂમ હવેલી, દેરાસર નજીકમાં Lock in Key with OC (સૌથી જૂના Experts Broker) VINAYAK ESTATE AGENCY 9869209916-8850411559. (જેપી/૪૫૫૪-બી)

**વિલેપાર્લે (વેસ્ટ)**

અંબામાતા ચોક અને KLS હૉસ્પિટલ નજીક 3 - બેડરૂમ - 890' તેમજ 2 - બેડરૂમ - 730' પઝેશન - જૂન 2026 નવકાર એસ્ટેટ : 9082631731. (જેપી/૪૫૫૪-ઈ)

**અંધેરી (ઈસ્ટ)**

નાગરદાસ રોડ 1- બેડરૂમ- 420' પાર્કિંગ સાથે 1.45 નેગોશિએબલ નવકાર એસ્ટેટ: 96196 74640. (જેપી/૪૫૫૪-એફ)

**સાઉથ મુંબઈ રાજસ્થાન એસ્ટેટ**

**2, 3, 4 બેડરૂમ આકર્ષક ફ્લેટ નેપયન્સી વાલકેશ્વર મરીન ડ્રાઈવ કફ પરેડ, તારદેવ, બ્રીજ કેન્ડી અલ્ટામાઉન્ટ ચર્ચગેટ, પેડર ગોવાલીયા ટેંક ખરીદ અને વેચાણ માટે નવા બિલ્ડીંગ નવા કન્સ્ટ્રક્શનના ફ્લેટ. Contact: Gopalbhai Jaipurvala 9322898994, Mukesh Mehta 9967502537. (૩૩૯)**

**MALAD WEST**

**1 BHK-1.15 Cr.(All Incl.)**
**2 BHK-1.60 Cr.(All Incl.)**

AMENITIES: • Walk of 8 • Sun Deck • Fitness Center • Game Zone • Yoga • Rain Water Harvesting & Many More.

Opp Jain Derasar, Nr. Shiv Shakti Mandir

**Possession May 2026**

A Project By: Imperial Group -

**75069 53114**
**98212 91100**

RERA NO.PR1180002500372

(B-17332)

**RUSTOMJEE SUMMIT**
**બોરીવલી (ઈસ્ટ)**

**ઈન્વેસ્ટર્સ ફ્લેટ 3 બેડરૂમ 1139' (3.50 CR. પેકેજ- નેગોશિયેબલ). 8693098975. AGENT. (૯૫૮/બી)**

**RUSTOMJEE PINNACLE**
**બોરીવલી (ઈસ્ટ)**

**ફર્નીશ્ડ 2.5 બેડરૂમ, 800' કારપેટ (2.40 CR. નેગોશિયેબલ). 8693098975. (AGENT) (૯૫૮/સી)**

**બોરીવલી (ઈસ્ટ)**

**SUN & MOON બિલ્ડીંગમાં ફર્નીશ્ડ 2 બેડરૂમ, 780' કારપેટ (2.30 CR. નેગોશિયેબલ). AGENTR: 8693098975. (૯૫૮/ડી)**

**RUSTOMJEE SUMMIT**
**બોરીવલી (ઈસ્ટ)**

**2.5 બેડરૂમ, ફર્નીશ્ડ 900' કારપેટ (ભાડુ 85,000/-) 8693098975. AGENT. (૯૫૮/ઈ)**

**કાંદિવલી (વેસ્ટ)**

1 BHK Converted, શાંતિકુંજ, બીજે માળે, એમ. જી. રોડ, ડોમીનો પીઝાની સામે ભાડે આપવાનું છે. (દલાલ માફ) ધવલ મહેતા - 9004489993. (૯૬૯-એ)

**વાલકેશ્વર/ મલબારહિલ**

**પોશ બિલ્ડિંગ/ પોશ ફ્લેટ - 2 BHK/ 3 બાથરૂમ - એરીયા 1045' યુઝેબલ - સીવ્યુ - વેચાણ માટે. માલિક 8433916262. (૯૬૮-એ)**

**લોનાવાલા/તુંગારલી**

**ટચિંગ ફરિયાસ રિસોર્ટ - પોશ વેચાણ માટે 6 BHK વિલા - 7,500 ચોરસ ફૂટ કાર્પેટ - તૈયાર કબજો - નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી 45 મિનિટ - માલિક 8433916262. (૯૬૮-બી)**

**ઘાટકોપર ઈસ્ટ વેચાણથી**

લાયન્સ ગાર્ડન પાસે 3 BHK ૧૧૦૦ કારપેટ વ્યાજબી ભાવે તુરંત કબજો 9820345511. (૯૬૭-એ)

**અંધેરી ઈસ્ટ**

**Vishal - Bima Nagar - Varma Nagar માં Flats (Benefit of Redevelopment) સાથે સ્ટેશન નજીક લેવા સારી તક 9820601794 Bharat Mayani. (એસડીબી-૩૨૦૧)**

**ઘાટકોપર ઈસ્ટ**

**વેચાણથી બે બેડરૂમ જોડી 1700', ત્રણ બેડરૂમ 1050' - 980' - 1080' ફુલી ફર્નિશ્ડ ત્રણ બેડરૂમ જોડી 2100' બે બેડરૂમ - 865' - 805' - 704' - 600' નવું ટાવર, પાર્કિંગ એક બેડરૂમ 570' તેમજ ઘાટકોપર ઈસ્ટ 4 બેડરૂમ એક્સક્લુસિવ ફ્લેટ ભાડેથી 2-3-4 બેડરૂમ લેવા, "જ્યોતિ એસ્ટેટ" - 9029335133. (૯૬૬-એ)**

**અંધેરી (ઈસ્ટ)**

**પારસી પંચાયત રોડ, (આર. કે. સિંગ રોડ) આંબાવાડી, 1 બેડરૂમ , 604' કારપેટ, હાયર ફ્લોર રોડ ફેસિંગ. (1.55 CR) (ઓનર) પ્રવિણભાઈ: 9930189656. (૯૫૯/એચ)**

**કાંદિવલી (વેસ્ટ)**

વીર ટાવરમાં 3 & 4 BHK Flat સ્પેશિયસ કાર્પેટ, Upper Floor મોર્ડન એમેનીટીઝ સાથે, સ્કૂલ, કોલેજ, માર્કેટ, કચ્છી-ગુજરાતી-રાજસ્થાની જૈન પાડોશ, દેરાસર અને ઉપાશ્રય કોમ્પલેક્ષમાં, સંપર્ક: દિનેશ સાવલા - 9757252097. (૯૬૨-ઈ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**jade Garden**

**ન્યુ કોમ્પલેક્ષ, ૩ બેડરૂમ, ૧૨૦૦ + કારપેટ રીસેલ ફ્લેટ. માર્સ પ્રોપર્ટીઝ - 7208215105. (૯૬૩/એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**Royal Alteeza**

**ન્યુ કોમ્પલેક્ષ, ૨ બેડરૂમ, ૭૦૦ + કારપેટ, રીસેલ ફ્લેટ. ૨૩૫ લાખ. માર્સ પ્રોપર્ટીઝ - 7208215105. (૯૬૩/બી)**

**જૈનો માટે બોરીવલી (વેસ્ટમાં)**

**ઉપાશ્રય તેમજ એમેનીટીસવાળા ટાવરમાં એસ. વી. રોડ, દેરાસર, હવેલી, સ્ટેશન પાસે ૨, ૩ બેડરૂમ (POSSESION DECEMBER 2027). 9820536123. (૯૫૮/એફ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**72 PARKSYDE**

**ન્યુ કોમ્પલેક્ષ, ૨ બેડરૂમ, રીસેલ ફ્લેટ, ૨ કરોડ, માર્સ પ્રોપર્ટીઝ - 7208215105. (૯૬૩/સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**60' ROAD**

**ન્યુ ટાવર, ૨/૩ બેડરૂમ, ૮૦૦+ કારપેટ, રીસેલ ફ્લેટ, માર્સ પ્રોપર્ટીઝ - 7208215105. (૯૬૩/ડી)**

**બોરીવલીમાં**

**1/2/3 બેડરૂમના ફ્લેટ્સ રેડી/ બંધાતામાં લેવા સંપર્ક: AK Realtty - અશોકભાઈ - 9821362244. (૯૬૨/એ)**

**મહાવીર નગર**

કાંદિવલી (વેસ્ટ), 3 બેડ (1+1 જોડી), ફુલ્લી ફર્નીશ્ડ, 2 કાર પાર્કીંગ, હાયર ફ્લોર, વેસ્ટ - ઓપન, પ્રેસ્ટિજ્યસ બિલ્ડીંગમાં લેવા માટે. સંપર્ક: 9920712375, 9004373099. (૯૬૨/બી)

**અંધેરી (ઈસ્ટ)**

નવા બંધાતા હાઇ રાઈઝ ટાવરમાં, 1 અને 2 BHK અને જોડી ફ્લેટ, ઈસ્ટ-વેસ્ટ ઓપન, 75% વર્ક કમ્પ્લિટેડ, કચ્છી / વાગડ / જૈન ગુજરાતી / મારવાડી પાડોશ, હાઈવે અને મોગરા મેટ્રો સ્ટેશનની પાસે, કોમ્પલેક્ષમાં જ દેરાસર અને ઉપાશ્રય, સંપર્ક- 9757252097 / 9653676971. (૯૬૨/સી)

■ માટુંગા વેસ્ટ, દાદર, પ્રભાદેવી 1 BHK 450, 2 BHK - 600, 3 BHK 1110 કાર્પેટ. ફ્લેટ, દુકાન, ઓફિસ, વેચાણ, ભાડેથી મળશે. રેરા રજિસ્ટ્રેશન 9594966701. (બી-૧૭૩૬૫)

**તારદેવ**

3 બેડરૂમ - 1600' - કાર્પેટ - પાર્કીંગ 7,25,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૫૩૩/બી)

**નાનાચોક**

3 બેડરૂમ - 900' - કાર્પેટ - પાર્કીંગ 5,80,00000/= શાહ - 9820068382. (૫૩૩/બી)

**ગોવાલીયા ટેંક**

3 બેડરૂમ - 1300' - કાર્પેટ - 7,00,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૫૩૩/બી)

**ગામદેવી**

2 બેડરૂમ - 825' - કાર્પેટ - પાર્કીંગ 3,80,00000/= શાહ - 9820068382. (૫૩૩/એ)

**તારદેવ**

2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કીંગ 4,50,00000/= શાહ - 9820068382. (૫૩૩/એ)

**ગોવાલીયા ટેંક**

2 બેડરૂમ - 840' - કાર્પેટ - પાર્કીંગ - સીવ્યુ. 5,70,00000/= શાહ - 9820068382. (૫૩૩/એ)

**કીંગ સર્કલ**

માટુંગા (સે.રે.), રિધ્ધિ-સિધ્ધિ એપાર્ટમેન્ટ, અમુલખ સ્કૂલ સામે, ૨ બીએચકે, એરીયા ૭૦૪ રેરા સ્કે. ફીટ, ૧૮મે માળે, મોડ્યુલર કીચન, દરેક રૂમમાં એસી, સ્વીમીંગ પુલ, જીમ, ટેરેસ ગાર્ડન, મીની થિયેટર, પાર્કીંગ સાથે વેચવાનો છે. સંપર્ક : ઓનર ૮૮૫૦૮૩૧૫૫૧. દલાલ માફ. (બી-૧૭૩૭૧)

**અંધેરી ઈસ્ટ**

લીવલાયસન્સથી 2 બેડરૂમ વિશાલ હોલ નજીક અનફર્નિશ્ડ રીમા એસ્ટેટ 9820000627 / 7045660627. (એસડીબી-૩૨૦૦)

**શિહોર (ભાવનગર)**

**2 બેડરૂમ સ્ટેશન પાસે લીફ્ટવાળામાં વેચાણથી આપવો છે. - દિનેશ - 9320202779. (એસડીબી-૩૧૯૯)**

(જુઓ પાનું ૧૦) ▶▶

# ગુજરાતમાં માવઠું, અમદાવાદમાં પણ ભારે પવન સાથે વરસાદી ઝાપટાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સતત બીજા દિવસે ગુજરાતના ઘણા વિસ્તારોમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ પડ્યો હતો અને ભરઉનાળે ગાજવીજ અને વંટોળ સાથે વરસાદ પડ્યો હતો. અમદાવાદમાં પણ મોડી સાંજે વરસાદી ઝાપટાં આવ્યા હતા. ખાસ કરીને દ્વારકા, પોરબંદર, જામનગર અને ગીર સોમનાથ સહિત સૌરાષ્ટ્ર અને કચ્છના જિલ્લાઓમાં વરસાદ પડ્યો હતો.

જિલ્લામાં દ્વારકા, ખંભાળિયા અને કલ્યાણપુરમાં ધોધમાર વરસાદ પડ્યો. કલ્યાણપુરમાં સૌથી વધુ એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો, જ્યારે ખંભાળિયામાં લગભગ અડધો ઇંચ વરસાદ પડ્યો હતો. જામ કલ્યાણપુરના પિંડારા ગામમાં, મંડપ પાણીથી ભરાઈ જવાને કારણે ધાર્મિક કાર્યક્રમ મુલત્વી રાખવાની ફરજ પડી હતી. ભાટિયા અને આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં પણ નોંધપાત્ર વરસાદની જાણ થઈ હતી. પોરબંદર શહેર અને તેના ગ્રામ્ય વિસ્તારો તેમ જ બરડા વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. વરસાદ સાથે ફૂંકાયેલા ભારે પવનને કારણે શહેરમાં એક મોબાઇલ ટાવર ધરાશાયી થયો હતો. કચ્છમાં ગાંધીધામ, આદિપુર, ભચાઉ, અંજાર, મુન્દ્રા અને વરસામેડીમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા. ભચાઉમાં, વરસાદે સ્થાનિક મીઠા ઉદ્યોગ માટે ચિંતા વધારી હોવાનું લોકો જણાવી રહ્યા છે.

ગીર સોમનાથના વેરાવળમાં, સટ્ટા બજાર વિસ્તારમાં વરસાદને કારણે પાણી ભરાઈ ગયા હતા. જામનગર શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં અચાનક હવામાનમાં ફેરફાર અને કમોસમી વરસાદ જોવા મળ્યો હતો, જ્યારે રાજકોટ શહેર અને જેતપુરમાં પણ વરસાદ પડ્યો હતો. થાનેસરા, તડાવ, ચંદનગઢ, રાણા, કુંડારિયા અને કરલી જેવા ગામો સહિત ઉત્તર ગુજરાતના વાવ-થરાદ અને બનાસકાંઠા વિસ્તારોમાં પણ કમોસમી વરસાદ વરસ્યો હતો.

આ કમોસમી વરસાદને કારણે, આ ખેડૂતોના પાકને નુકસાન થવાની પૂરી શક્યતા છે. વરસાદી પાણી ખેતરોમાં ભરાઈ ગયા છે, જેના કારણે મગ, તલ, મગફળી અને જીરું જેવા ઉનાળુ પાકને નુકસાન થયું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. કેટલાક વિસ્તારોમાં કેરીના બગીચાઓને પણ અસર થઈ છે, ભારે પવનને કારણે ફળો પડી ગયા છે. દ્વારકાના ભાટિયા ગામમાં, માર્કેટિંગ યાર્ડમાં પાક લાવનારા ખેડૂતોએ અપૂરતી સુવિધાઓને કારણે તેમના પાક ભીંજાઈ ગયા હતા.

આ સાથે ભારતીય હવામાન વિભાગે આગામી ૨૪ કલાક માટે યલો એલર્ટ જારી કર્યું છે, જેમાં ૧૫ જિલ્લામાં હળવા વાવાઝોડા અને વીજળી પડવાની ચેતવણી આપવામાં આવી છે. કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ અને ગીર સોમનાથ તેમ જ કેન્દ્રશાસિત પ્રદેશ દીવ સહિતના સ્થળોએ વરસાદની શક્યતા છે. ■

# જૂનાગઢમાં નરસિંહ મહેતાની પ્રતિમાને અજાણ્યા શખસે ખંડિત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ શહેર ભક્તકવિ નરસિંહ મહેતાની નગરી તરીકે ઓળખાય છે, પરંતુ કોઈ વિકૃત કે અસામાજિક તત્ત્વો દ્વારા અહીંના ગિરનાર દરવાજા પાસે આવેલી એક પ્રતિમાને ખંડિત કરવામાં આવી હોવાના ધિક્કારને પાત્ર સમાચાર પ્રકાશમાં આવ્યા હતા. અહીં ઊભેલી મોટી પ્રતિમાનો એક હાથ કોઈએ ખંડિત કરી નાખ્યો હતો.

નરસિંહ મહેતા સ્ટેચ્યૂ ટ્રસ્ટ દ્વારા ૧૯૮૩માં સ્થાપિત કરાયેલી આ પ્રતિમા ૪૮ કલાકથી વધુ સમયથી ખંડિત હાલતમાં છે અને ટ્રસ્ટે હવે તેનું સમારકામ કરવાનું નક્કી કર્યું છે.

આ અંગે ટ્રસ્ટના સૂત્રોએ જણાવ્યું હતું કે ખંડિત ભાગને ફરીથી જોડવો કે પછી નવો જ બનાવવો તે અંગે કારીગર સાથે વાતચીત કર્યા બાદ નિર્ણય લેવામાં આવશે. હાલમાં તૂટેલો ભાગ પોલીસ સ્ટેશનમાં છે અને આગળની કાર્યવાહી થઈ રહી છે.

તેમણે ઉમેર્યું હતું કે આ પ્રતિમા મૂળ ગિરનાર દરવાજા સર્કલ પર નરસિંહ મહેતાના વારસાની યાદમાં સ્થાપિત કરવામાં આવી હતી, કારણ કે જૂનાગઢને નરસાઈયાની ભૂમિ માનવામાં આવે છે. આ સ્થાન જાણી જોઈને પસંદ કરવામાં આવ્યું હતું, કારણ કે નરસિંહ મહેતા દામોદરકુંડમાં સ્નાન કરવા માટે દરરોજ આ માર્ગ પરથી પસાર થતા હોવાનું માનવામાં આવે છે.

દરમિયાન, રહેવાસીઓએ ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા માટે સર્કલની આસપાસ યોગ્ય લાઇટિંગ અને સુરક્ષાના પગલાં લેવાની માગણી કરી હતી.

ઈતિહાસ અનુસાર ૧૫મી સદીના પ્રખ્યાત ભક્ત કવિ નરસિંહ મહેતાએ તેમના જીવનનો લાંબો અરસો જૂનાગઢમાં વિતાવ્યો હતો, જે તે સમયગાળા દરમિયાન ભક્તિનું એક મહત્ત્વપૂર્ણ કેન્દ્ર હતું. અહીં તેમણે ભગવાન કૃષ્ણને સમર્પિત ઘણાં ભજનો અને ભક્તિ કવિતાઓની રચના કરી હતી. અહીં નરસિંહ મહેતાનો ચોરો પણ એક ખૂબ જ પ્રસિદ્ધ સ્થળ છે જ્યાં નરસિંહ મહેતા ભક્તિમાં લીન થતા અને ભજનકીર્તન કરતા હતા. ■

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને કારણે વસ્તી ગણતરીનો કાર્યક્રમ મોકૂફ

## ૧૫ મ્યુનિસિપલ કોર્પોરેશનો સહિત કુલ ૩૯૩ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ૨૬ એપ્રિલે મતદાન થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થઈ ગયો છે. ચૂંટણી અને વસતિ ગણતરીની કામગીરી અટવાય નહીં તે માટે સરકાર દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. જે મુજબ રાજ્યમાં પાંચ એપ્રિલથી શરૂ થનારી વસતિ ગણતરી મોકૂફ રાખવામાં આવી છે. નવી તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. વસતિ ગણતરીની કામગીરીમાં મોટાભાગે સરકારી શિક્ષકો અને મહેસૂલ વિભાગના કર્મચારીઓ જોડાયેલા હોય છે. જો વસતિ ગણતરી અને ચૂંટણીની કામગીરી સાથે કરવામાં આવે તો વહીવટી તંત્ર પર ભારણ વધી શકે તેમ છે. આથી, ચૂંટણી પ્રક્રિયામાં કોઈ અવરોધ ન આવે તે હેતુથી વસતિ ગણતરી હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે. સરકાર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે પાંચ એપ્રિલથી શરૂ થનારી આ પ્રક્રિયા હવે પછીના આદેશ સુધી સ્થગિત રહેશે. વસતિ ગણતરી માટેની નવી તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે નામાંકન છ એપ્રિલથી શરૂ થશે. ૧૫ મ્યુનિસિપલ કોર્પોરેશનો સહિત કુલ ૩૯૩ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ૨૬ એપ્રિલે મતદાન થશે. ૨૮ એપ્રિલે પરિણામો જાહેર થશે. ■

# હવે સૌરાષ્ટ્રની કેસર કેરી ગીર-ગઢડાના સીમાડા બહાર પણ મહેકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ફળોના રાજા કેરીમા પણ સોરઠની કેસર કેરીની અલગ જ લોકપ્રિયતા છે. સૌરાષ્ટ્રના ગીર, તાલાળા અને વંથલી પંથકમાં મબલખ કેસરી કેરીનું ઉત્પાદન થાય છે. જોકે છેલ્લા કેટલાંક વર્ષોથી હવામાનને લીધે કેસર કેરીના ખેડૂતો નુકસાની વેઠી રહ્યા છે, પરંતુ બીજી બાજુએ સારા સમાચાર એ પણ છે કે હવે આ વિસ્તારો ઉપરાંત પણ આંબાની ખેતી થઈ રહી છે. ગુજરાત બાગાયત વિભાગના આંકડા મુજબ છેલ્લા પાંચ વર્ષમાં કેરીના વાવેતર વિસ્તારમાં આશરે ૧૦,૦૦૦ હેક્ટરનો વધારો થયો છે અને ઉત્પાદનમાં ૧ લાખ મેટ્રિક ટનથી વધુનો ઉછાળો જોવા મળ્યો છે.

એક સમયે જૂનાગઢ અને ગીર સોમનાથ જેવા પરંપરાગત વિસ્તારો પૂરતી સીમિત કેરીની ખેતી હવે સૌરાષ્ટ્રના લગભગ તમામ તાલુકાઓમાં ફેલાઈ ગઈ છે. જોકે ખેડૂતો સોનપરી અને પુસા અરુણિમા જેવી કેટલીક પ્રાયોગિક હાઈબ્રિડ જાતો અને નવાબી કાળની દૂધ પેંડો અને બેગમ પસંદ જેવી જાતો પણ ઉગાડે છે, પરંતુ આ વિસ્તરણમાં મુખ્ય હિસ્સો કેસર કેરીનો છે.

વર્ષ ૨૦૨૦-૨૧માં કેસરનું વાવેતર આશરે ૩૫,૦૦૦ હેક્ટરમાં હતું, જેમાં ૧.૮૯ લાખ મેટ્રિક ટન ઉત્પાદન થયું હતું. ૨૦૨૪-૨૫ સુધીમાં વાવેતર વિસ્તાર વધીને ૪૪,૦૦૦ હેક્ટરથી વધુ થયું હતું, જેનાથી ઉત્પાદન ૩.૧૫ લાખ મેટ્રિક ટન પર પહોંચ્યું હતું.

રોકાણની બદલાતી પેટર્ને પણ આમાં ભૂમિકા ભજવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઘણી શ્રીમંત વ્યક્તિઓ ખેતીની જમીનમાં, ખાસ કરીને ગીર વિસ્તારમાં નાણાંનું રોકાણ કરી રહ્યા છે અને કેરીની ખેતી પસંદ કરી રહ્યા છે. એક ખેડૂતે જણાવ્યું કે, આ લોકો નફા માટે નહીં પણ શોખ તરીકે આંબા ઉગાડે છે. તેઓ એવા બગીચા ઈચ્છે છે જ્યાં તેઓ પરિવાર સાથે આરામ કરી શકે અને ફળો પોતાના મિત્રવર્તુળમાં વહેંચી શકે.

સૂત્રોએ જણાવ્યું કે કેસર કેરીના નવા વિસ્તારો ઊભરી રહ્યા છે. યુવાન ખેડૂતો પ્રયોગો કરી રહ્યા છે. રાણાવાવ (પોરબંદર), ભાણવડ અને કલ્યાણપુર (દેવભૂમિ દ્વારકા), ઉપલેટા (રાજકોટ) અને અમરેલી જિલ્લાના જેસર વચ્ચેના પહાડી વિસ્તારોમાં કેસરના નવા કેન્દ્રો વિકસ્યા છે. આ ઉપરાંત ભાવનગર, રાજકોટ, મોરબી અને જામનગર જેવા જિલ્લાઓ પણ કેસરની ખેતી અપનાવી રહ્યા છે.

સૌરાષ્ટ્રની કેસર કેરી હવે ગીરના ડુંગરાઓમાંથી બહાર નીકળીને સમગ્ર પંથકને સુગંધિત કરી રહી છે, જે આગામી સમયમાં ગુજરાતના કૃષિ અર્થતંત્ર માટે ગેમ-ચેન્જર સાબિત થશે. જોકે હાલમાં રોજ બદલાતા હવામાન સહિતના કારણોને લીધે કેરીનો પાક અપેક્ષા કરતા ઓછો ઊતરી રહ્યો હોય, તેવી માગણી ખેડૂતો કરી રહ્યા છે. ■

# ઈડીએ આઠ કરોડના ડીએ કેસમાં જીએલડીસીના પૂર્વ અધિકારી સામે ચાર્જશીટ દાખલ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ અમદાવાદની એક જિલ્લા કોર્ટમાં ગુજરાત લેન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જીએલડીસી), આણંદના ભૂતપૂર્વ ફિલ્ડ સુપરવાઇઝર ધીરુભાઈ બાબાભાઈ શર્મા, મેસર્સ જલાશ્રય રિસોર્ટ પ્રાઇવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટર મયંક ધીરુભાઈ શર્મા સામે ફરિયાદ નોંધાવી હતી.

કોર્ટે આ કેસમાં ત્રણેય આરોપીઓને હાજર રહેવા માટે ૩૦ એપ્રિલની તારીખ નક્કી કરી હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી. ઉલ્લેખનીય છે કે, ઈડીએ જાન્યુઆરીમાં શર્મા સાથે જોડાયેલી આશરે ₹૪.૯૨ કરોડની સંપત્તિઓ કામચલાઉ રીતે જપ્ત કરી હતી. આમાં નડિયાદમાં 'જલાશ્રય રિસોર્ટ', રહેણાક મિલકતો, વ્યાપારી દુકાનો અને ખેતીની જમીનનો સમાવેશ થાય છે.

આ કેસ આણંદ એન્ટી કરપ્શન બ્યૂરો (એસીબી) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર પરથી નોંધવામાં આવ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે ૧ એપ્રિલ, ૨૦૦૬થી ૩૧ માર્ચ, ૨૦૧૮ની વચ્ચે, શર્માએ કથિત રીતે ₹૮.૦૪ કરોડની અપ્રમાણસર સંપત્તિ એકઠી કરી હતી, જે તેમની આવકના જાણીતા સ્રોતો કરતાં લગભગ ૩૫૪.૫૬ % જેટલી વધુ હોવાનું બહાર આવ્યું હતું.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર તપાસ દરમિયાન, ઈડીને મની લોન્ડરિંગના પુરાવા મળ્યા હતા. એજન્સીના જણાવ્યા અનુસાર, મેસર્સ જલાશ્રય રિસોર્ટ પ્રાઇવેટ લિમિટેડના નામે મોટી લોન લેવામાં આવી હતી, અને નિયમિત બેંકિંગ ચેનલોનો ઉપયોગ કરવાને બદલે લોનના હપ્તા ચૂકવવા માટે ખાતાઓમાં મોટી માત્રામાં રોકડ જમા કરવામાં આવી હતી. ઈડીએ જણાવ્યું હતું કે આવા વ્યવહારો ગેરકાયદે ભંડોળને લોન્ડરિંગ કરવા માટેની સૌથી સારી પદ્ધતિ માનવામાં આવે છે. આ રિસોર્ટ ૨૦૧૨માં શર્માની પત્ની અને પુત્રના નામે ખરીદેલી જમીન પર વિકસાવવામાં આવ્યો હોવાના અહેવાલ છે. તપાસમાં આગળ જાણવા મળ્યું કે શર્માએ વીમાની પૉલિસીઓ માટે પ્રીમિયમ રોકડમાં ચૂકવ્યા હતા, અને પાકતી મુદત પછીથી વ્યક્તિગત બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી જેથી તેમને કાયદેસર કહી શકાય. આ દસ્તાવેજોના આધારે, ઈડીએ કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ કરી છે, જેમાં આરોપીને ૩૦ એપ્રિલે હાજર થવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આ મામલે વધુ કાર્યવાહીની રાહ જોવાઈ રહી છે. ■

# કંડલાના નામે વધુ એક ઐતિહાસિક સિદ્ધિઃ દીનદયાલ પોર્ટ બન્યું દેશનું પ્રથમ 'ઈ-મિથેનોલ બંકરિંગ' પોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભારતના સમુદ્રી વ્યાપારને કાર્બન મુક્ત (ડી-કાર્બનાઇઝેશન) કરવાની દિશામાં દીનદયાલ પોર્ટ ઑથોરિટી, કંડલાએ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા 'ગ્રીન હાઇડ્રોજન હબ' તરીકે જાહેર કરાયેલા મહાબંદર કંડલા ખાતે દેશમાં પ્રથમ વખત ઈ-મિથેનોલ બંકરિંગનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ ભારત હવે વૈશ્વિક ગ્રીન શિપિંગના નકશા પર મજબૂતીથી ઊભરી આવ્યું છે.

આ પરીક્ષણ દરમિયાન જહાજમાં ઈ-મિથેનોલ લોડ કરવાની પ્રક્રિયા, પાઇપલાઇન દ્વારા વહનની ક્ષમતા અને સુરક્ષાના માપદંડોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આ પ્રક્રિયાના સફળ નિષ્કર્ષ બાદ હવે કંડલા બંદર મોટા માલવાહક જહાજોમાં ઈ-મિથેનોલ ઈંધણ ભરવા માટે સજ્જ બન્યું છે. ડીપીએ દ્વારા તાજેતરમાં જ મિથેનોલના પુરવઠા માટે આસામ પેટ્રોકેમિકલ્સ સાથે વ્યૂહાત્મક કરાર કરવામાં આવ્યા છે. સિંગાપોર અને રોટરડેમ પોર્ટ વચ્ચે ગ્રીન કોરિડોર પર ચાલતા આંતરરાષ્ટ્રીય જહાજો હવે ઈંધણ ભરવા (બંકરિંગ) માટે કંડલા પોર્ટનો સંપર્ક કરી શકશે.

આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે ડીપીએના ચેરમેન સુશીલ કુમાર સિંહ, યુરોપિયન સંસ્થા ડેટ નોર્સ્કે વેરિટાસના ઉચ્ચ અધિકારીઓ તેમજ કંડલા બંદરના વિવિધ વિભાગીય વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ થયેલું આ પરીક્ષણ પર્યાવરણ સુરક્ષાની દ્રષ્ટિએ સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે.

મેરીટાઇમ ડી-કાર્બનાઇઝેશન તરફ ડીપીએ દ્વારા આ એક મક્કમ ડગલું માંડવામાં આવ્યું છે. દેશભરમાં માત્ર કંડલા ખાતે જ અત્યારે આ પ્રકારની આધુનિક સુવિધા વિકસાવવામાં આવી છે, જે ગ્રીન એનર્જી ક્ષેત્રે ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ સિદ્ધિ બાદ આગામી દિવસોમાં કંડલા પોર્ટ વિશ્વના અગ્રણી ગ્રીન પોર્ટ્સની યાદીમાં સ્થાન પામશે, જેનાથી પ્રદૂષણમાં ઘટાડો થવાની સાથે વિદેશી હૂંડિયામણની પણ બચત થશે તેમ ડીપીએના ચેરમેન સુશીલ કુમાર સિંહે જણાવ્યું હતું. ■

# અમદાવાદના સેવન્થ ડે સ્કૂલ હત્યા કેસમાં સગીર આરોપીને હાઈ કોર્ટે જામીન આપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ખોખરા વિસ્તારમાં આવેલી બહુચર્ચિત સેવન્થ ડે સ્કૂલ હત્યા કેસમાં સગીર આરોપીની જામીન અરજી હાઈ કોર્ટે મંજૂર કરી હતી. અગાઉ અમદાવાદ સિટી સેશન્સ કોર્ટ ખાતે આવેલી ચિલ્ડ્રન કોર્ટે જામીન અરજી ફગાવી નાખ્યા બાદ, આ અરજી ગુજરાત હાઇ કોર્ટમાં દાખલ થઈ હતી. જેમાં આરોપી વિદ્યાર્થી સતત તણાવમાં રહેતા કોર્ટે રાહત આપી હતી.

જો કે મૃતક યુવકની માતાના વકીલે તથા રાજ્ય સરકારે ગુનાની ગંભીરતાને ટાંકીને જામીન અરજીનો હાઈ કોર્ટમાં સખત વિરોધ કર્યો હતો. તેમ છતાં હાઇ કોર્ટે જ્યુવેનાઈલ જસ્ટિસ એક્ટની જોગવાઈઓને વિગતવાર ટાંકીને સમજાવ્યું હતું કે તેનો હેતુ કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકમાં સુધાર લાવવાનો અને તેનું પુનર્વસન કરવાનો છે. કાયદાના સંઘર્ષમાં આવેલો કિશોર પોતે સ્કૂલે જતું બાળક છે અને કેસ ચાલવામાં સમય લાગશે તે બાબતને ધ્યાનમાં રાખીને કિશોરને તેના પિતા દ્વારા ૧૦ હજાર રૂપિયાના વ્યક્તિગત બોન્ડ રજૂ કરવાની શરતે જામીન પર મુક્ત કરવામાં આવે છે. આ અંગે અરજદારના વકીલે જણાવ્યું હતું કે, હાઇ કોર્ટે સમગ્ર મામલાને કાનૂની અને માનવતાવાદી દ્રષ્ટિકોણથી જોયો છે. જ્યુવેનાઇલ કાયદા મુજબ બાળકના સુધાર અને પુનર્વસનને પ્રાથમિકતા આપવામાં આવે છે. કોર્ટે યોગ્ય રીતે તમામ પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરીને જામીન મંજૂર કર્યા છે. ■

# અમદાવાદ-બોટાદ રેલવે લાઈન પર મન્કી ડિવાઈસનો પ્રયોગ થયો સફળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં વાનરોનો ઉપદ્રવ છે તેમ ઘણી રેલવે લાઈન પર પણ વાનરોને લીધે રેલવે વ્યવહારને અસર થતી હોય છે. વાનરોને લીધે ઑવરહેડ ઈલેક્ટ્રિફિકેશન લાઈન્સ ડેમેજ થતી હતી અને અને પાવર સપ્લાયને પણ અસર થતી હતી. મન્કી ડિવાઈસ ઈન્સ્ટોલ કર્યા બાદ આવી ઘટનાઓમાં ૫૦ ટકા ઘટાડો થયાનું અને આ પ્રયોગ સફળ થયાનું રેલવેના સૂત્રોએ જણાવ્યું હતું. રેલવે અધિકારીઓએ જણાવ્યું હતું કે વાનરો વારંવાર ઓવરહેડ વાયર પર ચઢી જાય છે, જેના કારણે વીજળીનો કરંટ લાગે છે અને કેબલ તૂટે છે, જેના કારણે ટ્રેનની કામગીરી ખોરવાઈ જાય છે. ગાંધીગ્રામ-બોટાદ વિભાગ ખાસ કરીને પ્રભાવિત થયો હતો, જ્યાં દર મહિને લગભગ ૩૫-૪૦ બનાવ વીજળી ખોરવાઈ જવાના નોંધાતા રહે છે.

દરેક એન્ટી-મંકી ડિવાઇસની કિંમત આશરે ₹૧,૦૦૦₹૨,૦૦૦ છે, અને રૂટ પર આવા ૧,૦૫૦ થી વધુ ડિવાઇસ ઇન્સ્ટોલ કરવાની યોજના છે.

આ રૂટ સાથે પાલનપુર અને સાકા જેવા વિસ્તારોમાં પણ વાનરોનો ત્રાસ છે. પાલનપુર માર્ગ પર ધોળકા તરફના પટમાં અને સાબરકાંઠાના કેટલાક ભાગોમાં, જ્યાં જંગલો અને માનવ વસાહતો નજીકમાં છે, ત્યાં પણ આવી જ સમસ્યાઓ નોંધાઈ છે, જેના કારણે વાનરોની કનડગત વધી છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સુરતમાં એક વયસ્કનું રોડ એક્સિડન્ટમાં કમકમાટીભર્યું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં એક ટૂ-વ્હિલરને બસે ટક્કર મારતા ૬૦ વર્ષીય ગૃહસ્થનું મોત થયું હતું, જ્યારે તેમની પાછળ બેસનારને ઈજા થઈ હતી.

આ ઘટના શહેરના પર્વત પાટિયા નજીક ક્રોસરોડ પર બની હતી. આ વિસ્તાર શહેરના વ્યસ્ત વિસ્તારોમાંનો એક માનવામાં આવે છે. અહીં ટૂ-વ્હિલરમાં જઈ રહેલા ૬૦ વર્ષીય ગજેન્દ્રકુમાર જૈનનું મોત થયું હતું અને તેમના મિત્ર ચંદ્રપ્રકાશ જૈનને ઈજા થઈ હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. મધ્ય પ્રદેશ પરિવહનની બસે ટક્કર મારતા આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનો સીસીટીવી વીડિયો પણ વાઇરલ થયો હતો. હાલમાં પુણા પોલીસ સ્ટેશન આ કેસની તપાસ કરી રહી છે. બીજા એક અકસ્માતમાં પલસાણાના તાતીથૈયા ગામે રહેતા અને મૂળ અયોધ્યાના વતની રામઅવતાર તુલસીરામ મોર્ય રિક્ષા લઈને પત્ની તેમ જ સંતાન સાથે નીકળ્યા હતા. રસ્તા પર ટ્રકે તેમને ટક્કર મારતા તેમનું મોત નિપજ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેમનાં પત્ની અને બાળકનો આ અકસ્માતમાં આબાદ બચાવ થયો હોવાની માહિતી મળી હતી. ■

# ચૂંટણી પહેલા સુરતના ગોરાટ વિસ્તારમાં પોસ્ટરો લાગતાં ભાજપની ચિંતા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા નાગરિકો પોસ્ટરોના માધ્યમથી પોતાનો રોષ વ્યક્ત કરી રહ્યા છે. સુરતના રાંદેર ગોરાટ વિસ્તારમાં ચૂંટણી પૂર્વે સોસાયટીઓમાં લગાવવામાં આવેલા કેટલાક બેનરોને કારણે શાસક પક્ષ ભાજપના નેતાઓની ચિંતા વધી છે.

આ બેનરોમાં લખવામાં આવ્યું છે કે, જે નેતાઓ મંદિરની રક્ષા કરી શકે તેવા નેતાઓએ જ મત માગવા આવવું. જેના કારણે ભાજપના નેતાઓ, ચૂંટણી લડવા ઈચ્છુંક ઉમેદવારો અને કાર્યકરો પણ અસમંજસની સ્થિતિમાં મુકાયા હોવાનું જણાઈ રહ્યું છે.

રાંદેર ઝોનનો ગોરાટ વિસ્તાર અશાંત ધારા હેઠળ આવે છે. સ્થાનિકો અને મંદિરના પૂજારીનો આક્ષેપ છે કે, ગોરાટ હનુમાન મંદિરની દીવાલને અડીને જ વિધર્મીઓ માટે એક બિલ્ડિંગનું નિર્માણ થઈ રહ્યું છે. અશાંત ધારાનો સરેઆમ ભંગ કરીને આ બાંધકામ થઈ રહ્યું હોવા છતાં કોઈ રાજકીય નેતાએ સ્થાનિકોની વહારે આવ્યા નથી. સ્થાનિકોનો આરોપ છે કે નેતાઓની મિલીભગતને કારણે જ મંદિરની સુરક્ષા જોખમાઈ રહી છે. ખાસ કરીને મંદિરની સુરક્ષા અને આસપાસના વિસ્તારના સામાજિક સંતુલનને બગડવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક હિન્દુ પરિવારો એવો દાવો કરી રહ્યા છે કે, આ બદલાવોથી તેમના ધાર્મિક સ્થળોની સુરક્ષા અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અંગે પ્રશ્નો ઊભા થયા છે. સ્થાનિકોએ આ બેનરો દ્વારા રાજકીય પક્ષોને સંદેશ આપવાનો પ્રયાસ કરવામા આવી રહ્યો છે. ■

# અશાંત ધારોઃ ભાવનગરમાં તોડકાંડ મામલે આઈએએસના ડ્રાઈવર મોમીન વિરુદ્ધ ગુનો દાખલ

## ૨૦ દિવસ પહેલા બનેલી આ ઘટનાએ સમગ્ર ભાવનગર શહેરમાં ચકચાર મચાવી દીધી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં અનેક વિસ્તારોમાં અશાંતધારો અમલમાં છે, ત્યારે જિલ્લા કલેક્ટર કચેરીમાં અશાંતધારાની ફાઈલો મંજૂર કરાવવાના બહાને મોટા પાયે 'તોડ' (ભ્રષ્ટાચાર) થતો હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. આ કૌભાંડમાં આઈએએસ અધિકારી પ્રતિભા દહિયાના ડ્રાઈવર મોમીન નામના શખસ સામે ગુનો નોંધાયો છે. પોલીસે ડ્રાઇવરની ધરપકડ કરી છે.

ભાવનગર શહેરના કેસન્ટ સર્કલ પાસેની એક મિલકતમાં અશાંતધારો લાગુ પડતો હોવાથી તેની મંજૂરી માટે મોમીને રૂ.૧૦ લાખનો તોડ કર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આ વ્યવહારને લગતા કેટલાક વીડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થયા હતા. ૨૦ દિવસ પહેલા બનેલી આ ઘટનાએ સમગ્ર ભાવનગર શહેરમાં ચકચાર મચાવી દીધી હતી. અગાઉ પોલીસે આ મામલે મિલકત વેચનાર અને ખરીદનાર બંને વિરુદ્ધ અશાંતધારાની કલમો મુજબ કેસ દાખલ કરી તેમની ધરપકડ કરી હતી. જોકે, મામલો ત્યારે વધુ ગંભીર બન્યો જ્યારે આઈએએસ અધિકારી પ્રતિભા દહિયાએ પોતે જ આગળ આવીને પોતાના ડ્રાઈવર મોમીન વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે, મોમીને ઑફિસના અગત્યના કાગળો કેવી રીતે બહાર મેળવ્યા અને તેમના નામે તોડબાજી કરી તે તપાસનો વિષય છે.

પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરતા આરોપી મોમીનને પકડ્યો હતો અને બપોર બાદ તેની વિધિવત્ ધરપકડ કરવામાં આવી હતી. કલેક્ટર કચેરીમાં ચાલતા આ તોડકાંડમાં ૨૦ દિવસ બાદ ડ્રાઈવરની ધરપકડ થતા હવે પોલીસ તપાસમાં અન્ય કયા મોટા માથાઓના નામ બહાર આવે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે. સ્થાનિકોની માગ છે કે આ ગુનાના મૂળ સુધી પહોંચીને તમામ સંડોવાયેલા શખસો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. ■

# રાજ્યમાં ૧૦ વર્ષ કે તેથી જૂની ઓટોરિક્ષાઓ પર દંડ વધતા ચાલકોમાં ભારે રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે ૧૦ વર્ષ કે તેથી જૂની ઓટોરિક્ષાઓ પર દંડ વધારતા રિક્ષાચાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. અગાઉ આ નિયમ ૧૫ વર્ષ કે તેથી વધુ જૂની રિક્ષાઓ માટે અમલમાં હતો. જેને હવે ઘટાડીને ૧૦ દસ વર્ષનો કરાયો છે. આ ઉપરાંત ગત ડિસેમ્બરથી અમલમાં આવેલા નિયમ મુજબ છેલ્લાં ચાર વર્ષનો પ્રતિદિન રૂ. ૫૦ મુજબ ચાર વર્ષના રૂ. ૭૨ હજાર દંડ ભરવો રિક્ષાચાલકો માટે દુષ્કર બન્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના પરિવહન વિભાગ દ્વારા દસ વર્ષ કે તેથી જૂની અને રજિસ્ટર વિનાની ઓટોરિક્ષા પર પ્રતિદિન રૂપિયા ૫૦નો દંડ ફટકારવાનું નક્કી કરાયું છે. આ નિર્ણય ગત ૨૦૨૫ના ડિસેમ્બરથી દંડ વસૂલવાનું શરૂ કરાયું છે. જેમાં ખાસ બાબત એ છે કે, આ દંડ છેલ્લાં ચાર વર્ષ મુજબ પ્રતિવર્ષ રૂપિયા ૧૮ હજાર મુજબ ચાર વર્ષના રૂપિયા ૭૨ હજાર એક સાથે વસૂલવા નિયમ બનાવ્યો છે. પરિણામે રિક્ષાચાલકોને તેમના પરિવારજનોનું ભરણપોષણ કરવું મુશ્કેલ બન્યું છે.

રાજ્ય સરકારના આ નિયમ નવા નિયમને તાત્કાલિક ધોરણે પરત ખેંચવા માગણી ઊઠી છે. અન્યથા સમગ્ર રાજ્યમાં રિક્ષાચાલકો સામેના આ નવા નિયમ અંગે રાજ્યભરમાં રિક્ષાચાલકો દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. ■


# ‘દરરોજ એક કલાક અખબારો - પુસ્તકો વાંચશો તો માતૃભાષા જીવંત રહેશે’

## ‘મુંબઈ સમાચાર’ આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહમાં બીજા દિવસે મોટી સંખ્યામાં ભક્તજનો ઊમટ્યા

મુંબઈ સમાચાર

માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ





મુંબઈ: ‘મુંબઈ સમાચાર’ આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહના બીજા દિવસે પણ મનોરથી પરિવાર, પોથી યજમાનો અને ભક્તજનોમાં ઉત્સાહ જળવાઈ રહ્યો હતો અને બપોરે બે વાગ્યાથી જ સનાતન નગરીમાં ચહલપહલ શરૂ થઈ ગઈ હતી. ભક્તિમય અને દિવ્ય વાતાવરણમાં એસી ડોમમાં હજારો ભાવિકો પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના મુખે ભાગવત સાંભળવા માટે સમયસર ગોઠવાઈ ગયા હતા. ચાલો એક નજર કરીએ ભાગવત સપ્તાહના બીજા દિવસની શ્રવણ યાત્રાનો.

માતૃભાષા ભાગવત સપ્તાહ માટે ખાસ પધારેલા વૈષ્ણવ હૃદય સમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી - અમદાવાદ)ને માર્ગદર્શન કરવા મુંબઈ સમાચારના તંત્રી નીલેશ દવેએ વિનંતી કરી હતી. યદુનાથજીનું અભિવાદન કરીને નીલેશ દવે, મુખ્ય મનોરથી પરિવાર, સહ મનોરથી પરિવાર સહિત અન્ય મહાનુભાવોએ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

પૂજ્ય ભાઈશ્રીએ બિગબેંગ થિયરી વિશે વાત કરતાં જણાવ્યું હતું કે વિજ્ઞાન એમ કહે છે કે અબજો વર્ષ પહેલાં એક મોટો વિસ્ફોટ થયો તેમાંથી આ બધાનું નિર્માણ થયું. હું વૈજ્ઞાનિક નથી જે વાંચ્યું છે, સાંભળ્યું છે એ જ કહું છું. કોઈ ભૂલચૂક હોય તો મારું ધ્યાન દોરવું. વિજ્ઞાનના પુસ્તક વાંચુ ત્યારે શાસ્ત્રોનો અભ્યાસ સાથે રાખું, જ્યારે શાસ્ત્રોનો અભ્યાસ કરું ત્યારે વિજ્ઞાનના ચશ્મા પહેરીને શાસ્ત્રોને સમજવાનો પ્રયાસ કરું છું. આવો જ અભ્યાસ આપણા શિક્ષાવિદો પણ કરે છે. ભાગવત્માં જ કથા છે. બુદ્ધિથી જ્યારે તમે આ કથા વાંચો અને વિચારો ત્યારે સવાલો થાય. બ્રહ્માજીના નાકના નસકોરામાંથી વરાહ ભગવાન પ્રગટ થાય એવું જો વિચારો તો ન માનવામાં આવે. કથા કાનથી નહીં પણ મનથી સાંભળવાની હોય છે. હિયરિંગ એ કાનની ક્ષમતા છે. શાસ્ત્રો અનુસાર તમને કાનથી શબ્દો સંભળાય. એટલે શબ્દો છે એટલે કાન છે. ટૂંકમાં કહું તો શબ્દો હતા એટલે કાનની જરૂરિયાત ઊભી થઈ.

‘મુંબઈ સમાચાર’ આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહનું આયોજન કરનારાઓને એ વાતનો ખ્યાલ આવ્યો કે મુંબઈમાં એપ્રિલ મહિનામાં ખૂબ ગરમી પડે છે, આવી સ્થિતિમાં કથા કરાવવી હોય તો ભાવિકોની સુવિધા અને શાતાનું ધ્યાન રાખવું પડશે અને એટલે એરકંડિશનની વ્યવસ્થા કરવામાં આવી. આમ એ વાત ૧૦૦ ટકા સાચી સાબિત થાય છે કે નેસેસિટી ઈઝ મધર ઑફ ઈન્વેન્શન - જરૂરિયાત સંશોધનની જનની છે.

પૂજ્ય ભાઈશ્રીએ ઉપસ્થિત તમામ ભાવિકો પાસે માતૃભાષાના સંવર્ધનમાં પોતાનું યોગદાન આપવા માટે સંકલ્પ કરાવ્યો હતો કે તમે કથા સાંભળીને ઘરે જાવ એટલે એક સંકલ્પ ચોક્કસ કરજો કે દરરોજ એક કલાક તમે પુસ્તક વાંચશો. પુસ્તકો અને અખબારો જ માતૃભાષાને ટકાવી રાખવામાં, જીવંત રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

‘મુંબઈ સમાચાર’ પ્રેરિત માતૃભાષા ભાગવત સપ્તાહમાં બીજા દિવસે દહીંસરનાં નગરસેવિકા તેજસ્વી ઘોસાળકર, ભાગ્યેશ વારા, મુકેશ પટેલ (નીલકંઠ ગ્રૂપ) ઉપસ્થિત રહ્યા હતા. ■

### મોબાઈલ વ્રત કરવું જોઈએ: પૂજ્ય ભાઈશ્રી

આજની આ વૉટ્સઍપ યુનિવર્સિટી પર બહુ ભરોસો ના કરાય. હું તો કહું છું કે જેમ આપણે એકાદશીનું વ્રત કરીએ એમ મહિને-પંદર દિવસે મોબાઈલ વ્રત કરવું જોઈએ. કોઈ કહે કે કેટલા ફોન કર્યા, મેસેજ કર્યા તો એમને કહો કે મારે ગઈકાલે મોબાઈલ વ્રત હતું. મને લાગે છે કે જેમ સંતોષી માતા વ્રતકથા, મહાલક્ષ્મી વ્રતકથા હોય છે એમ આ મોબાઈલ વ્રતની પણ ચોપડી છપાવવી જોઈએ એવી ટકોર કરીને પૂજ્ય ભાઈશ્રીએ આપણા જીવનમાં વધતાં જતા મોબાઈલના ઉપયોગ અંગે મીઠી ટકોર કરી હતી.

ભવિષ્યમાં એવા દિવસ પણ આવશે કે જ્યારે આપણને સાંભળવા મળશે કે મોબાઈલ વ્રતને કારણે એક પરિવાર તૂટવાની તૈયારીમાં હતો, પરંતુ એ પરિવાર જોડાઈ ગયો. મોબાઈલ વ્રત કરવાથી એક ભાઈને અનિદ્રાની સમસ્યામાંથી મુક્તિ મળી ગઈ. અનિદ્રાની સમસ્યા હતી એવા ભાઈને છ મહિના સુધી મોબાઈલ વ્રત કરવાથી ખૂબ જ સારી ઊંઘ આવે છે. આપણે મોબાઈલને વાપરીએ ત્યાં સુધી વાંધો નથી, પરંતુ હવે મોબાઈલ આપણને વાપરતો થયો છે. ■









### ‘મુંબઈ સમાચાર’ની ૨૦૪ વર્ષની યાત્રાનો સાર છે માતૃભાષા ભાગવત સપ્તાહ

‘મુંબઈ સમાચાર’ની બે સદીની અવિરત યાત્રાનો ઉલ્લેખ કરી વૈષ્ણવ હૃદય સમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહારાજે જણાવ્યું કે આ ૨૦૪ વર્ષની યાત્રાનો સાર છે માતૃભાષા ભાગવત સપ્તાહ. લોકચર્ચાથી શરૂ થયેલી યાત્રા જ્યારે હરિચર્ચા પર પહોંચે ત્યારે એને કહેવાય સાચી પરિપક્વતા. ભાષામાં સ્નેહ હોવો જ જોઈએ, ઘણી વખત સ્પર્શ પણ ગજબનું કામ કરી જાય છે. બોલી પણ નહીં શકતા બાળકના માથે જ્યારે માતા હાથ ફેરવે છે ત્યારે એ બાળકને સમજાઈ જાય છે કે એની માતા એને સાંત્વન આપી રહી છે કે ચિંતા ના કરીશ બધું સારું થઈ જશે, જ્યારે એક પિતા એ જ બાળકના માથા પર હાથ ફેરવે છે ત્યારે એ બાળકને ખયાલ આવી જાય છે કે એના પિતા એને કહી રહ્યા છે કે કંઈ પણ થઈ જાય તું ચિંતા ના કરીશ, હું તારી સાથે જ છું. આમ કંઈ પણ બોલ્યા વિના કે એકપણ શબ્દની આપ લે વિના સ્પર્શથી હીલિંગ ટચથી બે વ્યક્તિ વચ્ચે સંવાદ સધાય છે.

યદુનાથજીએ પૂજ્ય ભાઈશ્રી માટે પ્રસન્નતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તમે બધા ભાઈશ્રીને સાંભળી રહ્યા છો, સાંભળવાના છો, પરંતુ જો તમને ભાઈશ્રીને સંપૂર્ણપણે ઓળખવા હોય તો એક વખત પોરબંદર ખાતે આવેલા સાંદીપનિ આશ્રમની મુલાકાત લેજો. પૂજ્ય ભાઈશ્રીએ એટલું અદ્ભુત સાંદીપનિ આશ્રમનું નિર્માણ કર્યું છે એ જોઈ ઈશ્વરને પણ થતું હશે કે એક વખત મુલાકાત લઈ આવું. આજે દેશમાં તો ઠીક પણ વિદેશમાં લોકો ભાગવત સાંભળવા આવે છે એ પૂજ્ય ભાઈશ્રીને આભારી છે. ■









### જે ઘરમાં શ્રીમદ્ ભાગવત હોય એ ઘર તીર્થ સમાન: પૂજ્ય ભાઈશ્રી

આટલી સુંદર વ્યવસ્થા અને માતૃભાષા ભાગવત સપ્તાહ નિમિત્તે તમારી માતૃભાષામાં ઉપલબ્ધ ગ્રંથો વાંચો. કદાચ તમારા ઘરમાં ગ્રંથો ઉપલબ્ધ હશે અને તમારી રાહ જોઈ રહ્યા છે. જેમ એક નાનું બાળક પોતાની માતાને જુએ અને કહે કે મને તેડ એમ આ ગ્રંથો પણ વાંચવાનું રાખો. કે મને વાંચો. સારા પુસ્તકો વાંચવા જોઈએ. જે ઘરમાં શ્રીમદ્ ભાગવત બિરાજે છે એ ઘર તીર્થ સમાન છે. ■

### આ માતૃભાષા ભાગવત સપ્તાહથી સંકલ્પ કરો કે...

આ ભાગવત કથાથી એવો સંકલ્પ કરો કે ભાગવત વાંચવી છે. જ્યારે એ ભાગવત વાંચીને બીજી ભાગવત સાંભળશો તો બીજી ભાગવતમાં આનંદ આવશે. બીજી ભાગવત સાંભળીને જ્યારે ત્રીજી ભાગવત સાંભળશો તો તેમાં વધારે આનંદ આવશે અને આમ ભાગવત માટે તમને અનુરાગ થશે. શ્રીમદ્ ભાગવત એ તમામ પુરાણોમાં રાજા છે અને એના માથે શ્રીમદ્ રૂપી મુગટ શોભે છે. વૈષ્ણવોની સાચી સંપત્તિ છે આ શ્રીમદ્ ભાગવત. જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય સહિત નૈષ્ક્રિયની પ્રાપ્તિ કરવી હોય તો તમારે મનને કારની જેમ ન્યુટ્રલમાં રાખવું જોઈએ. કર્તાપણાનો અહંકાર, કર્મફળની લિપ્સા, અહંકાર આ બધી વસ્તુઓ આપણને કર્મ કરીએ ત્યારે આપણને બાંધે છે. ■

### ભાગવત પઠનથી અશ્વમેધ યજ્ઞ કરાવીએ એટલો લાભ થાય

ભાગવતનું પઠન કરતાં ભાઈશ્રીએ જણાવ્યું હતું કે ભાગવત સાંભળવું કેમ જરૂરી છે, તેનાથી શું થાય તો તમારી જાણકારી માટે કે રોજ ભાગવતનું પઠન કરીએ તો એનો અશ્વમેધ યજ્ઞ કરાવીએ એટલો લાભ થાય. વિશ્વવિજય જવા દો પણ મન પર વિજય પ્રાપ્ત કરીને રોજ ભાગવતના થોડા થોડા અધ્યાયનું પઠન કરો. ■





## સુગમ સંગીત અને ભક્તિ ગીતોથી ગુંજી ઊઠ્યો માતૃભાષા માનવંદના કાર્યક્રમ
















માતૃભાષા ભાગવત સપ્તાહના પ્રથમ દિવસે માતૃભાષા માનવંદના કાર્યક્રમ અંતર્ગત માતૃભાષાનું સંગીતમય અભિવાદન કરવામાં આવ્યું હતું. અભિનેતા અને સંચાલક હેમંત બર્વે, અભિનેત્રી અને સંચાલિકા દીપ્તિ ભાગવત, ગાયક-સંગીતકાર અજિત પરબ, ગાયિકા સંજીવની ભેલાંડે, પલ્લવી કેળકર અને ગાયક નચિકેત દેસાઈના સુગમ સંગીતના કાર્યક્રમથી વાતાવરણ ચૈતન્યમય અને ગૌરવથી ભરપૂર થઈ ગયું હતું.

ગાયિકા સંજીવની ભેલાંડેએ ‘સુખકર્તા દુ:ખહર્તા’ ગણેશ આરતીથી કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો અને ત્યારબાદ તેમણે ‘રૂણુઝુણુ’, ‘જિથે સાગરા’ અને ‘સુંદર તે ધ્યાન’ જેવા ભક્તિ ગીતો તેમ જ અભંગો રજૂ કરીને વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. બીજી તરફ, અજિત પરબે સ્વાતંત્ર્યવીર વિનાયક દામોદર સાવરકર દ્વારા લખાયેલ અમર કવિતા પર આધારિત ભાવગીત ‘ને મજસી ને પરત માતૃભૂમિલા’ રજૂ કરીને વાતાવરણમાં દેશભક્તિનો એક અલગ જ રંગ ભર્યો હતો.

પલ્લવી કેળકરે રજૂ કરેલા ‘અરે સંસાર સંસાર’ ગીતે બહિણાબાઈ ચૌધરીની યાદ અપાવી દીધી હતી, તો નચિકેત દેસાઈએ ‘મર્મબંધાતલી ઠેવ’ અને ગ. દિ. માડગુળકર દ્વારા લિખિત પ્રભુ શ્રીરામ પરનું ભક્તિગીત ‘સ્વયે શ્રીરામ પ્રભુ ઐકતી’ રજૂ કરીને પ્રેમ, સંબંધો અને આધ્યાત્મિકતાનો સુંદર અનુભવ શ્રોતાઓને કરાવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમે આપણા લેખકો, કવિઓ અને માતૃભાષાઓની સમૃદ્ધિનું જીવંત દર્શન કરાવ્યું હતું. ■

# મુંબઈ સમાચાર આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહ


૨ એપ્રિલથી ૮ એપ્રિલ

Supported by: adani

|| મહાનગરમાં વ્રજનો લય ||
|| સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય ||
|| તમામ માતૃભાષાનો જય ||

આજે દિવસ ત્રીજો

## બોરીવલી ભક્તિરંગે રંગાયું



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

**સનાતન નગરી**

સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ, (ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)



SKYLINE INFRA FORGE
**શ્રી સૌરભ મહેતા**
(મુખ્ય મનોરથી)

- ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા
- પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા
- તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા



gandhar Group of Companies
**શ્રી રમેશભાઈ પારેખ**
(સહ મનોરથી)

## આજે ખાસ પધારશે

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજસાહેબ



પ્રવચન સાંજના ૬.૩૦ વાગ્યાથી

## આજે

ગીતા રબારીનો
સંગીત જલસો



DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

## સંગીત જલસો

**૫ એપ્રિલ**



શ્રી કૃષ્ણ જન્મોત્સવ
તુષાર ત્રિવેદી અને ગ્રુપ

**૬ એપ્રિલ**



મૈથિલી ઠાકુરનો સંગીત કાર્યક્રમ

**૭ એપ્રિલ**



કીર્તિદાન ગઢવીનો ડાયરો

## કથા–કાર્યક્રમ

**પાંચમી એપ્રિલઃ કૃષ્ણ જન્મ**
★ દીપક રમેશ મહેતા

**છઠ્ઠી એપ્રિલઃ રુક્મિણી વિવાહ**
કન્યા પક્ષઃ શીતલ બિરેન સંઘવી
વર પક્ષઃ તૃપ્તિ ધર્મેશ ગાંધી

**આઠમી એપ્રિલઃ પૂર્ણાહુતિ યજ્ઞ**
★ ૮૪ બેઠકજીના દર્શન
★ ગોવર્ધન પરિક્રમા-દૈનિક દર્શન
★ માતુશ્રી કલાવતી ધરણીધર ગાંધી પરિવાર (મહુવાવાળા) હસ્તે
★ શ્રીમતી તૃપ્તિ ધર્મેશ ગાંધી


## માતૃભાષા ભાગવત સપ્તાહમાં પધારનારા સંતો

**છઠ્ઠી એપ્રિલ**



શ્રી વલ્લભકુળભૂષણ વૈષ્ણવાચાર્ય
પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮
શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રી

**સાતમી એપ્રિલ**



અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય
દ્વારકા શારદાપીઠાધીશ્વર
જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ

## આયોજક : મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

| | | | | |
|---|---|---|---|---|
| ★ શ્રી પરાગ શાહ | ★ શ્રી સંતોષ સિંહ | ★ શ્રી મુકેશ પટેલ | ★ શ્રી રાજુ સાવલા | ★ શ્રી અરવિંદ શાહ |
| ★ શ્રી જિજ્ઞેશ ભુતા | ★ શ્રી જસ્મીન શાહ | ★ શ્રી જિતેન્દ્ર મહેતા | ★ શ્રી જગદીશ ઓઝા | ★ શ્રી ભાર્ગવ પટેલ |
| ★ શ્રી નિરવ મહેતા | ★ શ્રી જિજ્ઞેશ હિરાણી | ★ શ્રી શોભિત દેસાઈ | ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) | ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ) |

**જીવંત પ્રસારણ**
મુંબઈ સમાચાર
YouTube ગુજરાતી

आस्था | वसुधैव कुटुंबकम् ॥ Sandipani ॥ | धर्म संदेश | आस्था भजन

**વિશેષ આભારઃ**
★ શ્રી સંજય ઉપાધ્યાય
★ શ્રી અસીત કુમાર મોદી
★ શ્રી જે. ડી. મજેઠિયા
★ શ્રી સંજય છેલ
★ શ્રી મુકેશ મહેતા
★ શ્રી ભૂપેન્દ્ર મહેતા
★ શ્રી વિપુલ પારેખ
★ શ્રી વિરલ ચિતલિયા
★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST | MICL LIVE BETTER | Showglitz Events & Entertainment Private Limited | JVM CHARITABLE FOUNDATION | MUNJAL | HEM AGARBATTI | hitech events & exhibition | RUDRAAMAR GROUP | RAJSHREE BUILDERS Building A Future Into Every Home | ARVINDBHAI KHATRI SONS | BRIGHT OUTDOOR MEDIA LIMITED | NATUREPURE Wellness Pvt. Ltd. | Neela Film Productions | WellPure | Keshasvi | APAR ADVERTISERS PRIVATE LIMITED | NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons. | SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/ | SILVER BUILDING LANDMARKS SINCE 1986

# સરકારનો મોટો નિર્ણયઃ ડીમ્ડ યુનિવર્સિટીનો એનસીઈઆરટીને દરજ્જો

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઇઆરટી)ને ડીમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો છે. યુજીસીની ભલામણ બાદ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે એનસીઇઆરટીને એક અલગ શ્રેણી હેઠળ ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી સંસ્થા તરીકે જાહેર કરી છે.આ અંગે એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ એનસીઇઆરટીને યુજીસી અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૩ અનુસાર એક વિશેષ શ્રેણી હેઠળ આ દરજ્જો આપવામાં આવ્યો છે.

એનસીઈઆરટીને ઇરાદાપત્રને જાહેર કરવાની ભલામણ કરી હતી

આ અગે યુજીસીએ ચોક્કસ શરતોને આધીન, એનસીઈઆરટીને ઇરાદાપત્ર જાહેર કરવાની ભલામણ કરી હતી. યુજીસી નિષ્ણાત સમિતિની ભલામણ પર વિચાર કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ કમિશન દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હતી. આ પરિપત્ર મુજબ યુજીસી એક્ટ, ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ, યુજીસી પોર્ટલ પર એક ઓનલાઈન અરજી અપલોડ કરવામાં આવી હતી જેમાં નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી) શ્રી અરવિંદો માર્ગ, નવી દિલ્હીને એક અલગ શ્રેણી હેઠળ ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી સમાવેશ થતી સંસ્થાઓમાંનો દરજ્જો આપવા માગ કરવામાં આવી હતી. આમાં છ સંસ્થાઓનો સમાવેશ થાય છે.

આ બદલાવને લીધે હવે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સાથે સુસંગત રહીને શિક્ષક શિક્ષણ અને શૈક્ષણિક સંશોધનને મજબૂત કરવાના તેના પ્રયાસોના ભાગ રૂપે સ્વતંત્ર રીતે ડિગ્રી કાર્યક્રમો ઓફર કરી શકશે. ■

# દુશ્મન ધ્રૂજશેઃ નૌકાદળમાં સામેલ થઈ અણુસબમરીન આઈએનએસ અરિદમન

## આ ઉપરાંત બ્રહ્મોસથી સજ્જ યુદ્ધજહાજ આઈએનએસ તારાગિરિનો પણ નૌકાદળમાં સમાવેશ

નવી દિલ્હીઃ ભારતીય નૌકાદળે શુક્રવારે પરમાણુ સંચાલિત સબમરીન આઈએનએસ અરિદમનને પોતાના કાફલામાં સામેલ કરી હતી. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શુક્રવારે વિશાખાપટ્ટનમમાં તેના કમિશનિંગ સમારોહમાં હાજરી આપી હતી. વિશાખાપટ્ટનમમાં યોજાયેલ કાર્યક્રમ ગુપ્ત રાખવામાં આવ્યો હતો. તેમણે આઈએનએસ અરિદમનને નૌકાદળમાં સામેલ કરવાનો સંકેત આપ્યો હતો. રાજનાથ સિંહે તેમના સત્તાવાર 'એક્સ' હેન્ડલ પર લખ્યું હતું કે, શબ્દ નહીં શક્તિ છે 'અરિદમન'!

ભારતનો પરમાણુ સંચાલિત બેલિસ્ટિક મિસાઇલ સબમરીન કાર્યક્રમ એક ખૂબ જ ગોપનીય પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ હેઠળ આઈએનએસ અરિહંત પ્રથમ સબમરીન હતી, ત્યારબાદ આઈએનએસ અરિઘાત સબમરીન હતી. ભારત એવા દેશોમાં સામેલ થઈ ગયો હતો જેની પાસે પરમાણુ સંચાલિત સબમરીન છે. આવી ક્ષમતાઓ ધરાવતા અન્ય દેશોમાં અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ અને ચીનનો સમાવેશ થાય છે.

ભારતીય નૌકાદળનું નવું સ્ટીલ્થ ફ્રિગેટ આઈએનએસ તારાગિરી સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની હાજરીમાં વિશાખાપટ્ટનમમાં સત્તાવાર રીતે ભારતીય નૌસેનામાં સામેલ થઇ હતી. માઝગાવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ મુંબઈ દ્વારા બનાવવામાં આવેલ આ યુદ્ધજહાજ અદ્યતન ડિઝાઇન અને એન્જિનિયરિંગ શ્રેષ્ઠતા દર્શાવે છે. તે બ્રહ્મોસ મિસાઇલોથી સજ્જ છે. આ યુદ્ધ જહાજ દુશ્મનોના રડારમાં જલદી આવશે નહીં. તેને જટિલ દરિયાઈ પરિસ્થિતિઓમાં વધુ સુરક્ષિત રહેવા માટે સક્ષમ બનાવે છે.આ પ્રોજેક્ટ ૧૭એ ક્લાસનું તારાગિરી ચોથી ફ્રિગેટ છે. ■

# ભારતમાં સાત વર્ષ પછી આવી રહેલું ઈરાનનું ક્રૂડ ઓઈલ ટેન્કર અચાનક ચીન તરફ વળ્યું

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રતિબંધોમાં આવતું ઈરાનનું ક્રૂડ ઓઈલ ભરેલું એક ટેન્કર ભારત આવવા રવાના થયું હતું જે અચાનક રસ્તો બદલીને ચીન તરફ વળ્યું હતું. શિપ ટ્રેકિંગ કંપની કપ્લરના જણાવ્યા અનુસાર, પિંગ શુન નામનું અફ્રામેક્સ ટેન્કર હવે ગુજરાતના વાડીનારને બદલે ચીનના ડોંગયિંગ તરફ રવાના થયું છે. ૨૦૦૨માં બનેલા આ ટેન્કર પર ૨૦૨૫માં અમેરિકા દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જહાજની ઓટોમેટિક આઇડેન્ટિફિકેશન સિસ્ટમ (એઆઈએસ) માં નોંધાયેલ ગંતવ્ય સ્થાન જરૂરી નથી કે તે અંતિમ ગંતવ્ય સ્થાન હોય અને સફર દરમિયાન બદલાઈ શકે છે.

કેપ્લરના રિફાઇનિંગ એન્ડ મોડલિંગ વિભાગના મુખ્ય વિશ્લેષક સુમિત રિટોલિયાએ જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ દિવસથી વાડીનાર (ભારત) તરફ જઈ રહેલું ઈરાની ક્રૂડ ઓઈલ જહાજ પિંગ શુન હવે ચીન તરફ જઈ રહ્યું છે, જેણે ભારતને તેની ગંતવ્ય સૂચિમાંથી હટાવી દીધું છે. જો આ માલ ભારત પહોંચ્યો હોત તો ૨૦૧૯ પછી ભારત દ્વારા ઈરાની ક્રૂડ ઓઈલની ખરીદી પહેલી વાર થઈ હોત. તાજેતરમાં અમેરિકા દ્વારા પ્રતિબંધોમાં કામચલાઉ છૂટછાટ બાદ ભારતીય રિફાઇનર્સ હાલમાં સમુદ્રમાં રહેલા કેટલાક ઈરાની તેલ ખરીદવાની શક્યતા શોધી રહ્યા છે.

રિટોલિયાએ જણાવ્યું હતું કે જહાજના ગંતવ્યસ્થાનમાં ફેરફાર ચુકવણીની શરતોને કારણે હોઈ શકે છે. વેચાણકર્તાઓ હવે અગાઉ ઓફર કરેલા ૩૦-૬૦-દિવસના ક્રેડિટને બદલે તાત્કાલિક અથવા ટૂંકી ચુકવણીની માંગ કરી રહ્યા છે. આ ક્રૂડ ઓઈલના વાસ્તવિક ખરીદનાર અને વેચનાર કોણ છે તે સ્પષ્ટ નથી. વાડીનાર રશિયન તેલ કંપની રોઝનેફ્ટ-સમર્થિત નાયરા એનર્જીની વાર્ષિક ૨૦ મિલ્યન ટન રિફાઇનરી છે. રિટોલિયાએ કહ્યું કે જ્યારે ઈરાની ક્રૂડ ઓઈલ માટે તેની મુસાફરી દરમિયાન તેનું અંતિમ સ્થાન બદલવું અસામાન્ય નથી, તે દર્શાવે છે કે વેપાર શરતો અને નાણાકીય જોખમો હવે લોજિસ્ટિક્સ જેટલા જ મહત્વપૂર્ણ બની ગયા છે. તેમણે ઉમેર્યું કે જો ચુકવણીના મુદ્દાઓ ઉકેલાઈ જાય તો શિપમેન્ટ ભારતીય રિફાઇનરી સુધી પહોંચી શકે છે. ભારતના ઓઈલ મંત્રાલયે પહેલાથી જ જણાવ્યું છે કે ઈરાની તેલ ખરીદી ફરી શરૂ કરવાનો નિર્ણય ટેકનિકલ અને વ્યાપારી શક્યતા પર આધાર રાખશે. ભારત ઐતિહાસિક રીતે ઈરાની ક્રૂડ ઓઈલનો મુખ્ય ખરીદદાર રહ્યો છે. રિફાઈનરીની સુસંગતતા અને સારી વ્યાપારી શરતોને કારણે ભારતે મોટા પ્રમાણમાં ઈરાન લાઇટ અને ઈરાન હેવી ગ્રેડ ઓઈલની આયાત કરી હતી. ૨૦૧૮માં અમેરિકાના પ્રતિબંધો કડક થયા પછી ભારતે મે ૨૦૧૯માં ઈરાની તેલની આયાત બંધ કરી દીધી અને તેના બદલે પશ્ચિમ એશિયા, અમેરિકા અને અન્ય સ્રોતોમાંથી તેલ ખરીદવાનું શરૂ કર્યું. ■

# ભારતને વધુ ક્રૂડતેલ અને એલએનજી આપવા રશિયા તૈયાર

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયાની કટોકટી વચ્ચે રશિયાએ ભારતને ક્રૂડતેલ અને એલએનજીનો પુરવઠો વધારવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

પશ્ચિમ એશિયાની કટોકટીને કારણે વિશ્વના ઊર્જા બજારમાં ક્રૂડતેલ અને તેનાં ઉત્પાદનોની અછત સર્જી હોવા વચ્ચે બંને દેશે દ્વિપક્ષી સંબંધોને વેગ આપવા સહમતી દર્શાવી હોવા વચ્ચે રશિયાએ ભારત સમક્ષ આ પ્રસ્તાવ મૂક્યો છે.

રશિયાના પ્રથમ નાયબ વડા પ્રધાન ડૅનિસ માન્ટુરૉવ અને ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ તેમ જ વિદેશ પ્રધાન એસ. જયશંકર વચ્ચે ગુરુવારે યોજાયેલી બેઠકમાં ઊર્જા સહકારનો મુદ્દો કેન્દ્રસ્થાને રહ્યો હતો. માન્ટુરૉવે નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ સાથે પણ બેઠક કરી હતી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ વાતચીત કરી હતી.

બેઠકમાં તેલ અને ગૅસ ક્ષેત્રે બંને દેશ વચ્ચે દ્વિપક્ષી સહકાર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. (એજન્સી) ■

# હોર્મુઝ ખોલવાના ઠરાવ પર આજે યુનોમાં મતદાન

સંયુક્ત રાષ્ટ્ર : સંયુક્ત રાષ્ટ્ર સલામતી સમિતિ આજે હોર્મુઝ ખાડીને ફરીથી ખોલવા માટે બહરીન દ્વારા પ્રસ્તાવિત ડ્રાફ્ટ ઠરાવ પર મતદાન કરશે. જ્યારે તેના કાયમી સભ્યો ચીન અને રશિયાએ આ ઠરાવના અગાઉના સંસ્કરણોનો વિરોધ કર્યો હતો, જેમાં દેશોને બળ પ્રયોગ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

સલામતી સમિતિનો આ ડ્રાફ્ટ ઠરાવ એ વાતની પુષ્ટિ કરે છે કે હોર્મુઝ ખાડી માર્ગ તમામ પ્રકારની અવરજવર માટે ખુલ્લો છે. કોઇ પણ દેશને તેને બંધ કરવાનો કે નિયંત્રિત કરવાનો અધિકાર નથી.

તે દેશોને નેવિગેશન સુરક્ષિત કરવા અને ખાડી માર્ગે થતા આંતરરાષ્ટ્રીય શિપિંગને અવરોધતા કોઇપણ કાર્યને રોકવા માટે 'માત્ર રક્ષણાત્મક પગલાં' લેવા માટેના અધિકાર આપે છે. તે તમામ દેશોને આંતરરાષ્ટ્રીય કાનૂન અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું પાલન કરવાની સાથે સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવા અને સમર્થન આપવા માટે એક સ્પષ્ટ કાનૂની આધાર પણ પૂરો પાડે છે. ■

# પાકિસ્તાનમાં પેટ્રોલના ભાવમાં ૪૩ અને ડીઝલમાં પંચાવન ટકાનો વધારો

ઈસ્લામાબાદઃ ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં થયેલા વધારાને પગલે પાકિસ્તાને પેટ્રોલના ભાવમાં ૪૩ ટકા અને હાઈ સ્પિડ ડીઝલ (એચએસડી)નાં ભાવમાં પંચાવન ટકાનો અસાધારણ વધારો જાહેર કર્યો છે. પાકિસ્તાન સરકારે ગુરુવારે આ ભાવવધારાની જાહેરાત કરી હતી. આ ભાવવધારાને પગલે પેટ્રોલનો ભાવ પ્રતિલિટર અગાઉના રૂ. ૩૨૧.૧૭થી વધીને રૂ. ૪૫૮.૪૧ થઈ ગયો છે જે પેટ્રોલના ભાવમાં પ્રતિલિટર રૂ. ૧૩૭.૨૩નો વધારો સૂચવે છે અને એચએસડીનો ભાવ અગાઉના પ્રતિલિટર રૂ. ૩૩૫.૮૬થી વધીને રૂ. ૫૨૦.૩૫ થઈ ગયો છે જે એચએસડીના ભાવમાં પ્રતિલિટર રૂ. ૧૮૪.૪૯નો વધારો સૂચવે છે. આ ભાવવધારો તાત્કાલિક અસરથી અમલી બનાવવામાં આવ્યો છે. કેરોસિનનો ભાવમાં પ્રતિલિટર રૂ. ૩૪.૦૮નો વધારો કરીને પ્રતિલિટર રૂ. ૪૫૭.૮૦ કરવામાં આવ્યો છે. પેટ્રોલિયમ ખાતાના પ્રધાન અલી પરવેઝ મલિકે આ ભાવવધારાની જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે આ અતિ મુશ્કેલ નિર્ણય હતો. (એજન્સી)■

---

## ૧૭. જગ્યા આપવી છે

**ડ્રિમલેન્ડ સિનેમા પાસે**
અમૈયા ટાવરમાં ૨ બેડરૂમ ૭૫૦' + પાર્કિંગ, ઓનરશીપથી (દરેક કોમ્યુનીટી માટે) 9820034317. (બી-૧૭૩૬૮)

**KHAR WEST**
Near Station 2 BHK L & L 1 Lac nego Fully Furnished 9892710071 / 9619048555. (B-17334)

**JUHU-GULMOHAR**
**3 BHK - 1240 / 1458 / 1537 / 1626 Carpet area Exclusive Ready Possession with OC and All Amenities - 50 K to 60 K psf negotiable Prices Mihir - 7021919015. (875/A)**

**PIRAMAL MAHALAXMI**
Central Tower 3 BHK 1200 sqft Higher Floor 2 Parking 9892710071 / 9619048555. (B-17328)

**MULUND (WEST),**
Lal Bahadur Shastri Road Roadtouch, G+1, 2000 sq. ft. Shop (Ideal for Bank, Retail, Showroom, Restaurant) for Sale. Ct: 9321480063. (B-17355)

GOREGAON-MALAD 1/2/3/4 BHK for Sale / Purchase Contact - Agarwal Estate Consultants 9820232273. (B-17364)

## ૧૮. જગ્યા જોઈએ છે

**3 બેડરૂમનો**
ફર્નિશ્ડ ફ્લેટ વિલેપાર્લે વેસ્ટ/ ગુલમોહર રોડ/ જુહુમાં ભાડેથી જોઈએ છે:- 9819445558. (૯૪૦-સી)

WANTED 1 RK / 1 BHK ON Rent in Mira Road. No Brokers. 9820498745. (B-17347)

A JEWELLER FROM DUBAI Requires 2/3 BHK on Ownership in South Mumbai. Preferably Seafacing. Can Pay Fancy Price. Brokers Welcome. Contact: 9987310819. (938-A)

**REQUIRED ON RENT**
1 BHK Flat, Semi Furnished with Lift, around Ghatkopar (E) / Tilak Nagar. Interested Parties may Contact: 7045650486. (K/3668-A)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**■ નાસિક હાઈવે, અટગાંવ સ્ટેશન પાસે, ઔદ્યોગિક પ્લોટ, ૧૫૦૦ મીટરથી આગળ, ખેતીની જમીન ૨.૫/ ૧૭ એકર. મધુકર ઠક્કર 9820016348. (બી-૧૭૩૪૦)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
રૂષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109
(એસડીબી-૩૨૦૨)

**BUY/RENT**
Vasai Kaman Industrial Gala 40 Ft Road - 9892999112. (JP/4552-B)

**REQUIRE**
Industrial Land / Factory anywhere Near to Mumbai 1 to 10 Acres. Call 9869070123 / 9167723483. (930-D)

**VASAI EAST**
Available NA Plots for Industrial Purpose. Rs. 11 Lakhs for 1000 sqft. for more details Call - 9869873769. (B-17357)

## ૨૦. ધંધાદારી જગ્યા

**WANTED PRELEASED COMMERCIAL PROPERTY**
**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા બેંક, બ્રાન્ડ, કોર્પોરેટ ઓફિસ, રેસ્ટોરન્ટ માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ છે. સોદાની ખાત્રી (બજેટ 2 કરોડથી 50 કરોડ) 7666644727. (૯૫૨/ડી)**

**ઝવેરીબજાર - બોરીવલી (વેસ્ટ)**
**એલ.ટી.રોડ, નવા બિલ્ડીંગમાં, ફુલ્લી ફર્નિશ્ડ જ્વેલરી શોરૂમ, 460' કારપેટ (ભાડું - 3,90,000/-) આપવાનો. 7666644727. (૯૫૨-એ)**

**''ઓપેરા હાઉસ''**
ઓફિસ લીઝ - 312' ગોડાઉન - ડિસ્ટ્રીબ્યુટર, આંગડિયા (બેઝમેન્ટ) લેવા - આપવા - લીઝ - રિડેવલપમેન્ટઃ 9867222020. (૯૪૫-એ)

**ચેમ્બુર - પેસ્ટમ સાગર**
**અમર મહેલ પાસે વ્યવસાયિક જગ્યા લીવ લાઈસન્સથી 650' કાર્પેટ આપવાની છે. ઑફિસ, ટ્યુશન ક્લાસીસ, સ્પા, પેથોલોજી લેબ, પીજી આવાસ, ક્લિનિક, બુટિક વગેરે માટે ઉત્તમ. ''ઓનર'': ''કોટક'': 9821054415 / 9004457259. (એસડીબીજી-૩૧૭૩)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**
કૈલાસ પ્લાઝા, બ્રાન્ડ ન્યુ ઓફિસો 140'/ 79'/ 79'/ 720' કારપેટ સાથે/ અલગ, ભાડેથી/ વેચાણથી. ઓનર- 9769287479. (૯૩૭-સી)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઈસન્સથી ઓફિસો 1136' ફર્નિશ્ડ ઓફિસ ડી જે રોડ અને 1008' સ્ટેશન સામે આપવી છે. એજન્ટઃ અશ્વિન મરચન્ટ - 9819874515. (૯૪૯-સી)**

**CHARNI ROAD SHOP**
**Leave & Licence**
140'+130' Water Available, Excellent For Branding, 15 Feet Darshan, Suitable For Reputed Brand, Fast Food. Immediate Possession. High Footfall
**ASHOK SHAH**
**9821036552**
**9820855056**
(969/C)

**મલાડ (વેસ્ટ)**
**BJ પટેલ રોડ, ગ્રાઉન્ડ ફ્લોર 1200' + 680' લોફ્ટ + 680' બેઝમેન્ટ ટોટલ 2560' કાર્પેટ દુકાન વેચવાની છે. - 9820054730, 9920041841. (એસડીબી-૩૧૭૭)**

**SEAVIEW ઓફિસ**
વેચાણથી- Flexible પેમેન્ટ પ્લાન સાથે, @ juhu- મીઠીબાઈ કોલેજની સામે, Gr+13, ગ્લાસ Facad, એરીયા 300' Rs 1.50 કરોડ onwards Also 1000'/ ફ્લોર પ્લેટ 9265' Site 9867441569/ 9820964062. (જેપી/૪૫૫૫-બી)

**કોટનગ્રીન**
2 દુકાન વેચાણથી - એરિયા 170 sq.ft પ્રત્યેક (ટોટલ એરિયા 340 sq.ft) + 340 sq.ft મેઝનાઈન, 27 ફિટ રોડસાઈડ ફ્રન્ટેજ, રેલવે સ્ટેશન રોડ, કોટનગ્રીન (વેસ્ટ) ગ્રાઉન્ડ ફ્લોર, પ્રાઈમ લોકેશન, વ્યસ્ત સ્થળ. જૂના ભાડાથી ઓનરશીપ, ટ્રાન્સફર સાથે 2.60 Cr. નેગોશિએબલ (1.30 Cr. પ્રત્યેક) : 9833309007. (જેપી/૪૫૫૪-ડી)

**LODHA SIGNET**
**OFFICE**
333 - 1650 sqft & 889 sqft
SALE / LEASE
In Last 30 days 5 Units Sold / 2 Units Rented out
For Further Details Contact:
SFRC **RAJ SHAH**
**9820855056**
www.lowerparelsignet.com
(969/C)

**દુકાન વેચાણથી**
અંધેરી ઈસ્ટ, 160' કાર્પેટ 1.75 નેગોશિયેબલ, મથુરાદાસ વસનજી રોડ, પ્રાઈમ લોકેશન, સ્ટેશન પાસે, રાજમહલ શોપિંગ સેન્ટર, રિડેવલોપમેન્ટ જલ્દી. ઓનર 9820234434. (બી-૧૭૩૬૮)

**95 લાખમાં**
361 કાર્પેટ કોમર્શિયલ જગ્યા ઓફિસ / ક્લિનિક માટે ઉત્તમ, કાંદીવલી ઈસ્ટમાં, મુકેશભાઈ 9082825482. (૯૬૦/બી)

**ઘાટકોપર (ઈસ્ટમાં)**
નવા બંધાતા 16 માળના કમર્શીયલ ટાવરમાં ઓફિસીસ વેચાણથી, MG રોડ, પ્રાઈમ લોકેશન, 16 સ્લેબ કંપ્લીટેડ. Special Festival Offer. સંપર્ક - 9769345176 / 9757252097. (૯૬૨/ડી)

**ચર્નીરોડ નજીક**
ગ્રાઉન્ડ ફ્લોર, આશરે ૬૦૦૦' કાર્પેટ, કોમર્શિયલ જગ્યા + ૪ પાર્કિંગ, ઓનરશીપથી, રેડી કબજો 9820034317. (બી-૧૭૩૬૭)

**WANTED LEASE PLAY SCHOOL**
**Worli / Prabhadevi**
Area : 3000'-5000' sq.ft.
Preference: Ground / 1st Floor, Open Space / Terrace
**BUDGET: No Limit**
Immediate Possession
SFRC **RAJ SHAH**
**9820855056**
(969/C)

**RETAIL SHOWROOMS & WAREHOUSES REQUIRED ON RENT**
For known Retail Brand. Sizes 1000 to 15000 sqft all over Mumbai / Navi Mumbai. Owners Whatsapp 8655200823 / 8870839840. Send Location & Photos. Brokers excuse. (SDB-3192)

**JUHU / VILEPARLE / ANDHERI**
**Exclusive Commercial, High End Glass Facade Bldg. with Ramp and Terrace Garden Choice of Over 10 RERA Registered Projects Offices 500 to 8000 sqft, Retail Showroom 5000 to 20000 sqft. Mihir 7021919014. (875/E)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**SION (WEST),**
**Near Gurukripa Hotel - Area: 400 sq. ft. + Separate Covered Space 250 sq. ft. available on L/L, Suitable for: Tuition Classes, Nursery / Playgroup, Music - Dance Classes, Meditation / Yoga, Owner: Kotak: 9821054415 / 9004457259. (SDBG-3172)**


**SOUTH MUMBAI**
Huges Road 1500 sqft Showroom 9 Lacs, CR-2 Churchgate 2000 sqft 24 Cr./ 12 Lacs Rent. Aman Chambers, 2000 sqft 9.90 Cr. - Dadar 2400 sqft 1st Floor 6 Lacs Rent, Office / Showroom, Mahim 11000 sqft - 16 Lacs Rent, Kemps Corner 4000 sqft 16 Lacs, Peddar Road 2000 sqft 8.50 Lacs, Shop, Showroom, Office, Storage, Sale / Rent / Buy / Ashok Turakhia 9820777676. (B-17305)

BKC GRD FLR: 3200'+4300' Separate / Jodi. Ideal for Restaurant, Banquet, Office, Bank. Sale / LL. Call 9820094585 / 9821053128 / 9821400366. (948/A)

VIKHROLI (WEST), LAL Bahaddur Shashtri Marg, Indraprastha Commercial - Prime Office Space for Sale. 1200 Square Feet (Carpet), Second Floor, 12 Feet Height, Next to Big IT Park & Metro Station, Railway Station 7 Minutes Walk. Rs. 3.30 Cr. (Negotiable) Contact: Dinesh Motta (Owner) 9820155784. (B-17310)

## ૨૧. હોટલ

**THE KINARA VILLAGE LONAVALA**



DELICIOUS FOOD I HERITAGE AMBIENCE
HERITAGE ROOMS AVAILABLE
Add. : Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401
Call : 9859639639
www.thekinaravillage.com
(B-17370)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થના - 6,500/-**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૯૪૦-આઈ)

**પ્રાર્થનાસભા 3500/- થી 7250/- (બોરીવલીથી મલાડ), લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન, સાંજી, BABY SHOWER, ANNIVERSARY. બજેટથી. મનસુખભાઈ 9326801860/ 8169552801. (૯૩૪/એ)**

**SHREENATH SARGAM**
મોક્ષ પ્રાર્થના + લગ્નગીત + સાંજી + ડાયરો + Anniversary + શ્રીમંત - 9821795355. (બી-૧૭૩૩૮)

**''રણજીત ભરત ડોસા''**
**''પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ'', ''જૈન'', ''અગ્રવાલ'', ''મહેશ્વરી'' - ગુજરાતી, હિંદી પ્રાર્થના માટે - 9821172223. (૯૫૬/એ)**

## ૩૧. નાણાંકીય

**■ ''(બેંકની - નોટિસનાં)'' રીપ્લાય સેટલમેન્ટ/ ઈન્સ્ટોલમેન્ટ સ્મોલ બજેટમાં (વકીલ મારફત). 9137725086. (બી-૧૭૨૦૫)**

**લોન ઉપલબ્ધ**
ફોર પ્રોપર્ટી, બિઝનેસ, પર્સનલ - કોલ - અંકુશ : 98198 73769. (બી-૧૭૩૪૪)

**GREAT OPPORTUNITY**
મ્યુચલફંડમાં પૈસા રોકવાની ઉત્તમ તક, આપનો શુભચિંન્તક અભય - 9223481847. (બી-૧૭૩૫૮)

**PRE-IPO**
Investment Opportunity - Safe and Secure, Buy Back. Whatsapp - 9833105304. (531/A)

## ૩૨. જમીન - મિલકત

**રાજકોટમાં જમીન**
રાજકોટ તથા આજુબાજુનાં ગામમાં નાના-મોટા પ્લોટ લેવા-વેચવા દિલીપ ઠક્કર - 9324076621. (૯૫૧-બી)

**દાપોલી**
ફાર્મ હાઉસ / બંગલો, એગ્રો ટુરિઝમ પ્લોટ, 12 ગુંઠા 12 લાખમાં, 100 સફેદ-ચંદનના ઝાડ અમે મફતમાં લગાવીને સંભાળ કરીશું, 8 વર્ષમાં ઝાડમાંથી 2 કરોડની આવક મળશે. 9920250949. (બી-૧૭૩૬૬)

## ૩૨. જમીન - મિલકત

**PLOTS REQUIRED**
**Budget 100-500 Cr for A+ Category Developer minimum 2500 sqr mtr Prime Location within Bandra to Borivali and South Mumbai Only Mihir 7021919014. (875/G)**

**અમદાવાદનો દસકો છે**
**અમદાવાદમાં પ્રોપર્ટીમાં રોકાણ માટે સર્વશ્રેષ્ઠ સમય છે કેમકે,**
- કોમનવેલ્થ ના કારણે ઝડપથી ડેવલપમેન્ટ થઈ રહ્યું છે...
- ભારતનું રહેવા માટેનું સર્વશ્રેષ્ઠ શહેર છે
- ગુજરાતનું સૌથી વધુ વિકસિત અને સુવિધાજનક શહેર છે...
- ધોલેરા/ગિફ્ટ સિટી સાથે સીધું કનેક્ટેડ છે

અહી રોકાણ કરવા અમારી સાથે કનેક્ટ થઈ શકો છો
(રવિ એસોસીએટ્સ)
લાયઝનિંગ એન્ડ એસેટ મેનેજમેન્ટ કંપની
**9428029859**
(બી-૧૭૩૫૩)

WEEKEND HOME PROJECT for Sale 25 NA Plots + 1 Bungalow & Clubhouse (Ready) on 2,09,000 sq.ft. Land. Prime Location: 73 kms from Statue of Unity / Kevadia, 32 kms from Vadodara Airport. High Growth Investment. Call: 99136 32165. (B-17342)

**VIKROLI**
800 Meter Plot Main Road Near Station. (2) SRA 2200 sq meter Plot. Ashok Shah - 9821036552. (969/B)

## ૩૩. ધંધાદારી

**WATER PROOFING**
**ટેરેસ, બહારની દિવાલ, છજ્જા, ALL CHEMICAL TREATMENT. (10% બાકી). 7977141377. (૮૯૨-એ)**

**પાણીની ટાંકીઓ**
મશીનથી - કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ. યોગી એન્ટરપ્રાઈઝઃ- 9820776583/ 9892298963. (૮૬૯/એ)

**સ્ટેમ્પ ડયુટી**
**રજીસ્ટ્રેશન**
**એડજુડીકેશન**
**ઈન્ડેક્સ II**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૭૩૫૪)

**CABLE TIE (SECURITY SEAL)**
**Nylon 100% Virgin, Size 150 mm x 3.00 mm Black Colour available in Bulk. Contact 7021978766 / 9323101902 Email: mukeshpujara@yahoo.com (933-A)**

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સચોટ જ્યોતીષ**
**જન્મતારીખ, સમય વોટ્સઅપ કરો. લગ્નયોગ કયા વર્ષમાં ક્યારે, માર્ગદર્શન ફી - આપના આશીર્વાદ. વાતો ન કરો રીઝલ્ટ માંગો. 7304586200. (૯૫૨-જી)**

**સમર્થ જ્યોતીષ**
**જન્મતારીખ સમય વોટ્સઅપ કરો. જીવનમાં મુંઝવતા કઠિનમાં કઠિન પ્રશ્નોનું માર્ગદર્શન વાતો ન કરો રીઝલ્ટ માંગો. ફી આપના આશીર્વાદ. 9702993707. (૯૫૨-એફ)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ PREMIUM ૧૯૮૩થી વિશ્વાસુ - વાંદા, ઉધઈ, ઉંદરનો ઉપાય. PESTIGUARD - 8169473531 / 9898637635. (બી-૧૭૩૪૮)

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી : 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૯૫૯/ડી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઊધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૯૫૯-બી)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૨૦૬)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

# બૅક એન્ડ

## બોલર્સ ચેતી જાય


# બૅટ્સમેનોનું બૅન્ડ બજાવવા તૈયાર થઈ જાઓ

**આઇપીએલની ૧૯મી સીઝનમાં બોલિંગની બાબતમાં ઘણી સમસ્યાઓ છેઃ જો ટીમો બોલિંગ નહીં સુધારે તો બૅટ્સમેનોના બૅટથી નવા વિક્રમો થતા વાર નહીં લાગે**

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ૧૯મી સીઝનમાં બૅટ્સમેનોની બોલબાલા હજી શરૂઆતથી જોઈએ એવી જોવા નથી મળી, પણ બોલિંગની બાબતમાં પણ લગભગ મોટા ભાગની ટીમોની મુસીબતો પણ કંઈ ઓછી નથી. એકંદરે, મુંબઈ ઇન્ડિયન્સને બાદ કરતા બાકીની દરેક ટીમની બોલિંગ સંતુલિત નથી. ટીમને બોલિંગની બાબતમાં કંઈક ને કંઈક સમસ્યા નડી રહી છે. કોઈ ટીમની સ્પિન બોલિંગ મજબૂત છે તો તેમનો પેસ પાવર જોઈએ એવો સ્ટ્રૉન્ગ નથી અને કોઈ ટીમના પેસ બોલર ફૉર્મમાં છે તો સ્પિનર હજી જોઈએ એવી કાંડાની કે આંગળીની કરામત નથી બતાવી શક્યા. અમુક ટીમના વિદેશી ખેલાડીઓ હજી આવ્યા જ નથી.

આંતરરાષ્ટ્રીય સ્તરે ટોચનું સ્થાન ધરાવતા બોલર્સની વર્તમાન સ્થિતિ જાણવા જેવી છે. ૩૪ વર્ષીય સ્પિનર વરુણ ચક્રવર્તી ઘણા મહિનાઓથી ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં વર્લ્ડ નંબર-વન બોલર છે, પરંતુ કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) માટે તે સારી શરૂઆત નથી કરી શક્યો. ટેસ્ટનો વર્લ્ડ નંબર-વન જસપ્રીત બુમરાહ ૨૯મી માર્ચે મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની વાનખેડેની પ્રથમ મૅચમાં ૩૫ રનમાં એક પણ વિકેટ નહોતો લઈ શક્યો. ટેસ્ટનો વર્લ્ડ નંબર-થ્રી મિચલ સ્ટાર્ક ઈજામુક્ત નથી થયો એટલે દિલ્હી કૅપિટલ્સ (ડીસી) વતી હજી રમવા નથી આવી શક્યો. ટેસ્ટના પાંચમા નંબરે રહેલો પૅટ કમિન્સ ઈજાને લીધે સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)નું સુકાન હજી સુધી સંભાળી નથી શક્યો. ડિફેન્ડિંગ ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)નો ફાસ્ટ બોલર જૉશ હૅઝલવૂડ પગની ઈજાને લીધે શરૂઆતની થોડી મૅચો નથી રમવાનો. આ જ મુસીબતને લીધે તેણે આખી ઍશિઝ ટેસ્ટ સિરીઝ ગુમાવવી પડી હતી.


કોલકાતાનો વર્લ્ડ નંબર-વન સ્પિનર વરુણ ચક્રવર્તી હમણાં ફૉર્મમાં નથી, પણ આવનારા દિવસોમાં આંગળીની કરામતથી બૅટ્સમેનોને ખૂબ નચાવશે તો નવાઈ નહીં લાગે

હવે આપણે કેટલાક ભૂતપૂર્વ ખેલાડીઓ (જેઓ હવે એક્સપર્ટ્સ તરીકે કૉમેન્ટરી બૉક્સમાં જોવા મળે છે)ની પ્રતિક્રિયા પર નજર કરીએ.

ઇરફાન પઠાણનું એવું માનવું છે કે 'ગુરુવારે કેકેઆરના કૅપ્ટન અજિંક્ય રહાણેએ વરુણને પાવરપ્લેમાં જ મોરચા પર મૂકીને બધો ગૂંચવાડો કરી નાખ્યો હતો. વરુણ હમણાં સારા ફૉર્મમાં નથી એટલે તેને પાવરપ્લેમાં તો બોલિંગ ન જ અપાય. કૅપ્ટનની ત્યાં જ ખરી કસોટી થતી હોય છે. જે બોલર તમારો ટ્રમ્પ-કાર્ડ અને મૅચ-વિનર બની શકે એને તમે પાવરપ્લેમાં જ વેડફી નાખ્યો.'

ગુરુવારે વરુણની પાવરપ્લેની ઓવરમાં હૈદરબાદના ઓપનર અભિષેક શર્માએ બે છગ્ગા અને ત્રણ ચોગ્ગા ફટકાર્યા હતા અને એ ઓવરમાં કુલ પચીસ રન થયા હતા. હૈદરાબાદે આઠ વિકેટે ૨૨૬ રન કર્યા હતા અને કોલકાતાની ટીમ ૧૬૧ રન પર આઉટ થઈ જતાં હૈદરાબાદનો ૬૫ રનથી વિજય થયો હતો.

ભારતના સ્પિન-લેજન્ડ અને ટીમ ઇન્ડિયાના ભૂતપૂર્વ હેડ-કોચ અનિલ કુંબલેએ પંજાબ કિંગ્સના સ્પિનર યુઝવેન્દ્ર ચહલની ભારોભાર પ્રશંસા કરી છે, પણ ગુજરાત ટાઇટન્સ (જીટી)ના પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાને મોડી બોલિંગ આપવા બદલ જીટીના કૅપ્ટન શુભમન ગિલની ટીકા કરી છે. મંગળવારે ન્યૂ ચંડીગઢના મુલ્લાંપુરમાં ગુજરાતને પંજાબે અંતિમ ઓવરમાં ત્રણ વિકેટે પરાજિત કર્યું હતું.

બન્યું એવું કે મંગળવારે ગુજરાતને ૮/૧૬૨ સુધી સીમિત રખાવવામાં વિજયકુમાર વૈશાક (૩૪ રનમાં ત્રણ વિકેટ) ઉપરાંત ચહલ (૨૮ રનમાં બે વિકેટ)નું પણ મહત્ત્વનું યોગદાન હતું. કુંબલેએ કહ્યું છે, 'ચહલ ખૂબ સ્માર્ટ છે. તે વારંવાર લાઇન, લેન્ગ્થ અને ઝડપમાં ફેરફાર કરી નાખતો હોય છે. તેણે ખરા સમયે જાળ બિછાવીને શુભમન ગિલ (૩૯ રન) અને જૉસ બટલર (૩૮ રન)ની વિકેટ પંજાબને અપાવી હતી.'

કુંબલેએ એ જ મૅચમાં શુભમન ગિલે 'જે દાટ વાળ્યો' એની પણ વાત કરી હતી. કુંબલેએ કહ્યું, 'શુભમને ૧૬૨ રનનું ટોટલ ડિફેન્ડ કરવા જતાં પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાને બહુ મોડી બોલિંગ આપી હતી. ૨૦૨૫ની આઇપીએલમાં સૌથી વધુ પચીસ વિકેટ લઈને પર્પલ કૅપ જીતી લેનાર ક્રિષ્નાને શુભમને મંગળવારે છેક ૧૩મી ઓવરમાં પહેલી વાર મોરચા પર મૂક્યો હતો. તેને વહેલી બોલિંગ આપવી જોઈતી હતી. કમસે કમ તેને ૬-૧૦ ઓવરની વચ્ચે એક ઓવર તો મળવી જ જોઈતી હતી.'

નવાઈની વાત એ છે કે ક્રિષ્નાએ છેક ૧૩મી ઓવરમાં પહેલી વખત બોલિંગ મળવા છતાં ચાર ઓવરમાં ૨૯ રનના ખર્ચે ત્રણ વિકેટ લીધી હતી. તેણે ઇનિંગ્સની ૧૩મી ઓવરમાં પંજાબના કૅપ્ટન શ્રેયસ ઐયર (૧૮ રન)ને પૅવિલિયન ભેગો કર્યો હતો અને પછી ૧૫મી ઓવરમાં શશાંક સિંહ (ચાર રન) તથા માર્કસ સ્ટોઇનિસ (૦)ની વિકેટ અપાવી હતી. જોકે ગુજરાત જીતી નહોતું શક્યું.

૧૦માંથી માત્ર મુંબઈ ઇન્ડિયન્સની બોલિંગ બૅલેન્સ્ડ કહી શકાય એવી છે. બુમરાહ ગમે ત્યારે અસલ રિધમમાં જોવા મળી શકે. ટ્રેન્ટ બૉલ્ટ પણ સારો સપોર્ટિંગ રોલ ભજવતો જોવા મળશે. કૅપ્ટન હાર્દિક પંડ્યાએ રવિવારે વાનખેડેમાં કોલકાતાના વિકેટકીપર-બૅટ્સમૅન અંગક્રિશ રઘુવંશી મુંબઈ માટે વધુ ખતરારૂપ બની રહ્યો હતો ત્યારે જ તેને પૅવિલિયન ભેગો કરી દીધો હતો. અંગક્રિશે ફક્ત ૨૯ બૉલમાં બે સિક્સર અને છ ફોરની મદદથી ૫૧ રન કર્યા હતા. ટીમના નવા અફઘાની સ્પિનર એએમ ગઝનફરને ૫૧ રનમાં વિકેટ નહોતી મળી, પણ આવનારી મૅચોમાં તેનો તરખાટ જોવા મળશે તો નવાઈ નહીં લાગે. શાર્દુલ ઠાકુરે ૩૯ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. તેની બોલિંગ એ મૅચમાં એટલી બધી પ્રભાવી અને નિર્ણાયક બની હતી કે બે દિગ્ગજ ઓપનર રાયન રિકલ્ટન (૪૩ બૉલમાં ૮૧ રન) અને રોહિત શર્મા (૩૮ બૉલમાં ૭૮ રન)ની ૧૪૮ રનની ભાગીદારીવાળા મૅચ-વિનિંગ પર્ફૉર્મન્સ વચ્ચે શાર્દુલને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવાનું અવૉર્ડ નક્કી કરનાર ટીમને ઠીક લાગ્યું હતું અને તેમનો એ યોગ્ય નિર્ણય હતો. મિત્રોમાં 'ધ લૉર્ડ' તરીકે ઓળખાતા શાર્દુલના એ દિવસના બોલિંગ પર્ફોર્મન્સથી કૅપ્ટન હાર્દિક પંડ્યા એટલો બધો પ્રભાવિત થઈ ગયો હતો કે તેણે એક મુલાકાતમાં કહ્યું, 'શાર્દુલ એટલો બધો ઉપયોગી બોલર છે કે તેણે કારકિર્દીના અંત સુધી મુંબઈ ઇન્ડિયન્સની જ ટીમમાં રહેવું જોઈએ.'


શાર્દુલ ઠાકુરે રવિવારે વાનખેડેમાં ત્રણ વિકેટના તરખાટથી મુંબઈને કોલકાતા સામે વિજય અપાવ્યો હતો.

આઇપીએલ-૨૦૨૬ના ૨૮મી માર્ચના પ્રથમ દિવસે હૈદરાબાદે ૨૦૧ રન કર્યા છતાં બેંગ્લૂરુએ માત્ર ૧૬મી ઓવરમાં ચાર વિકેટના ભોગે ૨૦૩ રન કરીને વિજય મેળવ્યો હતો. એ જ દર્શાવે છે કે હૈદરાબાદે બોલિંગમાં ખૂબ સુધારો કરવાની જરૂર છે. એ જ સમસ્યા બીજા દિવસે કોલકાતાને ૨૨૦ રન કરવા છતાં મુંબઈ સામે નડી હતી જેમાં મુંબઈએ ૨૨૧ રનનો મોટો લક્ષ્યાંક બહુ સારા પ્લાનિંગથી મેળવી લીધો હતો. રવીન્દ્ર જાડેજા હવે ચેન્નઈની ટીમમાં નથી જેની ખોટ સોમવારે રાજસ્થાન સામે વર્તાઈ હતી. ૧૫ વર્ષનો વૈભવ બાવન રનની ધમાકેદાર ઇનિંગ્સથી રાજસ્થાનને જિતાડી ગયો હતો.

ટી-૨૦ના મહોત્સવ સમાન આઇપીએલ 'બૅટ્સમેન્સ ગેમ' તરીકે ઓળખાય છે, પરંતુ થોડાં વર્ષોથી બોલર્સ પણ ઘણી મૅચોમાં નિર્ણાયક બન્યા છે. જો આ વખતે ટીમો પોતાની બોલિંગ-તાકાત નહીં સુધારે તો બૅટ્સમેનો લાભ લઈ જશે અને નવા-નવા રેકૉર્ડ રચી દેશે. બેંગ્લુરુ સામેનો હૈદરાબાદનો ૨૦૨૪ની સાલનો ૩/૨૮૭ આઇપીએલનો સર્વોચ્ચ ટીમ-સ્કોર છે. જોકે આ વખતે એ વિક્રમ તૂટશે તો નવાઈ નહીં લાગે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com


# લાયસેયોર્ડમાં ખડકો પર કંડારાયેલું હજારો વર્ષ પહેલાંનું નોર્વે...

ઓલમોસ્ટ ૨૦૦૦ ફીટની ઊંચાઈ પર પુલપિટ રોક પર જો ચોખ્ખો દિવસ હોત તો નીચે તળેટીનું લાયસેયોર્ડ જોવા મળી શક્યું હોત, પણ લાયસેયોર્ડ અમારે સાવ નજીકથી, તેના કાંઠે ઊભાં રહીને જોવાનું આવ્યું. કોને ખબર હતી કે કોવિડ પછી પહેલી વાર યોર્ડ જોવા મળશે ત્યારે આ વોટરબોડી પ્રત્યે આટલો બધો પ્રેમ ઊમટી આવશે. નદીઓ, સરોવરો અને ઈવન દરિયા કિનારો અવારનવાર જોવા મળી જતાં હતાં, બસ આ યોર્ડ જોવા માટે ખાસ સ્કેન્ડિનેવિયા આવવું પડતું હતું. તેમાંય નોર્વેમાં તો ૧૫૦૦થી વધુ યોર્ડ છે. આમ તો યોર્ડનું ઓરિજિન તો દરિયાથી જ થાય છે, પણ આ દરિયાનું પાણી ઇનલેન્ડ આવીને ત્રણ તરફ ખડકોથી ઘેરાયેલું હોય છે.

મોટાભાગનાં યોર્ડ યુ-શેપમાં દરિયા સાથે જોડાયેલાં હોય છે. યોર્ડના ક્રિએશનમાં ગ્લેશિયરનું પાણી પણ હોય છે, એટલે ઉપર ઉપરથી ત્યાં ભલે મીઠું પાણી હોય, મોટાભાગનાં યોર્ડ ઊંડાં અને નીચે દરિયાના ખારા પાણીથી ભરેલાં હોય છે. હજી આ તો ટ્રિપનો પહેલો હાઇકનો દિવસ હતો. હવે મોટાભાગનો સમય એક યા બીજા યોર્ડની આસપાસ જ વિતાવવાનો હતો.

તે દિવસથી ખડકો કે પહાડોના બેકગ્રાઉન્ડમાં યોર્ડનું પાણી અમારું પરમેનેન્ટ બેકગ્રાઉન્ડ બની જવાનું હતું. પહેલાં તો જ્યાંથી ગાડી નીકળતી, બહાર સતત કોઈ ને કોઈ યોર્ડની ઝલક દેખાતી રહેતી. હવે ફોટા પાડવાનું તો ઘણું ઓછું થઈ ગયું હતું. એવામાં પુલપિટ રોક પર ધાર્યા મુજબના ફોટા ન પાડી શકવાનો પણ જરાય અફસોસ ન થયો. ઘણી વાર તો દસ-પંદર મિનિટની ડ્રાઇવમાં ત્રણ-ચાર યોર્ડ દેખાઈ જતાં. હવે દરેકનું નામ અને હિસ્ટ્રી તો જાણવા ન મળતાં. પણ અહીં દરેક યોર્ડનું નામ તો હતું જ, તેની સાથે લોકવાયકાઓ પણ જોડાયેલી રહેતી. આ પુલપિટ રોકની અને લાયસેયોર્ડની વાર્તા તો આ ખ્યાતનામ ટૂરિસ્ટ એટ્રેક્શનની શોધ સાથે જ જોડાયેલી છે. એક બ્રિટિશ બેન્ક મેનેજર બોટમાં આ યોર્ડ ફરવા નીકળેલો અને તેનો અનોખો શેપ જોઈને ત્યાં હાઇક કરવા પહોંચી ગયો હતો.

આ ખડકો અને યોર્ડ આસપાસનો વિસ્તાર તો દસ હજાર વર્ષોથી પણ વધુ પૌરાણિક છે. વળી અહીં 'સોલબાક' ખડકો પર ૩૦૦૦ વર્ષ પહેલાંનાં ભીંત ચિત્રનું વર્ઝન જોઈને લાગે કે



અહીં ત્રણેક મિલેનિયાથી તો વસાહત પણ રહી હોવી જોઈએ. સોલબાક ખડકો પરની કોતરણીની નોર્વેના ઠંડા વેધરમાં ખુદ કુદરતે જ તેની એટલી માવજત કરી છે કે આજે પણ તે ભૂખરા ખડકો પર કોતરેલા પાર્ટનો લાલ રંગ સ્પષ્ટ નજરે પડે છે. તે સમયની જિંદગી, તે સમયના કામધંધા વગેરે આ જ ચિત્રોમાં હોડી, માછલી અને સૂર્યની કોતરણીમાં જોવા મળી જાય છે.


પેટ્રોગ્લિસ તરીકે ઓળખાતાં આ કાર્વિંગ્સ છેક બ્રોન્ઝ એજથી અહીં સમયની વાર્તા અકબંધ રાખીને બેઠાં છે. લાયસેયોર્ડની સૌથી જાણીતી સાઇટ ભલે પુલપિટ રોક હોય, ત્યાં એક વાર જોયા પછી સોલબાકનાં ચિત્રો જ ત્યાંની સૌથી મહત્ત્વની સાઈટ જેવાં લાગવા માંડે. પુલપિટ રોકનો થાક અહીં ક્યાંય ભૂલાઈ ગયો હતો. જોકે થાક ઊતરવામાં પુલપિટ રોકના બેઝ પર પાછાં ફરીને ખાધેલા આઇસક્રીમે પણ મોટો ભાગ ભજવ્યો હતો.

લાયસેયોર્ડનો સીધો સીધો અર્થ જ લાઇટ એટલે કે આછા રંગનો યોર્ડ એવો થાય છે. આ નામ પાછળનું મૂળ કારણ પણ છે તેના ખડકોનો આછો રંગ. આ આખોય વિસ્તાર સાહિત્યકાર વિક્ટર હ્યુગોથી માંડીને અભિનેતા ટોમ ક્રુઝનો મનપસંદ રહ્યો છે. અમને પણ ત્યાંથી નીકળવાની ઇચ્છા નહોતી થતી. ત્યાં હજી વધુ રખડીને થાકવું હતું કે પછી ત્યાંનો થાક ત્યાં જ છોડીને જતાં રહેવું હતું તે નક્કી નહોતું કરી શકાતું. હાઈક પછી કકડીને ભૂખ પણ લાગી હતી. ત્યાં તો માત્ર સ્નેકનો જ બંદોબસ્ત થઈ શકે તેમ હતું. અને સાથે લાવેલો નાસ્તો હજી બીજા દિવસે જ ખાલી કરી નાખવાનો અમારો કોઈ પ્લાન ન હતો. અમે હજી અહીં 'જુતુલ્સ' એટલે કે જાયન્ટ્સની શોધમાં વધુ ફરવા તૈયાર હતાં. આમ તો આખું નોર્વે ટ્રોલ્સ અને જાયન્ટ્સની વાતોથી ભરેલું છે. પણ ત્યાંના ખાસ જુતુલ્સ નામે ઓળખાતા જાયન્ટ્સ લાયસેયોર્ડના ખડકોમાં રહેતાં હોવાની વાત હતી.


આખરે લાયસેનો વિસ્તાર છોડ્યા પછી રીફીલ્કે વિસ્તારમાં આગળ ચાલ્યાં. આ રીફીલ્કે આખા રિજનનું નામ છે. અહીં જ પુલપિટ રોક, કજેરાગ હાઇક, લોરલી ગામ, આ ત્રણ મુખ્ય સાઇટ્સ છે. તેને રીફીલ્કેનાં 'બીગ થ્રી' કહેવાય છે. આસપાસમાં જ સાલમન ફાર્મથી માંડીને સ્થાનિક વસાહતો, આખા વિસ્તારમાં જોવા માટે એટલું બધું છે કે અમારી ફરવાની ક્ષમતાની હવે કસોટી થવા લાગી હતી. વચ્ચે એક નાનકડા સ્ટ્રેચ પર લાયસેયોર્ડમાં એક નાનકડી ફેરી રાઇડ પણ લઈ જોઈ. હવે માત્ર યોર્ડ સાઇડ ડાઇનિંગ કરવાનું બાકી હતું. સ્થાનિક ફિશ અને રસ્ટિક પોટેટો સાથે નોર્વેજિયન ગ્લોગ ડ્રિંક સાથે મજા કરી. હવે રાત પહેલાં અમારા નેક્સ્ટ ડેસ્ટિનેશન હોમ પર પહોંચવાનું હતું. દર થોડા અંતર પર ગાડીને ફેરીમાં નાખીને ફરી કોઈ યોર્ડ પાર કરવાનું આવી જતું હતું. સવારે હતી તે યોર્ડ માટેની બધી નવીનતા એક જ દિવસમાં હવે પૂરી થઈ ચૂકી હતી.

તે રાત્રે એપાર્ટમેન્ટ પહોંચ્યાં ત્યાં બાલ્કની જ સીધી યોર્ડ પર ખૂલતી હતી. અહીંથી લામ બ્હાન અને બાકીનાં વિસ્તારમાં બે રાત વિતાવવાની હતી. રોજ થોડી હાઇક તો થવાની જ હતી. થોડી બાઇક રાઈડ, થોડી ટ્રેન, બધું જ એક સાથે અનુભવવા મળી ગયું.

નોર્વે રોજ દરેક દિશામાં એકધારું સૌંદર્ય બતાવ્યે જતું હતું, અને છતાંય દરેક દૃશ્ય નવું અને અનોખું લાગતું હતું. અને દરેક દૃશ્યમાં પેલાં સોલબાકનાં પેટ્રોગ્લિફની કોતરણીમાં દેખાયેલાં ચિત્રોનું કોઈ ને કોઈ એલિમેન્ટ જરૂર દેખાઈ જતું હતું. ■







એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# લેક કોમોઃ સૌંદર્યનો સાક્ષાત્કાર

## ઈટલીના સરોવરની આસપાસ આ રળિયામણો વિસ્તાર છે

ઈટલીના પ્રવાસે ગયેલા સહેલાણીઓ રોમ, વેનિસ અને ફલોરેન્સની મુલાકાત તો લે જ, પણ જો તમારે નખશીખ કુદરતનું સૌંદર્ય માણવું હોય તો લેક કોમો, સાર્ડિનિયા બીચ તેમ જ પુસ્તક પ્રેમીઓ માટે નેપલ્સની મુલાકાત લેવી જોઈએ. નિશ્ચિત પ્રવાસ કાર્યક્રમને કારણે ઈટલીના પ્રવાસ દરમિયાન લેક કોમો અને એની આસપાસના સ્થળની મુલાકાત સુધી સીમિત રહેવું પડ્યું. સાર્ડિનિયા અને નેપલ્સ ફરી ક્યારેક જાશું એમ કરી મન મનાવી લેવું પડ્યું. અલબત્ત, જે કંઈ જોયું એનાથી દિલ અને દિમાગ તરબતર થઈ ગયા. રોમેન્સ અને રોમાંચ એવી બંને પ્રકારની લાગણીનો અનુભવ થયો.

### લેક કોમો

નયનરમ્ય નિસર્ગ અને લક્ઝરીનું સરનામું એટલે લેક કોમો. વિશ્વના સૌથી રોમેન્ટિક સ્થળની યાદીમાં ઓસ્ટ્રેલિયાના સિડની હાર્બર બ્રિજની સાથે ઈટલીના લેક કોમોનું નામ પણ લેવામાં આવે છે. એમાંય લેક કોમો તો વિશ્વનો સૌથી રોમેન્ટિક લેક ગણાય છે. યશ ચોપડાની ફિલ્મોમાં સ્વિટ્ઝર્લેન્ડનું સૌંદર્ય દર્શકો થિયેટરમાં બેસીને માણતા હતા એ જ રીતે લેક કોમો પણ અનેક હોલિવૂડ ફિલ્મમેકરોનું માનીતું સ્થળ રહ્યું છે. જેમ્સ બોન્ડની ‘કસીનો રોયલ’ અને જ્યોર્જ ક્લુની, બ્રાડ પિટ અને જુલિયા રોબર્ટ્સની મજેદાર ફિલ્મ ‘ઓસન્સ ટ્વેલ્વ’નાં કેટલાંક સાહસિક દશ્યોનું શૂટિંગ લેક કોમોના વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. જોકે એમની પહેલા અને એ પણ છેક ૧૯૨૫માં વિશ્વવિખ્યાત ફિલ્મમેકર આલ્ફ્રેડ હિચકોકે દિગ્દર્શક તરીકે તેમની પ્રથમ ફિલ્મ ‘ધ પ્લેઝર ગાર્ડન’નું મોટાભાગનું શૂટિંગ અહીં કર્યું હતું. ઈટાલિયન આલ્પ્સ પર્વતમાળાના ઘેરાવાની અંદર રહેલો લેક કોમો એના નખશિખ સૌંદર્ય ઉપરાંત બરફ જેવા ઠંડા અને અરીસા જેવા પારદર્શક પાણી માટે નામના ધરાવે છે. આસપાસના પર્વતોમાંથી પીગળતા બરફને કારણે સરોવરને તાજા અને ખનીજ તત્ત્વો ધરાવતા પાણીનો પુરવઠો સતત મળતો રહે છે. આ સરોવરના કિનારે કેટલાંક નગર અને શહેર વસેલાં છે જેમને એનું નિર્મળ અને નૈસર્ગિક પાણી સતત મળતું રહે છે. આ લેક વિશાળ છે અને એની આસપાસના કેટલાક સ્થળ પણ એની વિશેષતા માટે જાણીતા છે અને માણવા જેવા છે.



લેક કોમોઃ સહેલાણીઓનું માનીતું સ્થળ



અમ્બ્રેલા ટ્રીઃ વિલક્ષણ વૃક્ષ



ઈટાલિયન આલ્પ્સઃ સ્કીઈંગ અને હાઈકિંગની મોજ

### વિલા ડેલ બાલબીનેલીયો

લેક કોમોની આસપાસનું સૌથી જાણીતું સ્થળ જ્યાં સહેલાણીઓ મોટી સંખ્યામાં જોવા મળે છે. ‘સ્ટાર વોર’ મુવીના કેટલાક દશ્યોનું ફિલ્માંકન અહીં કરવામાં આવ્યું હતું. ઈટલી લક્ઝુરિયસ વિલા માટે પ્રખ્યાત છે. ૧૮મી સદીમાં બાંધવામાં આવેલા વિલા ડેલ બાલબીનેલીયોનો ઉપયોગ મઠ, હોસ્પિટલ તેમજ અંગત નિવાસસ્થાન માટે પણ કરવામાં આવ્યો છે. જોકે, આજની તારીખમાં એ પ્રાઈવેટ નહીં પણ પબ્લિક પ્રોપર્ટી છે, જેની માલિકી ઈટલીના નેશનલ ટ્રસ્ટ હસ્તક છે.

અહીં સહેલાણીઓ આવે છે અને ક્યારેક વેડિંગ ફોટોગ્રાફર્સ અને ફિલ્મનું શૂટિંગ કરવા આવેલા યુનિટના સભ્યો પણ નજરે પડે છે. આ વિલાની એક ખાસિયત છે એના ગાર્ડન. આ ઉદ્યાનમાં વિવિધ પ્રકારના છોડ - ઝાડ જોવા મળે છે જે વાતાવરણને રમણીય બનાવે છે. અહીંનું અમ્બ્રેલા ટ્રી તરીકે પણ ઓળખાતું હોમ ઓક વૃક્ષ જોવું એ એક લહાવો છે. વૃક્ષના પાંદડાંનો ઘેરાવો ખુલ્લી કરેલી છત્રી જેવો દેખાતો હોવાથી એને આ નામ મળ્યું છે.

### ઈટાલિયન આલ્પ્સ

આલ્પ્સ નામ કાને પડતા જ વિશાળ પર્વતમાળા નજર સામે તરવરવા લાગે. આપણે ત્યાં સહ્યાદ્રીનો ઉલ્લેખ થતાની સાથે જે અનુભૂતિ થાય એવી જ લાગણી. ૧૨૦૦ કિલોમીટરમાં પથરાયેલી આ પર્વતમાળા ફ્રાન્સ, જર્મની, ઈટલી, મોનેકો, લિક્ટનસ્ટાઈન, સ્લોવેનિયા, સ્વિટ્ઝર્લેન્ડ અને ઓસ્ટ્રિયા એમ આઠ દેશને આવરી લે છે. મોં બ્લાં આ પર્વતમાળાનું સૌથી પ્રતિષ્ઠિત શિખર છે. એનું નામ પડતા જ ભારતીય અણુ કાર્યક્રમના જનક ડો. હોમી ભાભાના ગમખ્વાર વિમાન હોનારતની યાદ દિલને દુઃખાવી જાય. ૨૪ જાન્યુઆરી, ૧૯૬૬ના દિવસે એર ઈન્ડિયાનું વિમાન મોં બ્લાં શિખર નજીક આલ્પ્સ પર્વતમાળામાં તૂટી પડ્યું હતું અને એમાં ડો. ભાભા સહિત ૧૧૭ જણ મૃત્યુ પામ્યા હતા. ફ્રાન્સથી ઈટલી થઈ ઓસ્ટ્રિયા સુધી ઈટાલિયન આલ્પ્સનો ઘેરાવો છે. અહીંના ઉત્તુંગ શિખરો મન મોહી લેનારા છે.

અહીં લટાર મારતા મારતા ‘શગુન’નું ‘પર્બતો કે પેડોં પર શામ કા બસેરા હૈ’ તેમજ ‘મેહબૂબા’ ફિલ્મનું ‘પર્બત કે પીછે ચંબેલા ગાંવ, ગાંવ મેં દો પ્રેમી રહતે હૈં’ ગણગણવાનું મન થઈ જાય. અહીંનું એક બોટનિકલ ગાર્ડન અને હિલ પર આવેલો કિલ્લો જોવા જેવો છે. જોકે, સમયના આભાવે કિલ્લો જોવાની તક ન મળી. અહીં આખું વર્ષ કોઈને કોઈ એક્ટિવિટી ચાલતી રહે છે. શિયાળામાં બરફ આચ્છાદિત વિસ્તારમાં સ્કીઈંગનો આનંદ લેવામાં આવે અને ઉનાળામાં હાઈકિંગ અને સાઇકલિંગની મજા માણવામાં આવે. અલબત્ત, ઇટાલિયન આલ્પ્સ પર્વતમાળાના શ્રેષ્ઠ દર્શન તો ડોમાસો નામના ટાઉનથી થાય એમ અમને કહેવામાં આવ્યું. સમયની ખેંચને કારણે ત્યાં પણ જઈ ન શકાયું... અફસોસ! ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# હેં... આ કેટલામાં પડ્યો?




‘કંઇક બદબૂ આવે છે.’ રાધારાણીએ શ્વાનની જેમ નાકના ફોયણા સંકોરતાં કહ્યું. રાધારાણીએ નાક પર દુપટ્ટાનો ડાટો લગાવ્યો. કારની બારી ખોલી નાખી.

‘મને વાસ આવતી નથી.’ મે કાંઇક સૂંઘવાની કોશિશ કરીને નિવેદન કર્યું. મેં કારની બારીના કાચ પાછા ચડાવ્યા અને એસીની સ્પિડ વધારી.

‘તમારે મગજ તો ઊડી ગયું છે. હવે નાક પણ ગયું.’ રાધારાણીએ મારી ખીલી ઉડાવી.

‘રાધુ, તમે પરમ દિવસે સકરટેટી અને ચીભડાં લીધા હતા. એ રાતભર ગાડીમાં પડી રહેલા. આ વાસ તેની હોય એવું તમને લાગતું નથી?’ અમે શંકા વ્યક્ત કરી.

‘કપાળ તમારું, સકરટેટી અને ચીભડાંની વાસ તો હર્બલ અને ઓર્ગેનિક હોય. આ તો સડેલ મડદા જેવી વાસ આવે છે. જુવો, કારમાં માખી પણ કેટલી બણબણે છે.?’ આ બાઇ ફોરેન્સિક એક્સપર્ટની માફક કોણ જાણે કેટકેટલી ગંધ-બદબૂ - સુગંધ લેતી હશે?

‘મારું પેટ બગડે ત્યારે આવી જ બદબૂ આવે છે. જોકે આજકાલ મારું પેટ બગડ્યું નથી.’ અમે બચાવનામું રજૂ કર્યું.

સમસ્યા આજકાલ ડ્રોન, મિસાઇલ કે કલસ્ટર બોમ્બ પર બેસીને આવતી નથી, પરંતુ, કીડીની પીઠ પર બેસીને મંદ ગતિએ આવતી હોય છે.જેનો સામનો કરવો એ સાત કોઠા વીંધવા કરતાં પણ કપરું કામ છે.

‘ગિધુ, માનો ન માના, કારમાં ઉંદરડું મરી ગયું લાગે છે.’ આમ કહીને રાધારાણીએ ગરજ કે સાથે છીંટે એટલે કે ઊલ્ટીવર્ષા કરી. તેમની ઊલ્ટીથી અમે પણ કારણ વગર ખરડાયા. કારની સીટ સાફ કરવી પડે એ લટકામાં.

‘રાધુ, બદબૂને હટાવવા તીવ્ર સુંગધનો મારો કરવો પડે.’ આમ કહી અમે ડીયો, આફટર શેવ લોશન, રૂમ ફ્રેશનર, સ્પ્રે , અત્તર જે કાંઇ અમારી હડફેટે આવ્યું તેનો મારો ચલાવ્યો. ત્રીસ જાતની અગરબતી અને ધૂપ પેટાવ્યા... પણ મરેલા ઉંદરડાની બદબૂ પાવરફૂલ હતી. જેથી અમારી હાલત બેહદ ખરાબ થઇ ગઇ.

ઉંદરડા આજકાલ પ્લેનમાં ઘૂસી જાય છે. હા, મને ચૂંચી આંખ કરી, મૂંછ હલાવતું મારું હાળું ઉંદરડું બિવડાવે છે. રેલવેના પાટા પર તો ગલૂડિયાંની સાઇઝના ઉંદરો બેખૌફ ફરતા હોય છે. માનો કે પૂર્વ ભવના રેલ્વેના આલા અફસરલોગ ન હોય! બિહારમાં પોલીસના મુદ્દામાલરૂમમાં મુકેલ રૂપિયા ત્રણ કરોડનો દારૂ ઉંદરડા ગટગટાવી ગયેલ. આપણે ત્યાં કેનાલનું કોક્રિંટ ઉંદરડાએ કાગળની જેમ કાતરી કાઢ્યું હતું. ક્યાંક સિત્તેર હજાર કિલો ગાંજો ચલમમાં ભરી પી ગયા હતા. ઉંદરડા અને નેતામાં એક સામ્ય છે. બંને ફૂંકી ફૂંકી કરડે છે.

અમારી કારમાં ઉંદરડું છે તે જાણ્યા પછી અમારા સગાસંબંધી, મિત્રો, હિતેચ્છુઓ ઝાલ્યા રહે?

એમણે સલાહ કે સ્વાનુભવોનો ધોધ વહેડાવ્યો, જેમકે... ‘ગિરધરલાલ, એક કામ કરો. કારનું બોનેટ ખોલી મૂકી કપૂર કાચલી મૂકી દો. ઉંદર તો ઠીક, ઉંદરડી પણ આવશે નહીં.’ એક ઉંદર વિશેષજ્ઞે સલાહ આપી.

‘ભૈ તમે મોડા પડ્યા. તમારી સલાહ ચોવીસ કેરેટનું સોનું છે. ઓલ રેડી ઉંદરે ગાડી મહી આત્મહત્યા કરી લીધી છે.’ અમે તેમને અદ્યતન પરિસ્થિતિથી વાકેફ કર્યા.

‘બોસ, તમને અકસીર ઉપાય બતાવું. તમે ફટકડીના પાણીનો છંટકાવ કરો.’ બીજા સૂંઠના ગાંગડે ઉંદર વિશેષજ્ઞે બનેલ વ્યક્તિ વિશેષ સલાહસ્ત્રાવ કર્યો.

‘તમે, ગોમૂત્રનો સ્પ્રે કરો. થોડું ગોબર લગાવો.’ ત્રીજા ઉંદર વિશેષજ્ઞે સોનેરી સલાહ આપી.

‘તમે એક કામ ન કરી શકો? તમે એક બિલાડી પાળો. ઉંદર ઊભી પૂંછડીએ ભાંગશે.’ ચોથા ઉંદર વિશેષજ્ઞે સલાહ આપી.

(બિલાડી કારમાં મળમૂત્ર ત્યાગ કરી ગાડીની મા પૈણી નાખશે તેનું શું? એ બાબતે સલાહકારે મૌન ધારણ કર્યું.)

‘તમે સાપની કાંચળી ગાડીમાં રાખો.’ પાંચમા ઉંદર વિશેષજ્ઞે સલાહ આપી.

‘કારમાં લસણ ડુંગળીના ફોતરા રાખો. નવાણુ ટકા ઉંદર નહીં જ આવે. (ઉંદર સાત્ત્વિક પ્રકૃતિનો હોય અને લસણ ડુંગળીનું ભક્ષણ ન કરતો હોય એવું કયા ગ્રંથમાં લખ્યું છે?)

આવા ઉપાયોથી કારની બદબૂ ઘટનાને બદલે વધી. અંતે અમે સર્વિસ સેન્ટર શરણમ્ ગચ્છામિ કર્યું. અમે એપોઇન્ટમેન્ટ બુક કરાવી. અમારા સર્વિસ સલાહકારનું નામ ધ્રુવ હતું.

‘સાહેબ, તમારી ગાડીમાં ઉંદરડો કેવી રીતે આવ્યો?’ ધ્રુવનો સણસણતો સવાલ. અમને ખબર હોય તો તારી પાસે શું કામ આવીએ?

‘મારી પાસે સત્તર વરસથી કાર છે. કારમાં કોઇ દિવસ ઉંદર ઘૂસેલા નથી. અમે સિઝન માટે ઘઉં, ચોખા, તેલ, કઠોળ મોલમાંથી ખરીદેલ. તેના કટ્ટામાં ઉંદરડું હશે. અમને ખરીદી સાથે સ્કિમમાં તદન ફ્રી ઉંદરડું મોલવાળાએ આપ્યું લાગે છે.’ અમે ઉંદરાગમનની સંભવિત શક્યતા ઉજાગર કરી.

‘તો તો તમે ફસાઇ ગયા સાહેબ.’ ધ્રુવે તારણ કાઢ્યું .

‘એ તો બરાબર, પરંતુ, તમે ઉંદર કેવી રીતે શોધશો?’ અમે કુતૂહલ વ્યક્ત કર્યું. અમને એમ કે એમની પાસે મેટલ ડિટેક્ટર કે રેટ સ્કેનર જેવું યંત્ર હશે? જેના લીધે ઉંદર બોનેટ, બમ્પર કે સાઇડ પેનલ પૈકી કયાં ફસાયો છે તેની ખબર પડતી હશે.

‘સાહેબ, તમે તો ભારે કોમેડી કરો છો. આપણો દેશ આટલો આગળ વધ્યો નથી. ઓનલાઇન ઉંદર ન શોધી શકાય. ઉંદરનું પગેરું દબાવીને ઓફલાઇન શોધવો પડે. એક સાહેબની ગાડીની પાંચમા દિવસની ખાંખાંખોળા પછી ઉપરની છતમાંથી મરેલો ઉંદર નીકળેલો. ઉંદરડો એટલી દુર્ગંધ મારતો હતો કે તેની ગંધ નાકમાં જતાં ત્રણ મિકેનિકને ઊલ્ટી થઇ ગયેલ. એક વાર અમે રૂફ પેનલ કાપીને જીવતો ઉંદર કાઢ્યો પછી અમે મુઠીઓ વાળીને ભાગેલ.’ ધ્રુવે મૂષક મહાભારત સંભળાવ્યું

‘તમે ઉંદર શોધીને અમારી કાર ક્યારે આપશો?’ અમે વાજબી સવાલ પૂછ્યો.

‘સાહેબ, જ્યારે જીવતો કે મરેલો ઉંદર જડશે એટલે તમને ફોન કરીશું’ ધ્રુવે અગસ્ત્ય મુનિ જેવો વાયદો કર્યો.

એક દિવસ ધ્રુવે અમારી કારમાંથી ગોતી કાઢેલ ઉંદરડાનો ફોટો મોકલ્યો. ઉંદરડો છૂંદાઈ ગયેલ. ધ્રુવના કહેવા મુજબ ઉંદર એસીના ડકમાં ફસાયેલ. જેના લીધે જ્યારે એસી ઓન કરીએ ત્યારે મરેલા ઉંદરડાની બદબૂનો ધોધ વછૂટતો હતો. બે પાંચ રૂપિયાના ઉંદરને કારમાંથી શોધવાનું બિલ રૂપિયા અઢી હજાર આવ્યું.

લાગે છે કે ઉંદરડાને અમારી કાર સાથે ગોઠી ગયું છે. એક પછી એક ચાર વાર નાની-મોટી સાઇઝના ઉંદરડા ગુપ્ત ધોરી માર્ગે વિદેશી આક્રાંતા શક, હૂણ, કુષાણની જેમ ઘૂસતા રહ્યા. તેમને શોધવાનું બિલ અઢી હજારથી વધીને પંદર હજાર રૂપિયા સુધી થયું. પછી અમે એક અંતિમ ફેંસલો લીધો.

અમે અશ્રુભીની આંખે અમારી જૂની- વ્હાલી કાર વેચી નાખીને સાઇકલ લઇ લીધી છે... ■

ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# કેમ આ બાળકોને મરવું પડ્યું? દુશ્મનને ડામવાનો આખરી મોકો

## એક માતાના લાગણીસભર પત્રને કારણે કાયદો અમલમાં આવ્યો

૨૦૨૪માં જોનાથન હેઈડ નામના લેખકે એક પુસ્તક પ્રકાશિત કર્યું છે. આમ તો આ પુસ્તકનું આખું નામ જરા લાંબું છે. અહીં મુખ્ય ભાગ જ લખ્યો છે :

The Anxious Generation... આટલા નામ પરથી જ સમજાય છે કે આ પુસ્તકમાં એક આખી પેઢી વિશે ચિંતા કરવામાં આવી છે. આ પેઢી એટલે ભવિષ્યના નાગરિકો અને આજનાં બાળકો. પુસ્તકમાં લેખક જોનાથન આજનાં બાળકો અંગે બે મુખ્ય મુદા તારવે છેઃ રિયલ વર્લ્ડમાં ઓવર-પ્રોટેક્શન અને વર્ચ્યુઅલ વર્લ્ડમાં અંડર-પ્રોટેક્શન!

આજકાલ બાળકોને સલામતીના કારણોસર મુક્તપણે વિહરવા દેવાતા નથી. આઉટડોર ગેમ્સમાં કે પોતાની મેળે અલગારી રખડપટ્ટી બાબતે બાળકોને માતા-પિતા તરફથી ભાગ્યે જ પ્રોત્સાહન મળે છે. એથી વિરુદ્ધ, બાળક જ્યારે મોબાઈલ વાપરતું થઇ જાય ત્યારે માતા- પિતાની જાણબહાર એ ઘણું બધું ‘એક્સ્પ્લોર’ કરી નાખે છે! જોનાથન કહે છે કે આ બે વિરોધાભાસી વલણને કારણે ૧૯૯૫ પછી જન્મેલી પેઢી એટલે કે Gen Z ની માનસિક સમસ્યાઓમાં અચાનક વધારો થયો છે. આની ચરમસીમા જેવા બે કિસ્સા તાજેતરનાં વર્ષોમાં ઓસ્ટ્રેલિયાને હચમચાવી ગયા. અને હવે એનો પડઘો દુનિયાના અન્ય ડાહ્યા દેશો પણ ઝીલી રહ્યા છે.

ઓલિવર ‘ઓલી’ હ્યુજ માત્ર ચૌદ વર્ષનો હતો ત્યારે જ અનેક પ્રકારની માનસિક સમસ્યાઓથી ગ્રસિત થઇ ગયો. કારણ શું? સોશ્યલ મીડિયાનો વધુ પડતો વપરાશ... કોણ જાણે કેમ પણ ઓલિવરના મગજમાં એવું બેસી ગયું કે પોતે બહુ નબળું શરીર ધરાવે છે. આ લાગણી ઓલિવરના કુમળા માનસને એટલી તીવ્રપણે ઘેરી વળી કે એ ‘બોડી ડિસમોર્ફિયા’ તરીકે ઓળખાતી બીમારીનો શિકાર બની બેઠો. આ એક એવી માનસિક બીમારી છે, જેમાં વ્યક્તિ પોતાના જ શરીર વિશે અત્યંત નકારાત્મક વિચારો ધરાવતો થઇ જાય. પોતાનાં જ અંગો કુપોષિત કે બેડોળ હોવા વિશેની લાગણી એટલી હદે હાવી થઇ જાય કે વ્યક્તિ ગંભીર ડિપ્રેશનમાં સરી પડે. એમાંય જો કોઈ કુમળી વયના બાળકમાં આવી લઘુતાગ્રંથિ બંધાઈ ગઈ તો પત્યું...



ઓલિવરના કેસમાં એ જ થયું. બોડી ડિસમોર્ફિયાની સાથે સાથે ઓલિવર ‘એનોરેક્સિયા નર્વોસા’નો (ખોરાક અંગેની વિકૃતિ) પણ ભોગ બન્યો. એ પોતાના જ શરીરને ધિક્કારવા માંડ્યો. એવા સંજોગોમાં બીજા તો એને ક્યાંથી વખાણે? પરિણામે ઓલિવર સોશ્યલ મીડિયા પર વારંવાર સાયબર બુલિંગ એટલે કે ઓનલાઈન થતી વિકૃત મશ્કરીઓનો ભોગ બન્યો.

આખરે ૯ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ઓલિવરે આત્મહત્યા કરી લીધી!

ઓલી તો ગયો, પણ એની માતા મિયાને લાગ્યું કે સોશ્યલ મીડિયાને પાપે આવા અઢળક ઓલિવર વિશ્વના ખૂણે ખૂણે પીડાઈ રહ્યા છે. સોશ્યલ મીડિયાનું વળગણ અનેક કિશોરો-તરુણોના જીવનને અભડાવી રહ્યું છે. આવું બધું વિચારીને બેસી રહેવાને બદલે મિયાએ Ollie's Echo નામે ચેરિટી શરૂ કરી, જે ખોરાકની વિકૃતિ અને સોશ્યલ મીડિયાના નુકસાન વિશે જાગૃતિ ફેલાવે છે. સાથે જ એણે ઓસ્ટ્રેલિયન સરકાર ઉપર દબાણ લાવવાનું શરૂ કર્યું આ વકરી બેઠેલા સોશ્યલ મીડિયાનું કંઈક કરો!

બીજો કિસ્સો શાર્લોટ ઓ’બ્રાયન નામની માત્ર બાર વર્ષની કિશોરીનો છે. શાર્લોટ પણ સાઈબર બુલિંગનો શિકાર બની. બીજાં બાળકો એને ‘ફેટ એન્ડ અગ્લી ગર્લ’ કહીને ચીડવતા. હકીકતે શાર્લોટ શારીરિક દૃષ્ટિએ સાવ એવી નહોતી. અને હોય તો ય શું? પણ બીજાં બાળકોને આ બધું કોણ સમજાવે? એમને તો બસ, શાર્લોટને ચીડવવામાં જ મોજ પડતી.

સોશ્યલ મીડિયા પરથી એ બધા આવું જ બધું શીખેલા. પરિણામ એ આવ્યું કે બુલિંગથી કંટાળેલી શાર્લોટે માત્ર બાર વર્ષની ઉંમરે ૨૦૨૪ના સપ્ટેમ્બર મહિનામાં આત્મહત્યા કરી લીધી!

સદનસીબે આ બંને કિસ્સાઓ વાતનો કરુણ અંત બનવાને બદલે એક નવી શરૂઆત તરફ લઇ ગયા. શાર્લોટની માતા કેલી ઓ’બ્રાયને ઓસ્ટ્રેલિયન પ્રધાનમંત્રી એન્થની અલ્બાનીઝને એક લાગણીસભર પત્ર લખ્યો. ખુદ પ્રધાનમંત્રીને આ પત્રની હકીકત વાંચીને આઘાત લાગ્યો. એમણે કેલી સાથે લંબાણપૂર્વક ટેલીફોનીક ચર્ચા કરી. ઓલિવરની આત્મહત્યા પછી આખા ઓસ્ટ્રેલિયામાં લોકો સોશ્યલ મીડિયાનાં બાળકો ઉપર પડતા દુષ્પ્રભાવ વિષે ચર્ચા કરી રહ્યા હતા. એમાં કેલી સાથે વાત કર્યા બાદ ઓસ્ટ્રેલિયન પ્રધાનમંત્રીને પણ પરિસ્થિતિની ગંભીરતા સમજાઈ.

એ પછી ઓસ્ટ્રેલિયન સરકારે શું કર્યું એ જાણતા પહેલા અહીં થોડા આંકડાઓ વિષે પણ વાત થવી જોઈએ,જેમકે...

૨૦૨૫માં થયેલા એક અભ્યાસ મુજબ ૧૦ થી ૧૫ વર્ષની આયુના ૯૬ ટકા બાળકો સોશ્યલ મીડિયાનો ભરપેટ ઉપયોગ કરે છે. એમાં દર ૧૦ પૈકીનાં ૭ બાળકો સોશ્યલ મીડિયા પર એવું કન્ટેન્ટ જોઈ રહ્યા છે, જે એમની ઉંમરને અનુકૂળ નથી!


આવા કન્ટેન્ટમાં સ્ત્રીઓનું અવમૂલ્યન કરતા (misogynistic) કન્ટેન્ટથી માંડીને હિંસક કન્ટેન્ટ સુધીનાનો સમાવેશ થાય છે. વળી આ પૈકીની ઘણી સામગ્રી તો એવી છે જે જીવન અંગે સાવ ખોટી માન્યતાઓ સ્થાપિત કરે છે. સોશ્યલ મીડિયાનું વળગણ અને એના પર દેખાતી જાહેરાતો સહિતનું ઘણું કન્ટેન્ટ બાળકોને ઈટિંગ ડીસઓર્ડર તરફ ધકેલીને સ્થૂળ બનાવી રહ્યું છે. તો કેટલીક સામગ્રી વળી બાળકોમાં આત્મઘાતી વલણ પેદા કરી નાખે એવી ખતરનાક હોય છે.

આમ તો વિશ્વ આખાની સરકારોને આ બધી ખબર છે, પણ એની સામે પગલા લેવાની પહેલ ઓસ્ટ્રેલિયન સરકારે કરી.

૧૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ઓસ્ટ્રેલિયન સરકારે એક અભૂતપૂર્વ કાયદો પસાર કરીને દેશમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને સોશ્યલ મીડિયા વાપરવા પર પ્રતિબંધ લાદી દીધો. છેલ્લા ચારેક મહિનાથી ઓસ્ટ્રેલિયન બાળકો કાયદેસર રીતે ફેસબુક, સ્નેપ ચેટ, ટિક ટોક અને ઇન્સ્ટાગ્રામ જેવા પ્લેટફોર્મ્સ નથી વાપરી શકતા. ઓસ્ટ્રેલિયાના આ પગલાને અનુસરીને ઇન્ડોનેશિયા અને મલેશિયા જેવા દેશોએ પણ આવા કાયદા અમલમાં મૂક્યા. યુરોપના પંદર જેટલા દેશ પણ આવો કાયદો લાવવાની તૈયારી કરી રહ્યા છે.

હજીય કેટલાક હશે, જેમને બાળકો માટે સોશ્યલ મીડિયાનો વપરાશ નિયંત્રિત કરવાની વાત અશક્યવત લાગતી હશે. બની શકે કે એ સાચા હોય. આમ છતાં અંતિમ સત્ય એ જ છે કે દુશ્મનને ઊગતા ડામવા માટેનો આ અંતિમ મોકો છે. ■

# ચક્રવ્યૂહ



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

પહેલી નજરે જોઈને તો કોઈ પણ આત્મહત્યામાં જ ખપાવી દે, પણ ઈન્સ્પેક્ટર કરણ બક્ષીનું મન કેદારના મૃત્યુને આપઘાત માનવા તૈયાર નહોતું. કરણથી વિપરીત એના જુનિયરો જયરાજ જાડેજા અને દેવકી દીક્ષિત સુધ્ધાં કેદારના અવસાનને આત્મહત્યા જ માની બેઠેલાં. વિન્ટેજ વિલાની પહેલી મંજિલ પર ઈન્સ્પેક્ટર કરણ બક્ષી, જયરાજ જાડેજા અને દેવકી દીક્ષિત પ્રસિદ્ધ નાટ્યકલાકાર કેદારના મોતની તપાસ કરી રહેલાં ત્યારે ત્રણેય વચ્ચે મૃત્યુના પ્રકાર અંગે જ વાદવિવાદ થઈ ગયો. કરણ બક્ષી કેદારના મોતને આત્મહત્યા માનવા તૈયાર નહોતો, પણ જયરાજ અને દેવકી એક જ વાતને વળગી રહેલાં કે કેદારનું મૃત્યુ આપઘાત જ છે !

એનું કારણ હતું કેદારના મૃત્યુનું દશ્ય. કેદારનું મૃત્યુ જે કમરામાં થયેલું એનો દરવાજો ભીતરથી બંધ હતો. વિલાના માલિક કેદારસાહેબ કમરાનું બારણું ખોલી નથી રહ્યા એવો ઘરનોકર કેશવનો રડમસ અવાજે ફોન આવ્યેથી ઈન્સ્પેક્ટર કરણ બક્ષી અને જુનિયરો તાબડતોબ વિન્ટેજ વિલા પહોંચી ગયેલાં. વિલાને દરવાજે જ એકવડિયો કહી શકાય તેવો સામાન્ય કદકાઠીનો છતાં કસાયેલા બાંધાનો કેશવ ઊભેલો. એ આગળ થયો ને પાછળ પોલીસ ત્રિપુટી.

વિલાની ઓસરી વટાવીને, દીવાનખંડમાં થઈને ત્રણેય ઝડપથી સીડીનાં પંદર પગથિયાં ચડીને પહેલી મંજિલે પરસાળમાં પહોંચી ગયાં. મંજિલના ઉપલા પગથિયાની બરાબર સામે કેદારનો કમરો હતો. કમરાની બારીઓ અને કમરાનો દરવાજો પરસાળમાં પડતાં. પણ દરવાજો ભીતરથી બંધ હતો. પહેલાં તો પોલીસ ત્રિપુટીએ દરવાજો ખખડાવ્યો. પણ ભીતરથી કોઈ જવાબ ન મળતાં ત્રણેયે કમરાનાં દ્વાર ધણધણાવી નાખ્યાં. છતાં અંદરથી કોઈ સળવળાટ સંભળાયો નહીં. આખરે કરણ અને જયરાજે મળીને કમરાનો દરવાજો તોડી નાખ્યો. અંદરનું દશ્ય જોઈને પોલીસ ત્રિપુટીની આંખો પહોળી થઈ ગઈ. કમરામાં કેદાર...ના, કેદારનો મૃતદેહ પડ્યો હતો ! રંગમંચની દુનિયાનો મશહૂર સિતારો ધૂમકેતુના તારાની માફક ખરી પડેલો !

કેશવ તો પહેરણ પરના ખેસનો છેડો મોંએ દાબીને રડી પડ્યો. કરણ બક્ષીએ એને ખભે હાથ મૂકીને સાંત્વન આપ્યું ને કમરાનું નિરીક્ષણ કરવા લાગ્યો. કમરાની એક દીવાલે અડીને ઢાળેલા ઢોલિયા પર કેદારનો મૃતદેહ પડેલો. કેદારના લંબાયેલા જમણા હાથની નજીક એક કાગળ પડેલો. કરણના સંકેતથી દેવકીએ કાગળ ઉપાડ્યો. કોઈ નોટબુકમાંથી ફડાયેલા હોય એવા એ સફેદ કાગળમાં પેન્સિલથી લખાણ લખાયેલું. દેવકીએ લખાણ વાંચવાનું શરૂ કર્યું : હું નાટકોમાં કામ કરવા ગામડેથી શહેરમાં આવેલો. ઘણો સંઘર્ષ કર્યા પછી વ્યવસાયિક જીવનમાં તો સફળતા મળી, પણ અંગત જીવનમાં હું નિષ્ફળ સાબિત થયો. પ્રેમના નામે મને દગો જ મળ્યો. દોસ્ત દોસ્ત ના રહા, પ્યાર પ્યાર ના રહા...બસ. આટલું જ. અલવિદા જિંદગી !

'હં, આપઘાતની ચિઠ્ઠી...' દેવકીની સાથે જયરાજ પણ બબડ્યો : 'પ્રેમમાં નિષ્ફળ જવાથી કેદારે આત્મહત્યા કરી છે.' જુનિયરોએ ઈન્સ્પેક્ટર બક્ષી ભણી જોયું, પણ કરણ મૌન રહ્યો. એનું ધ્યાન કેદારના મૃતદેહ પર હતું. સોહામણા દેખાતા દેખાવડા કેદારના ઢોલિયાની બાજુમાં પડેલા મેજ પર બે ફોન પડેલા. એક સેલફોન ને બીજો લેન્ડલાઇન ફોન. લેન્ડલાઇનનો કાળો વાયર ભૂંગળા સહિત કેદારના ગળા ફરતે ગાળિયો બનીને મજબૂતીથી વીંટળાયેલો. કોઈ મહાકાય અજગરના ભરડામાં ભીંસાવાથી માણસ તરફડીને મૃત્યુ પામે એ રીતે વાયરના ગાળિયાની ભીંસથી કેદારનું મૃત્યુ થયેલું. કેશવે ઠૂઠવો મૂક્યો : 'અરેરે, ઓ મારા સાહેબ...'

'સર, આ તો ચોખ્ખો આપઘાતનો કેસ છે...' જયરાજ બોલ્યો : 'મેં કેદારનું ઝંઝાવાત નાટક જોયેલું. શું ગજબનો અભિનય કરેલો એણે. મેં વિચારેલું કે એક વાર એને રૂબરૂ મળીને અભિનંદન આપીશ. પણ દુર્ભાગ્ય તો જુઓ. મળવાનું થયું ત્યારે એ દુનિયા છોડીને જ જતો રહ્યો. કેવી કરુણતા કહેવાય!'

જયરાજે બોલવાનું પૂરું કર્યું એટલે કરણ બક્ષીએ હોંકારો ભણ્યા વિના એટલું જ કહ્યું : 'પહેલાં તપાસ પૂરી કરીએ. પછી બીજી વાત.'

પોલીસત્રિપુટીએ તપાસ આરંભી. કમરાનાં બંધ દ્વારની જેમ કમરાની ગુલાબી રંગના પરદા લાગેલી લાંબીપહોળી બારીઓ પણ ભીતરથી બંધ હતી. જયરાજ અને દેવકીએ એક એક બારી ચકાસી જોઈ. દેવકીએ એક બારી ખોલી. બારીમાં સળિયા જડેલા નહોતા. વળી બારી એટલી પહોળી હતી કે એક સાધારણ કાઠીનો માણસ આસાનીથી એમાંથી પસાર થઈને પરસાળમાં ઊતરી શકે. પરસાળમાંથી સીડી ઊતરીને સીધા ઘરની બહાર જઈ શકાય. દેવકીએ પરસાળમાં નજર ઘુમાવીને બારી બંધ કરી. જયરાજ અને કરણ બક્ષીએ પણ બારીની તપાસ કરી. બધી બારીઓ અંદરથી બંધ હતી, પણ કરણ બક્ષીએ નોંધ કરી કે એક બારીની કડી થોડી ઢીલી થઈ ગયેલી. આ બારીમાંથી પણ પરસાળમાં જ ઊતરી શકાતું. કરણે ઢીલી કડી પર આંગળી મૂકીને ઊંચીનીચી કરી જોઈ. એ જોઈને ખેસના છેડાથી આંસુ લૂછતો કેશવ કહી રહ્યો : 'ઈન્સ્પેક્ટર સાહેબ, છેલ્લા અઠવાડિયાથી આ કડી ઢીલી થઈ ગયેલી. મેં મિસ્ત્રીને બોલાવેલો. પણ તમે તો જાણો છો ને કે આવા નાના કામ માટે કોઈ મિસ્ત્રી જલ્દી આવે જ નહીં..' કરણે કેશવની વાત સાંભળતાં જોયું કે એ બારી પણ બંધ જ હતી. કરણે આ મુદ્દો મનોમન નોંધ્યો. એને કંઈક ખટકતું હતું. કશુંક તો અજુગતું હતું. પણ શું એ કળાતું નહોતું. ખેર, એ પણ ખબર પડી જશે !

દરમિયાન જયરાજ અને દેવકીએ જોયું કે કમરાની સામેની દીવાલે બે જણા બેસી શકે એવડો મલમલી સોફો હતો. એક દીવાલે નકશી કરેલું આયનો જડેલું કબાટ. જુનિયરોએ કબાટ ખોલ્યું. એમાં માત્ર કીમતી બ્રાન્ડેડ વસ્ત્રો હતાં. કબાટના ડ્રોઅર્સમાં પણ ખાસ નોંધપાત્ર કહી શકાય એવું કશું જડ્યું નહીં. કબાટની બાજુમાં રાઈટિંગ ટેબલ. ટેબલ પર શોભામાં અભિવૃદ્ધિ કરતી આછા સોનેરી રંગની ડાયરી. એવા જ સોનેરી રંગની પેન. સામે કાષ્ઠકલાના નમૂના સમી કાળા સીસમની ખુરસી.

જયરાજ અને દેવકી કમરાનો ખૂણે ખૂણો તપાસી રહેલાં, ત્યારે કરણે જોયું કે કેદારના મૃતદેહથી થોડેક દૂર ઢોલિયા પર જ ડાયરી મૂકી શકાય એવડી સાઈઝનું વોલેટ પડેલું. એણે વોલેટ ખોલ્યું. એમાંથી થોડીક રૂપિયાની નોટો નીકળી. પાંચેક હજારની હશે. થોડું પરચૂરણ નીકળ્યું. વિઝિટિંગ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, કાળી ને બ્લુ પેન, નાનકડી લાલ રંગની પોકેટ ડાયરી. પ્રત્યેક પાને કાળી કે બ્લુ પેનથી લખાણ લખાયેલું. એપોઇન્ટમેન્ટ્સ નોંધવા માટે અને નાટકના કાર્યક્રમો ક્યારે, કયા શહેરમાં યોજાવાના છે એની નોંધ કરવા માટે એનો ઉપયોગ થતો હોય એવું લાગ્યું. એપોઇન્ટમેન્ટ્સ બ્લુ પેનથી લખાયેલી. બાકીનું લખાણ કાળી પેનથી. કરણે ડાયરી હાથમાં લીધી. ડાયરીમાં નોંધાયેલા છેલ્લા દિવસની એપોઇન્ટમેન્ટ્સ જોઈ. નાટકના રિહર્સલ્સના સમય નોંધવા ઉપરાંત માત્ર ત્રણ એન્ટ્રી હતી. બ્લુ રંગે રંગાયેલાં ત્રણ નામ. અંજલિ, શશાંક અને ભરત. ત્રણેય નામ સામે સમય નોંધાયેલો. અંજલિ સામે સવારના દસ. શશાંક સામે બપોરના બે અને ભરત સામે સાંજના ચાર.

'સર, તપાસ તો પૂરી થઈ...' જયરાજ અને દેવકી એકસાથે બોલી ઊઠ્યાં : 'આ તો ચોખ્ખો આપઘાતનો જ કેસ છે..' પરંતુ કરણ બક્ષીને કરણ દાઢીએ હાથ પસવારતા ગણગણી રહ્યો. કહેવું પડશે, ખૂની અત્યંત ચતુર છે. અતિશય ચાલાકીથી ખૂન કર્યું છે એણે...

'સર, કેવું ખૂન ને કેવો ખૂની...' જયરાજ બોલી ઊઠ્યો. ઈન્સ્પેક્ટર કરણ બક્ષી પોતાના સાથીઓ પર ધોંસ જમાવવામાં ન માનતો. જુનિયરોને વિચારો વ્યક્ત કરવાની મોકળાશ આપેલી, એટલે જયરાજ કહી રહ્યો : 'સર, કેદારનું મૃત્યુ ખૂન કેવી રીતે હોઈ શકે...' જયરાજ બોલી રહે ત્યાં જ દેવકીએ ટાપસી પૂરી : 'હા સર, કમરાના કમાડ તો ભીતરથી બંધ હતાં. આપણે જ તો દરવાજો તોડેલો. વળી કેદારના આપઘાતની ચિઠ્ઠી પણ પડેલી છે. હવે તમે જ કહો કે આ બંધ બારીબારણાના કમરામાં ખૂની આવે ક્યાંથી ને જાય ક્યાંથી?'

'એ જ તો શોધવાનું છે...' કરણ બક્ષી કહી રહ્યો : 'અત્યંત ચાલાક ખૂની સાથે આપણો પનારો પડ્યો છે. પણ ખૂની એ નથી જાણતો કે એ ચાલાક છે તો આપણે મહાચાલાક છીએ.'

ઈન્સ્પેક્ટર કરણ બક્ષીનું નિવેદન સાંભળીને જયરાજ અને દેવકી વિચારમાં પડ્યાં. ધીમે ધીમે બેયના મનમાં પ્રકાશનો ઝબકારો થયો. બંનેને કરણના નિવેદનનો અર્થ સમજાવા લાગ્યો. કોઈ વ્યક્તિ ટેલિફોનના વાયરનો ફંદો કચકચાવીને મૃત્યુ થાય ત્યાં સુધી પોતાના ગળા ફરતે ભીંસી શકે કે કેમ એ તપાસનો વિષય હતો. વળી કેદારની આપઘાતની ચિઠ્ઠી પેન્સિલથી લખાયેલી, પણ કમરાની તપાસમાં પેન્સિલ મળી નહોતી. એટલે જરૂર કોઈએ કેદારનું ખૂન કર્યું હતું !

દેવકી અને જયરાજ કંઈ બોલે ત્યાં તો કરણે કેદારના મોબાઈલમાંથી અંજલિ, શશાંક અને ભરતનો નંબર શોધીને ત્રણેયને કેદારને ઘેર બોલાવી લીધાં. થોડી જ વારમાં ત્રણેય આવી પહોંચ્યાં. કરણ બક્ષીએ ત્રણેયને ઝીણી નજરે જોઈ લીધાં. સપ્રમાણ દેહ ધરાવતી અંજલિ ખૂબસૂરત હતી. કચકડામાંથી કંડારી કાઢી હોય એવી. રંગમંચની દુનિયામાં નવી નવી પ્રવેશેલી. ચહેરા પર માસૂમિયત. ભોળી આંખો ચકળવકળ ઘુમાવી રહેલી. કેદારના નવા નાટક ધુમ્મસનો દિગ્દર્શક શશાંક ગોળમટોળ ને ભરાવદાર બાંધાનો હતો. એના હોઠ પર સ્મિત રમી રહેલું. નાટકોમાં ખલનાયકની ભૂમિકા ભજવતા કદાવર, ઊંચાપહોળા ને પડછંદ ભરતનો ચહેરો લાકડામાંથી કોતરી કાઢ્યો હોય એવો જણાયો. એ શારીરિક રીતે ઉપસ્થિત હતો, પણ માનસિક રીતે ગેરહાજર હોય એવું પોલીસ ત્રિપુટીને અનુભવાયું.

'તમે ત્રણેય આજે કેદારને મળેલાં ?' ઈન્સ્પેક્ટર કરણ બક્ષીએ ત્રણેય સામે જોઈને ધારદાર અવાજે પૂછી લીધું : 'સાચેસાચું બોલજો. મળેલાં કે નહીં ?'

'હા સાહેબ...' અંજલિ બોલી : 'હું સવારે દસ વાગ્યે કેદારને મળવા આવેલી. પહેલી જ વાર કેદારને ઘેર આવેલી. અમે 'ચક્રવ્યૂહ' નાટકમાં સાથે કામ કરી રહેલાં. એના રિહર્સલ માટે કેદારે મને બોલાવેલી... રિહર્સલ કરતાં કરતાં ત્રણચાર કલાક થઈ ગયા. એટલી વારમાં શશાંકજી આવી ગયા. એમને જોઈને હું નીકળી ગઈ...પણ તમે આ બધું અમને શેના માટે પૂછી રહ્યા છો ? કેદાર ક્યાં છે ?'

અંજલિનો સવાલ સાંભળ્યો, ન સાંભળ્યો કરીને કરણ બક્ષીએ શશાંક સામે જોયું. એ નજરનો અર્થ પારખીને શશાંકે જવાબ આપ્યો : 'હા, ઈન્સ્પેક્ટર... હું બપોરના બે વાગ્યે આવેલો કેદારને મળવા. કેદાર સાથે હું ધુમ્મસ નામનું નાટક શરૂ કરી રહેલો. નાટક અંગે ચર્ચા કરવા માટે હું કેદારને મળવા આવેલો. લાંબી ચર્ચા કર્યા બાદ પછી ચારેક વાગ્યે ભરત આવી પહોંચ્યો ને હું વિન્ટેજ વિલામાંથી નીકળી ગયેલો.'

'તમારે શું કહેવું છે, ભરત?' ઈન્સ્પેક્ટર બક્ષીનો તલવારની ધાર જેવો સવાલ સાંભળીને ભરત સમસમી ઊઠ્યો. કડકાઈથી કહેવા લાગ્યો : 'બસ, આટલું પૂછવા તમે અમને અહીં બોલાવ્યાં છે ? અમને પૂછવાને બદલે કેદારને જ પૂછી લ્યો ને. કેદાર, ઓ કેદાર... આ ઈન્સ્પેક્ટરને જણાવ ને કે તેં મને કેમ બોલાવેલો.'

'કેદાર મૃત્યુ પામ્યો છે !' કરણ બક્ષી બોલ્યો. જાણે કાન પાસે ધડાકો થયો હોય એમ અંજલિ, શશાંક અને ભરત હચમચી ઊઠ્યાં. શું ? કેદારનું મૃત્યુ થયું? ક્યાં, ક્યારે, કેવી રીતે ? કેટલાયે સવાલો ત્રણેયના મનને ઘેરી વળ્યાં. પણ કરણ બક્ષીના આંખના સંકેતને સમજીને ભરત પટપટ બોલવા માંડ્યો : 'હું અને કેદાર 'ભેદના ભરમ' નામનું નાટક કરી રહેલા. હું નાટકની પટકથા લઈને આવેલો. પટકથામાં ફેરફાર કરવો હોય તો હું સાથે પેન્સિલ રાખતો. અમે ચર્ચા કરી રહેલાં ત્યારે મારી નોટબુકમાંથી પાનું ફાડીને મારી જ પેન્સિલથી કેદારે થોડાંક વાક્યો ઉતારી લીધેલાં. એ તો હજુ થોડું લખવા માગતો હતો, પણ એટલામાં કેશવ આવ્યો અને કેદાર પાસે રૂપિયાની ઉઘરાણી કરવા લાગ્યો. કેદારે એને ટાળવાની કોશિશ કરી, પણ એ હટ્યો નહીં. એથી હું જ નીકળી ગયો.'

'પત્યું. પેન્સિલવાળું રહસ્ય તો ખૂલી ગયું. આપઘાતની ચિઠ્ઠીના પેન્સિલવાળા લખાણ અંગે હવે કાંઈ કહેવાપણું રહેતું નથી...' દેવકી જયરાજને કહી રહી.

'હા, અને એ ચિઠ્ઠી પણ આપઘાતની નહોતી...' જયરાજે સૂર પુરાવ્યો : 'એ તો નાટકનો સંવાદ હતો. એટલે કેદારનું ખૂન થયું છે એ નક્કી.'

દેવકી અને જયરાજની ગપસપ ચાલી રહેલી ત્યારે કરણ બક્ષીએ કેશવની આંખમાં આંખ પરોવીને પૂછ્યું : 'તું કહે...આ ત્રણેય સાચું બોલે છે?'

'સાહેબ, આ ત્રણેય આજે આવેલાં એ વાત સાચી છે...' કેશવ જોખી જોખીને કહી રહ્યો : 'શશાંકજી આવ્યા ત્યારે અંજલિને જતાં મેં જોયેલી, પણ શશાંક અને ભરત ક્યારે અહીંથી નીકળ્યા એ મને ખબર નથી. હું તો ચાનાસ્તા તૈયાર કરવા મોટા ભાગનો સમય રસોડામાં હતો.'

'અને કેશવ, કેદાર પાસે રૂપિયાની માગણી કરવા બાબત તારે શું કહેવું છે ?' જયરાજે પૂછ્યું.

'સાહેબ, હું ગામડેથી કેદારની સાથે જ આવેલો...' કરણે નોંધ્યું કે થોડી વાર પહેલાં કેદાર માટે સાહેબનું સંબોધન કરનાર કેશવ એના માટે તુંકારો કરી રહેલો. કેશવ કહી રહેલો : 'એ નાટકમાં સફળ થઈ ગયો ને મને મિત્રમાંથી નોકર બનાવી દીધો. એના ઘરની દેખરેખ માટે રાખી લીધો.મજબૂરીનો માર્યો હું પણ અહીં જ રહી પડ્યો. સંપૂર્ણ વફાદારીથી હું મારું કામ કરતો. પણ હમણાં મારી માના ઈલાજ માટે મારે દસ હજાર રૂપિયાની જરૂર હતી. બેત્રણ દિવસથી હું કેદાર પાસે રૂપિયાની માંગણી કરી રહેલો. પણ એણે મને ધરાર ના પાડી દીધી. પણ હું ગરજવાન હતો. ગરજવાનને અક્કલ ના હોય. ગામડેથી વારંવાર ફોન આવી રહેલા, એથી હું ફરી કેદાર પાસે રૂપિયા માગવા ગયો. પણ એ ટસથી મસ ના થયો.'

'એટલે તેં એનું ખૂન કરી નાખ્યું ?' કરણ બક્ષીએ અંધારામાં જ તીર તાક્યું. લાગ્યું તો તીર નહીં તો તુક્કો! અંજલિ, શશાંક અને ભરત પર શંકા કરી શકાય એવું કોઈ કારણ દેખાતું નહોતું. વળી ત્રણેયને ખબર પણ નહોતી કે કેદારનું ખૂન થયું છે !

'સાહેબ, રૂપિયા માંગવાનો અર્થ એ નથી કે મેં એનું ખૂન કર્યું છે !' કેશવની આંખમાં રતાશ ફૂટીઃ 'વળી કેદાર તો આપઘાત કર્યાની ચિઠ્ઠી પણ મૂકતો ગયો છે. તો તમે મારા પર ખૂનનું આળ કેવી રીતે મૂકી શકો?'

'કેદારે આપઘાત કર્યો નથી.' કરણ બક્ષીએ તીક્ષ્ણ સ્વરે કહ્યું : 'એ ચિઠ્ઠી નાટકના સંવાદનો ભાગ હતી એ પુરવાર થઈ ગયું છે. એનો અર્થ એ થયો કે કેદારનું ખૂન થયું છે. અંજલિ, શશાંક અને ભરત પાસે ખૂન કરવાનું કોઈ કારણ નથી. એટલે એ ખૂન તેં જ કર્યું હોઈ શકે, કેશવ.'

'તો તમે સાબિત કરો કે ખૂન મેં જ કર્યું છે !' કેશવના ચહેરા પર હિંસક પ્રાણી જેવા ભાવ ઊપસી આવ્યા. ઘુરકાટ કરતો હોય એમ એ બોલ્યો : 'ઈન્સ્પેક્ટર સાહેબ, તમે જોયું છે કે કેદારના કમરાના બારીબારણાં ભીતરથી બંધ હતાં. તમે કહ્યું એમ જો હું ખૂની હોઉં તો ખૂન કરીને બંધ કમરાની ભીતરથી બહાર કેવી રીતે ગયો એ તમારે અદાલતમાં જણાવવું પડશે. એવામાં તમે સાબિત કેવી રીતે કરશો કે મેં એનું ખૂન કર્યું છે ?'

કરણ બક્ષી, જયરાજ અને દેવકીને કપાળે કરચલી ઊપસી આવી. કેશવનો મુદ્દો સાચો હતો. ખૂની નજર સામે હતો પણ પુરાવો નહોતો. પુરાવો મેળવવો જરૂરી હતું. માનસિક દબાણ હેઠળ માણસનું મગજ અત્યંત સક્રિય થઇ જાય છે. પોલીસ ત્રિપુટી સાથે પણ એવું જ થયું. ત્રિપુટીને થોડા સમય અગાઉ જોયેલી એક ફિલ્મનું દશ્ય યાદ આવ્યું. એ દશ્યનું સ્મરણ થતાં ધુમ્મસનું આવરણ ખસી ગયું. કરણ બક્ષી સપાટ અવાજે કહી રહ્યો : 'કેશવ, તારો ખેલ પૂરો થયો. તેં રચેલું ચક્રવ્યૂહ અમે ભેદી લીધું છે. હવે સાંભળ. કેદારના કમરાની એક બારીની કડી ઢીલી છે. જોરથી બંધ કરતાં એની કડી આપોઆપ જ બંધ થઈ જાય. એ બાબતને ધ્યાનમાં રાખીને તેં યોજના ઘડી. કેદારે રૂપિયા આપવાની ના પાડી. એટલે ભરતના ગયા પછી તેં કમરાનાં કમાડ ભીતરથી વાસી દીધાં. ટેલિફોનના વાયરનો ગાળિયો બનાવીને એનું ખૂન કરી નાખ્યું. પેલા નાટકના સંવાદના લખાણને આપઘાતની ચિઠ્ઠી બનાવીને મૂકી દીધી. પછી પેલી બારીમાંથી બહાર નીકળ્યો ને ધડામ દઈને બારી વાસી સીધી. એ સાથે પેલી ઢીલી કડી નીચે પડી ને બારી ભીતરથી બંધ થઈ ગઈ...કહે, એમ જ કર્યું છે ને ?'

'સાહેબ, એ રીતે તો અંજલિ, શશાંક અને ભરત પણ ખૂન કરી શકે ?' કેશવ નમતું જોખવા તૈયાર નહોતો.

'જરૂર કરી શકે...' કરણ બક્ષી ઠંડકથી કહી રહ્યો : 'પણ એ ત્રણેયે એવું કર્યું નથી. કારણ કે અંજલિ પહેલી જ વાર અહીં આવેલી. એટલે સ્વાભાવિક જ એને બારીની ઢીલી કડી વિશે ખબર નહોતી. શશાંક અને ભરત પણ આવી બાબત અંગે જાણતા હોય એ સંભવ નથી. છતાં માની લઈએ કે એ લોકો જાણતા હશે. પણ એ બેય પેલી બારીમાંથી પસાર થઈ શકે એમ નથી. કારણ એ બેય પડછંદ, કદાવર અને ભરાવદાર બાંધાના છે. એ લોકો બારીમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરે તો એમાં ફસાઈ જાય. એટલે એમણે ખૂન કર્યું હોવાની શક્યતાનો છેદ ઊડી જાય છે. પણ તારો બાંધો એકવડો છે. તું બારીની ઢીલી કડી અંગે જાણતો હતો. ખૂન કરીને બારીમાંથી સહેલાઈથી બહાર નીકળી શકે એમ હતો. તેં એમ જ કર્યું. ખૂન કરીને એને આપઘાતનું રૂપ આપી દીધું. બોલ, ખરું કે ખોટું?'

કેશવ નીચું જોઈ ગયો. ભેંસનાં શિંગડાં ભેંસને ભારે પડે એમ એની ચાલાકી એને જ ભારે પડી ગયેલી. ને કરણ બક્ષીનો તુક્કો તીર બનીને ધાર્યું નિશાન વીંધી શકેલું! ■

**આવતા અઠવાડિયે નવી કથા**

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

## જાપાનનું સીએસ સોમે કાફેઃ
# એક જાળીદાર આવરણ





વર્ષ ૨૦૨૫માં જાપાનના ફુકુઓકા શહેરમાં સ્થપતિ કેન્ગો કુમા અને એસોસિયેટ્સ ૨૭૦ ચો.મી. વિસ્તારનું આ સીએસ સોમે કાફે અલૌકિક રીતે વિચિત્ર છે. અહીં લોખંડના થાંભલા અને કેબલ વડે તંબુ આકારમાં ટેકવાયેલ ધાતુની નાજુક લાગી શકે તેવી જાળીની રમત વિચિત્ર પણ છે અને બિનજરૂરી પણ. કાફે તો પરંપરાગત લંબચોરસ આકારનું, કોઈ પણ પ્રકારની વિશેષતા વિનાનું, સામાન્ય રચના કહી શકાય તે પ્રકારનું છે, પછી તેને અદ્ભુત બનાવવા માટે તેના પર જે આવરણ ઠોકી બેસાડવામાં આવ્યું છે એ માત્ર અસંદર્ભિક નથી લાગતું પણ સાથે સાથે વિચિત્ર પણ લાગે છે. સાંપ્રત સમયમાં સ્થાપત્ય કઈ દિશામાં જઈ રહ્યું છે તે સમજવા માટે આ મકાનનો ઉલ્લેખ થઈ શકે તેમ છે.

કોઈપણ પ્રકારની ઉપયોગીતા ન હોય, ઉપયોગમાં લેવાતી મૂળ રચના સાથે રચનાત્મક સમન્વય ન હોય, બે સાવ જ ભિન્ન કહી શકાય તેવી શૈલીને, માત્ર વ્યક્તિગત કારણોસર, વ્યક્તિગત પસંદગીને આધારે જોડે ગોઠવી દેવાઇ હોય, તંબુ જેવી રચનામાં સંભવિત આકારની વિવિધતાનો સદંતર છેદ ઉડાડી દેવાયો હોય અને તે બધાં સાથે દશ્ય અનુભૂતિમાં પણ એવી સૌમ્ય સુસંગતતા સ્થાપિત થતી ન હોય અને છતાં પણ સ્વીકૃત નાટકીયતાના દાવા થતાં હોય તો પ્રશ્ન તો રહેવાના જ. અહીં તંબુ અને ઘનાકાર ચોસલાને પરસ્પર સર્જનાત્મકતાથી સાંકળવાની અને બે વચ્ચે તંદુરસ્ત સંવાદ સ્થાપવાની આવશ્યકતા હતી.

એક માન્યતા પ્રમાણે આ પ્રકારનાં આવરણને લીધે સીએસ સોમે કાફે અમુક લોકોને તરતું દેખાય છે. દરિયાકાંઠે આવેલા આ શહેર પર ગોઠવાયેલ આ તંબુ જેવી રચના ઘણાને વહાણ જેવી લાગે છે. આ પ્રકારની જાળીની ગોઠવણથી કાફેની મુલાકાતે આવનાર વ્યક્તિને વધુ ગોપનીયતાની અનુભૂતિ થાય તેમ પણ કેટલાક લોકો માને છે. આ આવરણને કારણે સમગ્ર મકાન શિલ્પ સમાન પ્રતીત થાય છે તેમ પણ કેટલાક લોકો સાબિત કરવા પ્રયત્ન કરે છે. અમુક લોકોની માન્યતા પ્રમાણે આ આવરણથી સમગ્ર મકાન નમ્ર, સૌમ્ય તેમજ નાજુક દેખાય છે. આ બધી માન્યતા છે, જે ક્યાંક વાસ્તવિકતાથી ઘણી ભિન્ન હોય તેમ જણાય છે.

વાસ્તવિકતા તો એ છે કે અહીં બે આકાર વચ્ચે બિનજરૂરી ટકરાવ છે, બે ભિન્ન સામગ્રી વચ્ચે કોઈપણ પ્રકારનો સકારાત્મક સંવાદ સ્થાપિત થતો નથી, બંને ઘટના પોતપોતાનું સાવ જ ભિન્ન જણાતું કાર્ય અલગતાવાદી અભિગમથી કરતી હોય તેમ લાગે છે અને આ પ્રકારની બાંધકામની ટેકનોલોજીથી જે સ્થાપત્યકીય આશ્ચર્ય કે અજાયબી સ્થાપિત થવાની શક્યતા હતી તેને સાવ જ જાણે નજરઅંદાજ કરવામાં આવી છે. આ કાફે હવામાં કે પાણીમાં તરતું હોય તેમ હલકું ફૂલકું લાગે તેવો, લગભગ નિષ્ફળ ગયેલો, પ્રયત્ન જણાય છે. આ પ્રકારના આવરણથી સૂરજના કિરણોની ગરમીનો માર ઓછો થઈ શકે તેની સંભાવના હતી, પરંતુ ધાતુની જાળીની રચના જે પ્રકારે છે તેનાથી આ સંભાવના સિદ્ધ થઈ હોય તેમ પ્રાથમિક નજરે તો જણાતું નથી.

એક માળનું, ચોક્સાઈપૂર્વક બનાવાયેલું, ધાતુની જાળીમાં લપેટાયેલું, ધરતીકંપના આંચકા સામે ટકી રહે તેવું, મજબૂત સ્ટીલના માળખા વાળું, બહારની તરફ વિશાળ રવેશ અર્થાત્ વરંડાવાળું, પ્રાપ્ય સ્થાનને અનુરૂપ લંબચોરસ આકાર પ્રમાણેનું, બહારના વિશ્વ સાથે દશ્ય સંપર્ક જળવાઈ રહે તે માટે બનાવાય વિશાલ બારીઓવાળું આ મકાન પ્રારંભિક ધોરણે નજર તો આકર્ષે, પરંતુ પ્રાથમિક આકર્ષણ બાદ નજરને જકડી રાખવાનું સામર્થ્ય તેનામાં નથી. એકવાર આકસ્મિક રીતે નજર ત્યાં પહોંચી પણ જાય પણ તે પછી અનેક પ્રશ્નો મનમાં ઉદ્ભવે.

સાંપ્રત સમયમાં મકાન આકર્ષક બની શકે તે માટે ક્યાંક પથરા જડવામાં આવે છે તો ક્યાંક પતરાં, અહીં જાળી જડી દેવામાં આવી છે. પતરાના જડતરમાં દરેક પતરું અંગ પોતાનું અલગ અસ્તિત્વ વ્યક્ત કરે તે જરૂરી હોય, નહિતર મકાન ફેક્ટરી જેવું લાગે. પથ્થરના જડતરમાં ચોક્કસ પ્રકારની શૈલી અભિવ્યક્ત થાય તે આવશ્યક ગણાય. જ્યારે જડતર ફેબ્રિક સમાન – કપડાં સમાન જાળીનું હોય ત્યારે સ્વાભાવિક રીતે કપડાંને અનુરૂપ બાંધકામ તેમજ માળખું તૈયાર થાય તે જરૂરી બને. કોઈપણ સંજોગોમાં જડતર જો મકાનની ઉપયોગીતામાં સહાયક ન થતું હોય, મકાનનું મૂળ દશ્ય અનુભૂતિમાં સકારાત્મક ફાળો ન આપવું, જડતર એક અનિચ્છનીય પરદેશી ઘટના તરીકે સ્થાપિત થતું હોય તો સમાજ પ્રશ્નો તો પૂછે જ.

સાંપ્રત સમયમાં મકાનને આકર્ષક બનાવવા જે જે નુસખા અજમાવવામાં આવે છે તે, સામાન્ય રીતે સ્થાપત્યના મૂળ હાર્દથી વિપરીત ઘટના બની રહે છે. આ પ્રકારના આવરણની આવશ્યકતા ત્યારે જ ઊભી થઈ, જ્યારે મૂળ અને મુખ્ય રચના યાંત્રિક પરિણામ સમાન હોય. જ્યારે, જે તે કારણોસર ઉપયોગીતાની માત્રા અને તેનો પ્રકાર મહત્ત્વનાં બની રહે ત્યારે બાહ્ય આવરણની આવશ્યકતા ઊભી થાય. મુખોટાની જરૂર ત્યારે પડે જ્યારે ચહેરો કાં તો સુંદર ન હોય કાં તો જે તે ભાવના સ્થાપિત કરવા સમર્થ ન હોય. ■

# મારા પિતાની કમેન્ટ બદલ હું ધોની અને કપિલની દિલથી માફી માગું છું: યુવરાજ સિંહ



નવી દિલ્હી: ભૂતપૂર્વ ભારતીય પેસ બોલર યોગરાજ સિંહ તેમના દીકરા યુવરાજ સિંહની આંતરરાષ્ટ્રીય કારકિર્દી ખોરવાઈ ગઈ હતી તેમ જ પછીથી વહેલી પૂરી થઈ ગઈ હતી એવા આક્ષેપ સાથે ભૂતકાળમાં ઘણી વખત મહેન્દ્રસિંહ ધોનીની આકરા શબ્દોમાં ટીકા કરી ચૂક્યા છે અને પોતાની કરીઅરમાં કપિલ દેવ તેમને નડ્યા હતા એવું પણ ઘણી વાર કહી ગયા છે, પરંતુ યુવરાજ સિંહે તેના પિતાના બધા બફાટ બદલ ધોની તેમ જ કપિલ દેવની માફી માગી છે.

ધોની કે કપિલે સજ્જનતા બતાવીને ક્યારેય યોગરાજ સિંહના બબડાટ બદલ મીડિયામાં સામી પ્રતિક્રિયા નથી આપી અને કોઈ વિવાદ પણ ઊભો નથી કર્યો. જોકે ખુદ યુવરાજે તાજેતરમાં એક જાણીતા પૉડકાસ્ટ પરના ઇન્ટરવ્યૂમાં ધોની તેમ જ કપિલની માફી માગતા કહ્યું છે 'મારા પિતાની ટિપ્પણીઓ ઠીક ન કહેવાય અને હું બન્ને દિગ્ગજોની માફી માગું છું. ખુદ ધોની અને કપિલ સારી રીતે જાણે છે કે મારા પિતાએ જે ટિપ્પણીઓ કરી છે એ તેમના વિચારો છે, મારા નથી.'

યોગરાજ સિંહ ઘણી વખત કહી ચૂક્યા છે કે તેમના પુત્રએ ટીમ ઇન્ડિયામાંથી વહેલું નીકળી જવું પડ્યું એ માટે કૅપ્ટન ધોની જવાબદાર હતો. યોગરાજે એવી કમેન્ટ કરી હતી કે '૨૦૧૧ના વન-ડે વર્લ્ડ કપ બાદ મારો પુત્ર ફરી ટીમ ઇન્ડિયામાં સામેલ થવા કૅન્સર સામે સફળતાથી લડ્યો હતો. જોકે પછીથી ૨૦૧૯ના વર્લ્ડ કપમાં પણ તેને રમવું હતું, પરંતુ ધોનીને કારણે તેને ટીમમાં પાછું નહોતું આવવા મળ્યું અને છેવટે નિવૃત્તિ જાહેર કરી દેવી પડી હતી. હું એ બદલ રાંચીના એ માણસને ક્યારેય માફ નહીં કરું.'

કપિલ દેવ યુવાનીના સમયકાળમાં નૉર્થ ઝોન તથા હરિયાણાની ટીમના સુકાની હતા અને ત્યારે પોતાને કારણ વગર ડ્રૉપ કરવામાં આવ્યો હોવાનું યોગરાજ સિંહનું કહેવું છે. યોગરાજે એ બદલ કપિલની ભૂતકાળમાં ઘણી ટીકા કરી હતી. જોકે યુવરાજ સિંહે પૉડકાસ્ટ પરની પેટછૂટી વાતચીતમાં કહ્યું છે, 'મારા પિતાએ કરેલી ટિપ્પણીઓ બદલ હું કપિલ અને ધોની, બન્નેની માફી માગું છું. કપિલ પાજી ભારતના મહાન ક્રિકેટર છે. હા, મારા પિતા સાથે તેમના કેવા સંબંધો હતા એ હું નથી જાણતો, કારણકે હું ત્યારે જન્મ્યો પણ નહોતો. ધોની સાથે હું ઘણું રમ્યો છું. એ સમયમાં મારી ઘણી અપેક્ષાઓ હતી, પણ મેં મારા પિતાને કહ્યું છે કે તમે જે ટિપ્પણીઓ કરી રહ્યા છો એ ઠીક ન કહેવાય, કારણકે એની સીધી મારી પ્રતિભા પર અસર પડે. હું તેની સાથે રમ્યો છું એટલે તમે તેના (ધોની) વિશે આવું બધુ ન બોલો તો સારું.' ■

## શ્રેયસની હાફ સેન્ચુરી મૅચ-વિનિંગ, મ્હાત્રેના ૭૩ રન પાણીમાં

# પંજાબ ફરી જીતીને પૉઇન્ટ્સમાં ટૉપ પર

ચેન્નઈ: શ્રેયસ ઐયરની કૅપ્ટન્સીમાં પંજાબ કિંગ્સે શુક્રવારે અહીં યજમાન ચેન્નઈ સુપર કિંગ્સને સંઘર્ષપૂર્ણ છતાં રોમાંચક મુકાબલામાં પાંચ વિકેટે હરાવીને પૉઇન્ટ્સ-ટેબલમાં મોખરાનું સ્થાન મેળવ્યું હતું. તમામ ૧૦ ટીમમાં માત્ર પંજાબના ચાર પૉઇન્ટ છે, જ્યારે રાજસ્થાન તેમ જ બેંગ્લૂરુ, મુંબઈ, દિલ્હી અને હૈદરાબાદના બે-બે પૉઇન્ટ છે. ગુજરાત, લખનઊ, કોલકાતા, ચેન્નઈએ હજી ખાતું નથી ખોલાવ્યું. પંજાબના બૅટ્સમેનોમાં કૅપ્ટન શ્રેયસ ઐયર (૫૦ રન, ૨૯ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર)નું સૌથી મોટું યોગદાન હતું.

પંજાબે ૨૧૦ રનનો લક્ષ્યાંક ૧૮.૪ ઓવરમાં પાંચ વિકેટના ભોગે મેળવી લીધો હતો. સતત બીજી મૅચમાં ઑસ્ટ્રેલિયન બૅટ્સમૅન કૂપર કૉનોલી (૩૬ રન, બાવીસ બૉલ, છ ફોર) પાસે મૅચ-વિનિંગ પર્ફોર્મન્સની આશા હતી, પણ અંશુલ કંબોજે તેને લાંબુ ટકવા નહોતો દીધો. એ અગાઉ પ્રિયાંશ આર્ય (૩૯ રન, ૧૧ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) અને વિકેટકીપર પ્રભસિમરન સિંહ (૪૩ રન, ૩૪ બૉલ, એક સિક્સર, છ ફોર)ની જોડીએ ૬૧ રનની ઓપનિંગ ભાગીદારી કરીને જીતનો પાયો નાખી આપ્યો હતો. મૅટ હેન્રી અને કંબોજે બે-બે વિકેટ મેળવી હતી.

એ પહેલાં, ચેન્નઈએ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૦૯ રન કર્યા હતા જેમાં વનડાઉન બૅટ્સમૅન આયુષ મ્હાત્રે (૭૩ રન, ૪૩ બૉલ, પાંચ સિક્સર, છ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. કૅપ્ટન ગાયકવાડ (૨૮ રન) લાંબી ઇનિંગ્સ નહોતો રમી શક્યો, પણ તેણે મ્હાત્રે સાથે બીજી વિકેટ માટે ૯૬ રનની ભાગીદારી કરી હતી.

### ૧૪.૨૦ કરોડવાળો કાર્તિક શર્મા એક જ રનમાં આઉટ

શિવમ દુબે (૪૫ અણનમ, ૨૭ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) તેમ જ સરફરાઝ ખાન (૩૨ રન, ૧૨ બૉલ, એક સિક્સર, છ ફોર)ના સાધારણ છતાં ઉપયોગી યોગદાન હતા.

જોકે ચેન્નઈએ ૧૪.૨૦ કરોડ રૂપિયામાં ખરીદેલો કાર્તિક શર્મા ત્રીજા જ બૉલ પર પોતાના એક રનના સ્કોરે આઉટ થઈ ગયો હતો.

પંજાબ વતી વિજયકુમાર વૈશાકે સૌથી વધુ બે વિકેટ લીધી હતી. ચહલ, બાર્ટલેટ તથા યેનસેને એક-એક વિકેટ મેળવી હતી. ■

# હેડને ગુજરાતના ડગઆઉટમાંથી કચરો ઉપાડ્યો, ભારતીયોને બોધ શીખવ્યો

ન્યૂ ચંડીગઢ: મંગળવારે અહીંના મેદાન પર પંજાબ કિંગ્સ સામેની મૅચ વખતે ઑસ્ટ્રેલિયાના મહાન બૅટ્સમૅન અને ગુજરાત ટાઇટન્સના બૅટિંગ-કોચ મૅથ્યૂ હેડને એવું કામ કર્યું જેનાથી તેણે અનેકના દિલ જીતી લીધા છે તેમ જ તેના આ કાર્ય પરથી ભારતીયોએ શીખવા જેવું છે એવી ટિપ્પણી થઈ રહી છે.

આ બનાવને લગતો વીડિયો અને ફોટો પંજાબ-ગુજરાત વચ્ચેની મૅચનો હોવાનું અહેવાલમાં જણાવાયું હતું. આ વીડિયો ગુજરાત ટાઇટન્સની ટીમના 'એક્સ' પરના સત્તાવાર હૅન્ડલ પર શૅર કરવામાં આવ્યો હતો. ગુજરાતનો આ મૅચની અંતિમ ઓવરમાં ત્રણ વિકેટે પરાજય થયો હતો.



૫૪ વર્ષીય મૅથ્યૂ હેડન બાઉન્ડરી લાઇન તેમ જ ગુજરાતની ટીમના ડગઆઉટમાંથી અને એની આસપાસના ભાગમાંથી પ્લાસ્ટિકની બૉટલ તેમ જ અન્ય કચરો ઉપાડીને કચરાપેટીમાં નાખતો જોવા મળ્યો હતો.

સોશ્યલ મીડિયામાં કેટલાક ક્રિકેટપ્રેમીઓએ મૅથ્યૂ હેડનની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે તેણે શાંતિપૂર્વક કચરો ઉપાડીને ડસ્ટબિનમાં ફેંક્યો હતો. એક ક્રિકેટ ચાહકે એક્સ પર હેડન વિશે લખ્યું હતું, 'મેદાન પર તેમ જ મેદાનની બહાર પણ લેજન્ડ.'

અન્ય એક જણે લખ્યું, 'મોટા દિલવાળો હેડન.' અન્ય એક જણે લખ્યું, 'આશા રાખીએ આપણે આ સુપરસ્ટાર પરથી કંઈક શીખીશું.' ■

# પાકિસ્તાનના મેદાન પરની ચકમકમાં વૉર્નર અને મોઇન એકમેકની નજીક આવી ગયા!



લાહોર: પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં ગુરુવારે રાવલપિંડીઝ સામેની મૅચમાં કરાચી કિંગ્સના કૅપ્ટન ડેવિડ વૉર્નર અને આ જ ટીમના ઑલરાઉન્ડર મોઇન અલી વચ્ચે થોડી ગરમાગરમી થઈ હતી અને એકમેકની નજીક આવી ગયેલા બન્ને ખેલાડીને ઠંડા પાડવા ટીમના ડિરેક્ટર હૈદર અઝહરે દોડી આવવું પડ્યું હતું. કરાચી કિંગ્સે રાવલપિંડીઝને મૅચની અંતિમ ઓવરમાં પાંચ વિકેટે હરાવીને સતત ત્રીજી મૅચ જીતી લીધી હતી. એ મૅચમાં મોઇન એક પણ વિકેટ નહોતો લઈ શક્યો અને મૅચની અંતિમ ક્ષણોમાં (૨૦મી ઓવરના પ્રથમ બૉલમાં) એલબીડબ્લ્યૂ થતાં કરાચી કિંગ્સના ખેલાડીઓ અને ચાહકોના જીવ અધ્ધર થઈ ગયા હતા. જોકે અબ્બાસ આફ્રિદીએ મોઇનના સ્થાને બૅટિંગમાં આવ્યા બાદ (ડેરિલ મિચલની એ ઓવરના) પહેલા જ બૉલમાં સિક્સર ફટકારીને કરાચી કિંગ્સને રોમાંચક વિજય અપાવ્યો હતો. સલામતીના કારણસર પીએસએલની મૅચોમાં પ્રેક્ષકોને સ્ટેડિયમમાં આવવાની મનાઈ છે.

મૅચ પછી થોડી વાર બાદ વૉર્નર અને મોઇન વચ્ચે બોલાચાલી થતાં પરિસ્થિતિ તંગ થઈ ગઈ હતી. આ ઝઘડાનું કારણ તો સ્પષ્ટ નહોતું થયું, પણ એવું મનાય છે કે મોઇન આખરી ઓવરમાં આઉટ થઈ ગયો એ મુદ્દે તકરાર થઈ હતી.

આઇપીએલની સામે પીએસએલની લોકપ્રિયતા ખૂબ જ ઓછી છે, પરંતુ આવી કોઈ ઘટનાને લીધે પાકિસ્તાની ટૂર્નામેન્ટની સોશ્યલ મીડિયામાં ચર્ચા થઈ જતી હોય છે. ■

# મુંબઈ સામે આજે દિલ્હીનો હોમગ્રાઉન્ડ પર મુકાબલો, વરસાદની સંભાવના

નવી દિલ્હી: અહીં આજે મુંબઈ ઇન્ડિયન્સ અને યજમાન દિલ્હી કૅપિટલ્સ વચ્ચે મૅચ (બપોરે ૩.૩૦ વાગ્યાથી) રમાશે અને એમાં બે ગુજરાતી કૅપ્ટન સામસામે રમશે. એક તરફ હાર્દિક પંડ્યાના નેતૃત્વમાં મુંબઈની ટીમ ગયા રવિવારે જીત્યા બાદ વિજયની પરંપરા ચાલુ રાખવા કમર કસશે ત્યાં બીજી તરફ અક્ષર પટેલની કૅપ્ટન્સીમાં દિલ્હીની ટીમ પહેલી મૅચ મહા મહેનતે જીત્યા બાદ હવે આજે વધુ ક્ષમતાથી રમીને આસાન વિજય મેળવવા મક્કમ બનશે. મુંબઈએ રવિવારે વાનખેડેમાં કોલકાતાને પાંચ બૉલ બાકી રાખીને છ વિકેટે હરાવ્યું હતું તો દિલ્હીએ બુધવારે લખનઊ સામે ૨૬ રનમાં ચાર વિકેટ ગુમાવ્યા પછી છેવટે છ વિકેટના ભોગે મૅચ જીતી લીધી હતી.

આજની મુંબઈ-દિલ્હી મૅચમાં વરસાદ પડી શકે. મુંબઈ રવિવારે ૧૪ વર્ષે સીઝનની પ્રથમ મૅચ જીતવામાં સફળ થયું હતું. મિચલ સૅન્ટનર મુંબઈની ટીમ સાથે જોડાઈ ગયો છે.

### આજે બીજી મૅચ અમદાવાદમાં

અમદાવાદમાં આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) નવી સીઝનની પહેલી મૅચ રમાશે જેમાં યજમાન ગુજરાતનો મુકાબલો રાજસ્થાન સામે થશે. યાદ અપાવવાની કે ગયા વર્ષની આઇપીએલમાં રાજસ્થાનના વૈભવ સૂર્યવંશીએ ૧૪ વર્ષની ઉંમરે ૩૫ બૉલમાં ભારતીય તરીકેની ફાસ્ટેસ્ટ સદી ગુજરાત સામે જ ફટકારી હતી. ■

# મેં તો ગોયેન્કા પર પ્રતિબંધ જ મૂકી દીધો હોત: લલિત મોદી

લખનઊ: લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ના માલિક સંજીવ ગોયેન્કા બે વર્ષ પહેલાં ટીમના એ સમયના કૅપ્ટન કે. એલ. રાહુલ પર સ્ટેડિયમમાં જાહેરમાં ગુસ્સે થયા હોવાનો વીડિયો અને ફોટા વાઇરલ થયા ત્યાર બાદ ગયા વર્ષે તેમ જ આ વખતે સુકાની રિષભ પંત પર પણ ક્રોધે ભરાયા હોવાની ચર્ચા વચ્ચે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના ભૂતપૂર્વ કમિશનર લલિત મોદીએ લંડનથી સોશ્યલ મીડિયામાં જણાવ્યું છે કે આઇપીએલમાં ગોયેન્કા પર પ્રતિબંધ જ મૂકી દેવો જોઈએ.

બુધવારે દિલ્હીએ વિજય મેળવ્યો હતો અને લખનઊના હાથમાં આવેલી બાજી છીનવાઈ ગઈ હતી.

આ મૅચ બાદ ગોયેન્કા કૅપ્ટન પંત તેમ જ કોચ જસ્ટિન લૅન્ગર સાથે વાતચીત કરી રહેલા જોવા મળ્યા હતા. સોશ્યલ મીડિયામાં વાઇરલ થયેલા વીડિયો-ફોટો મુજબ ગોયેન્કા ટીમ મૅનેજમેન્ટ પર ગુસ્સે હતા. જોકે આ વીડિયો અને ફોટો પરથી પ્રતિક્રિયા સ્પષ્ટ નહોતી થતી.

લલિત મોદીએ 'એક્સ' પરની પોસ્ટમાં લખ્યું છે, 'મેં અગાઉ કહ્યું જ હતું કે લખનઊની ટીમના માલિક ડૉ. સંજીવ ગોયેન્કા લુઝર અને જોકર છે. તેમનું આવું વર્તન જોઈને મારું માથું શરમથી ઝૂકી જાય છે. મેં ક્રિકેટચાહકો અને ખેલાડીઓ માટે આઇપીએલનું સર્જન કર્યું હતું, તેમનું આવું વર્તન વારંવાર, દર વર્ષે જોવા મળી રહ્યું છે. હું જો હજી પણ આઇપીએલનો ચૅરમૅન અને કમિશનર હોત તો મેં તાબડતોબ આઇપીએલમાં ગોયેન્કા પર પ્રતિબંધ મૂકી દીધો હોત અને કાયમ માટે તેમની પાસેથી ફ્રૅન્ચાઇઝીની માલિકી પાછી લઈ લીધી હોત. તેઓ ઉદ્ધત અને બીજા કરતાં પોતાને કંઈક વિશેષ માનનારી વ્યક્તિ છે. (તેમની સામે પગલું લેવા સંબંધમાં) બીસીસીઆઇમાં ફ્રૅન્ચાઇઝીઓ સાથેના કરારમાં એક કલમ છે જ અને એનો અમલ કરવો જોઈએ. તેમની પાસે (ટીમના માલિક તરીકેની) સત્તા ભલે હોય, પણ તેમના વર્તનને હળવાશથી ન લેવું જોઈએ. ફૅન્સ અને પ્લેયર્સ બધું યાદ રાખતા હોય છે.'

ખરેખર તો લલિત મોદીની આ પોસ્ટ ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ કૅપ્ટન માઇકલ વૉનની ટિપ્પણી પરની પ્રતિક્રિયાના રૂપમાં હતી. માઇકલ વૉને ગોયેન્કાના કથિત વર્તન બાબતમાં 'એક્સ' પર જણાવ્યું હતું કે 'હજી તો ટૂર્નામેન્ટમાં (લખનઊની) એક જ મૅચ થઈ છે...આવું (વર્તન) કરવાની જરૂર નથી.'

જોકે લખનઊના ફ્રૅન્ચાઇઝીએ 'એક્સ' પર એક વીડિયો મૂકીને એ ખુલાસો કરવાની કોશિશ કરી હતી કે રિષભ પંત અને ગોયેન્કા વચ્ચે બધું ઠીક ચાલી રહ્યું છે અને મૅચ પછી ગોયેન્કા ક્રોધે ભરાયા હોવાની વાતો માત્ર અટકળ છે. આ વીડિયોમાં પંત મેદાનની બહાર આવ્યો ત્યારે ગોયેન્કાએ ઉત્સાહપૂર્વક 'હાઇ-ફાઇવ'થી તેનું સ્વાગત કર્યું હતું અને પંત તેમ જ લૅન્ગરે ગોયેન્કા સાથે હસીને ઘણી વાતો કરી હતી. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પાક | બૂમબરાડા |
| પાકટ | ઢોંગ |
| પાખંડ | ઊપજ |
| પાખાડો | સદાચારી |
| પાકદામન | પુખ્ત વયનું |

## જાણવા જેવું

એવરેસ્ટ સહિત અનેક પર્વતોની ઊંચાઈ વધતા વર્ષો લાગી જાય છે જ્યારે વર્ષોની વધેલી ઊંચાઈ ઘટવા કેટલીક મિનિટો કાફી થઈ પડતી હોય છે. માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ સમુદ્રના સ્તરથી વધી ૨૯૦૩૧.૬૯ ફૂટ થઈ ગઈ છે. ૧૯૩૪ના ધરતીકંપને કારણે ૧૫૦ વર્ષ સુધી સતત વધેલી ઊંચાઈ પળવારમાં ધોવાઈ ગઈ હતી.

## ગુજરાત મોરી મોરી રે


અનેક ગુજરાતી નાટકોમાં અનેકવિધ ભૂમિકા કરનારાં કેતકી દવેના રસિક દવે સાથેના નાટકનું નામ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) સવિતા દામોદર પરાંજપે
બ) સખા સહિયારા
ક) અનમેરિડ હસબન્ડ
ડ) સુવર્ણલતા

## નોંધી રાખો

*સમય બડો બળવાન છે એ ક્યારેય ન ભૂલવું જોઈએ. વખત તમને જેટલો રગદોળે, એટલો જ ચમકાવે પણ છે.*

## શબ્દલાલિત્ય




### આડી ચાવી

૧ સદ્ધર, પૈસાદાર (૫)
૪ નોકર, હજૂરિયો (૪)
૭ એક અંગ્રેજી તોલમાપ (૨)
૮ લગની, હઠ (૨)
૯ પવનની ધીમી લહેર (૪)
૧૧ ગાનારો (૩)
૧૩ સવાગણું, ચડિયાતું (૩)
૧૪ ભ્રમ (૨)
૧૫ કચરો, ગંદકી (૨)
૧૮ અક્કલ હીન, બેવકૂફ (૩)
૧૯ જુદું, છેટું (૩)
૨૧ અધિકારી આગળ રજૂ કરાતી હકિકત (૪)
૨૩ દાવાનળ (૨)
૨૪ શઠ, ધૂર્ત (૨)
૨૫ બાવરાપણું, ઉતાવળનો ગભરાટ (૪)
૨૬ વારસામાં ઊતરેલું (૫)

### ઊભી ચાવી

૧ કજિયો, અણબનાવ (૪)
૨ ----, મોતી ને કાચ તૂટ્યા પછી સંધાય નહીં (૨)
૩ ધોળું, શુભ્ર (૩)
૪ પારખનાર, પરીક્ષા કરનાર (૩)
૫ વહાણના થાંભલાને બાંધવામાં આવતું કપડું (૨)
૬ નિર્જલ, પાણી વિનાનું (૪)
૧૦ ધાસ્તી (૩)
૧૨ દરદીને કોણ વહાલ? (૨)
૧૩ પતિવ્રતા સ્ત્રી (૨)
૧૫ ખીલી (૨)
૧૬ ઇલાજ (૩)
૧૭ લતા (૨)
૧૮ વર્ણમાળાના મૂળ અક્ષરો (૪)
૨૦ બેદરકારી, અસાવધતા (૪)
૨૧ રામને નદી પાર કરાવનાર ભીલ (૩)
૨૨ તૈયાર (૩)
૨૩ ઔષધ (૨)
૨૪ ગ્રહ (૨)

### ગયા વખતનો ઉકેલ



## ઓળખાણ પડી?

આઈપીએલ ક્રિકેટ સ્પર્ધામાં 'મુંબઈ ઈન્ડિયન્સ' ટીમ વતી રમતા દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમના ખેલાડીની ઓળખાણ પડી?

અ) મિલર
બ) ક્વીંટોન ડી કોક
ક) રિકલ્ટન
ડ) મારર્કમ



## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

દેખાવમાં જાંબુને મળતું આવતું અને ખટમીઠો સ્વાદ ધરાવતા ફળનું નામ જણાવો. એનો જ્યૂસ પણ હોંશે હોંશે પીવાય છે.

અ) ચેરી બ) શેતુર ક) એપ્રિકોટ ડ) ફાલસા

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૬૧, ૭૬, ૧૦૬, ૧૫૧ .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૧૫૧ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૭૧ બ) ૧૯૦ ક) ૨૧૧ ડ) ૨૨૬

## સુડોકુ-૯૨૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | | ૪ | ૭ | ૫ | | ૯ |
| | ૫ | ૬ | | | | | | ૮ |
| | | | ૮ | | ૧ | ૩ | | ૪ |
| | | | | ૬ | ૨ | ૭ | ૩ | |
| | ૪ | | ૭ | | ૮ | | ૯ | |
| | ૭ | ૨ | ૯ | ૩ | | | | |
| ૯ | | ૪ | ૧ | | ૩ | | | |
| ૨ | | | | | | ૪ | ૧ | |
| ૫ | | ૩ | ૨ | ૭ | | ૯ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૬૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૨ | ૪ | ૬ | ૧ | ૫ | ૯ | ૩ |
| ૯ | ૪ | ૧ | ૩ | ૭ | ૫ | ૬ | ૮ | ૨ |
| ૬ | ૫ | ૩ | ૮ | ૨ | ૯ | ૭ | ૪ | ૧ |
| ૨ | ૯ | ૪ | ૫ | ૧ | ૮ | ૩ | ૬ | ૭ |
| ૧ | ૩ | ૫ | ૭ | ૪ | ૬ | ૯ | ૨ | ૮ |
| ૭ | ૮ | ૬ | ૯ | ૩ | ૨ | ૧ | ૫ | ૪ |
| ૩ | ૨ | ૭ | ૬ | ૫ | ૪ | ૮ | ૧ | ૯ |
| ૫ | ૧ | ૯ | ૨ | ૮ | ૩ | ૪ | ૭ | ૬ |
| ૪ | ૬ | ૮ | ૧ | ૯ | ૭ | ૨ | ૩ | ૫ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પરાંત | સિલક |
| પરાઈ | પારકી |
| પરાળ | સૂકું ઘાસ |
| પરોઢ | મળસકું |
| પરિષદ | અપ્રત્યક્ષ |

ગુજરાત મોરી મોરી રે:
એવમ ઈંદ્રજિત
ઓળખાણ પડી?
રાશિદ ખાન
માઈન્ડ ગેમ :
૨૩૦
ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
રાયણ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) નીતા દેસાઈ (૨) પુષ્પા ખોના (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) મુલરાજ કપૂર (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) નૈશધ દેસાઈ (૯) તાહેર ઔરંગાબાદવાલા (૧૦) શીરીન ઔરંગાબાદવાલા (૧૧) સુભાષ મોમાયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) ભારતી બુચ (૧૪) હર્ષા મહેતા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) પુષ્પા પટેલ (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) મીનલ કાપડિયા (૧૯) લજિતા ખોના (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કજરિયા (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) પ્રવીણ વોરા (૨૮) વિણા સંપટ (૨૯) અંજુ ટોલિયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) કમલ માતલિયા (૩૨) ભાવના કર્વે (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) ડાયના સંતોકે (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) રમેશ દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હિના દલાલ (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) વિજય આસર (૪૧) નિતીન જયંતિલાલ બજરિયા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) મહેશ દોશી (૪૯) ચેતના છેડા (૫૦) કિરીટ છેડા

# મહારાષ્ટ્રની તિજોરી ખાલીઃ સાતમી એપ્રિલથી બધા જ વિકાસકામો થશે ઠપ

## ડેવલપર્સ અને કોન્ટ્રાક્ટરોના પેમેન્ટ ચૂકવવા માટે સરકાર પાસે ભંડોળ નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની સરકાર અત્યારે આર્થિક નાદારીની સ્થિતિમાં પહોંચી ગઈ છે અને નવેમ્બર ૨૦૨૫ માં ખૂબ જ ધામધૂમથી રચાયેલી નવી સરકારને હવે ૧૭ મહિના થઈ ગયા છે. બજેટમાં વચનોનો વરસાદ થયો છે, વાસ્તવમાં તિજોરી ખાલી છે. આ વાત નીચેના આંકડાઓ પરથી સમજી શકાય છે. ગયા વર્ષ ૨૦૨૫-૨૬માં, બધા વિભાગોએ રાજ્યના વિકાસ કાર્યોને મંજૂરી આપી ન હતી, પરંતુ સરકાર આર્થિક રીતે મુશ્કેલીમાં છે. આ બાબત ગંભીર છે. ગયા વર્ષે કૉન્ટ્રેક્ટરોના ૧,૧૬,૫૦૦ કરોડ રૂપિયા લેણા હતા અને આ વર્ષે આ બાકી રકમ ૯૬,૪૦૦ કરોડ છે. આનો અર્થ એ થયો કે સરકારે ૧૭ મહિનામાં રાજ્યના ૩ લાખ કોન્ટ્રાક્ટરો અને ડેવલપર્સને માત્ર ૨૦,૦૦૦ હજાર કરોડ રૂપિયા આપ્યા છે, આવી સ્થિતિમાં રાજ્યના કૉન્ટ્રેક્ટરોએ હવે સાતમી એપ્રિલથી રાજ્યના બધા જ વિભાગોના કામ બંધ કરવાનો નિર્ણય લીધો છે.

જાહેર બાંધકામ વિભાગના રસ્તાઓ અને મકાન સમારકામની ગયા વર્ષે ચૂકવણીની બાકી રકમ ૩૭૦૦૦ હજાર કરોડ હતી, હવે આ વર્ષે હજુ પણ ૨૯૦૦૦ હજાર કરોડ બાકી છે.

જળજીવન મિશન અને મહારાષ્ટ્ર રાજ્ય જીવન (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં અતિવૃષ્ટિ દરમ્યાન પાણીનો ઝડપી નિકાલ થશે

## બ્રિટિશ કાળની ડ્રેનેજ લાઈનનું આયુષ્ય ૫૦ વર્ષથી વધી જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આગામી વર્ષોમાં અતિવૃષ્ટિ દરમ્યાન મુંબઈને પાણી ભરાવવાની સમસ્યાથી છૂટકારો મળવાની શક્યતા છે. મુંબઈ મહાનગરપાલિકાએ ટ્રેન્ચલેસ ટૅક્નોલોજી સાથે જિઓપોલિમર લાઈનિંગનો ઉપયોગ કરીને મુંબઈની ૧૦૦ વર્ષથી વધુ જૂની અંડરગ્રાઉન્ડ સ્ટોર્મ વોટર ડ્રેઈન (અંડરગ્રાઉન્ટ ગટરલાઈન)ને મજબૂત બનાવવાનું કામ હાથ ધર્યું છે. આનાથી તેમનું ઓછામાં ઓછું આયુષ્ય ૫૦ વર્ષ વધશે. તેમજ પાણીનો પ્રવાહ કરવાની તેની કાર્યક્ષમતા પણ સુધારો થવાથી ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થશે. તેમ જ ભવિષ્યમાં જળબંબાકાર થવાની સમસ્યામાં પણ રાહત મળશે એવો દાવો (જુઓ પાનું ૪) ▶▶




**પશ્ચિમ એશિયા સંઘર્ષ**

# પીડિતના પરિવારે હાઈ કોર્ટમાં અરજી કરીને મૃતદેહ પરત લાવવાની માગ કરી

મુંબઈઃ ઓમાનના દરિયાકાંઠે એક વેપારી જહાજ પર થયેલા શંકાસ્પદ હુમલામાં ગયા મહિને મૃત્યુ પામેલા નાવિક દીક્ષિત સોલંકીના પરિવારે બોમ્બે હાઈ કોર્ટમાં અરજી કરી છે, જેમાં તેમના મૃતદેહને દેશમાં પરત લાવવાની માગ કરવામાં આવી છે.

સોલંકીના પિતા અમૃતલાલ સોલંકી અને બહેન મિતાલી સોલંકી દ્વારા વકીલો એસ.બી. તલેકર અને માધવી અયપ્પન દ્વારા દાખલ કરાયેલી અરજીમાં અધિકારીઓ તરફથી સ્પષ્ટતાના અભાવનો દાવો કરીને કેન્દ્ર સરકારને તેમનો મૃતદેહ ઝડપથી સ્વદેશ પરત લાવવાના નિર્દેશો આપવાની માંગ કરવામાં આવી છે. મૃત્યુ પછી પણ વ્યક્તિનો ગૌરવનો મૂળભૂત અધિકાર સાબૂત રહે છે, તે આધારે આ અરજી કરવામાં આવી છે.

આ અરજીની સુનાવણી છઠ્ઠી એપ્રિલે મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખરની અધ્યક્ષતાવાળી બેન્ચ દ્વારા કરવામાં (જુઓ પાનું ૪) ▶▶

# વસઈ-વિરારમાં આજથી સાત દિવસ પાણીના ધાંધિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વસઈ-વિરારના રહેવાસીઓને આવતા અઠવાડિયા સુધી પાણીની હાલાકીનો સામનો કરવો પડવાનો છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા સુર્યા પાણી પુરવઠા યોજનાના બીજા ફેઝ અંતર્ગત આવતા ટેક્નિકલ કામ પૂરા કરવા માટે શનિવાર, ચાર એપ્રિલથી દસ એપ્રિલ સુધી સાત દિવસનો શટડાઉન લેવામાં આવ્યો છે. આ સમયગાળા દરમ્યાન એમએમઆરડીએ દ્વારા પાણીપુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે. તેથી નાગરિકોને પાણીનો (જુઓ પાનું ૪) ▶▶

**ક્યાં વિસ્તારમાં ક્યારે પાણી બંધ રહેશે?**

૪ એપ્રિલ- વિરાર પૂર્વ અને પશ્ચિમ
૫ એપ્રિલ- નાલાસોપારા પૂર્વ અને પશ્ચિમ
૬ એપ્રિલ- નવઘર, વસઈ
૭ એપ્રિલ- વિરાર પૂર્વ અને પશ્ચિમ
૮ એપ્રિલ- નાલાસોપારા પૂર્વ અને પશ્ચિમ
૯ એપ્રિલ -નવઘર, વસઈ
૧૦ એપ્રિલ - વિરાર પશ્ચિમ અને નાલાસોપારા પશ્ચિમ

# પાણીનું ગળતર શોધી કાઢવા ટીમ તહેનાત કરવાનો આદેશ

## દૂષિત પાણીની ફરિયાદનો તાત્કાલિક ઉકેલ લાવવા પણ કહ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના અનેક વિસ્તારોમાં યોગ્ય પ્રમાણમાં પાણીપુરવઠો થતો ન હોવાની ફરિયાદો સતત નાગરિકો દ્વારા કરવામાં આવી રહી છે. અપૂરતા પાણીની સાથે જ દૂષિત પાણીની સમસ્યાને ધ્યાનમાં રાખીને પાઈપલાઈનમાં રહેલા ગળતરને તાત્કાલિક શોધી કાઢવા માટે તેમ જ ગળતર શોધવા માટે આવશ્યક ઠેકાણે ટીમ તહેનાત કરવાનો નિર્ણય મુંબઈ મહાનગરપાલિકાએ લીધો છે. પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે ગુરુવારે પાણીપુરવઠા વિભાગના અધિકારીઓ સાથે એક બેઠક યોજી હતી, જેમાં મુંબઈના અનેક (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

આસામ-મેઘાલય-અરૂણાચલ-ઉ.માર્ચ-મે દાવકી,શિલોંગ,દિ.૧૨,રૂા.૪૯,૦૦૦/-
સિક્કીમ દાર્જિલીંગ દિ.૧૦,રૂા.૪૦૦૦૦/-
સીમલા,મનાલી, ડેલહાઉસી,ઉ.એપ્રીલ-મે
સ્પીટી,કિન્નોર કાઝા,ચંદ્રતાલ, દિ.૧૦,ઉ.૨૦મે
ચારધામ એપ્રી-જૂન-દિ.૧૩
લેહ-લડાખ પેગોંગ,ટુરટુક-દિ.૯,મે-સપ્ટે,
કાશ્મીર ઉ. ૧૦ એપ્રીલ,ગુલમર્ગ
આદિકૈલાસ ઓમ પર્વત-ઉ.મે/જૂન
શ્રીલંકા દિ.૭,ઉ.મે/જૂન
ભૂતાન ઉ.મે-જૂન,દિ.૮
સીંગાપુર, મલેશિયા, ફૂકેત,કાબી
વિયેતનામ 7/11/12-Days, May, 5 Flights,1ntCruise
Vibha K Sanghavi
Since 1987 તન્વી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ 9892542448 9167970448
અમારી અન્ય કોઈ શાખા નથી




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**